નંદનંદન કે પ્યારે

નંદનંદન કે પ્યારે

સંકલન

વસંતબેન ર. પરીખ

પ્રકાશક

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

NANDNANDAN KE PYARE
by Vasantben R. Parikh

© શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

પ્રાપ્તિસ્થાન :
- **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ (રૂબરૂ અને પોસ્ટથી)**
  ૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
  મહેસાણા-૩૮૪ ૦૦૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
  ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
  Email : shpct@hotmail.com
- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)**
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
  ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : માર્ચ-૨૦૦૪
બીજી આવૃત્તિ : નવેમ્બર, ૨૦૦૪
ત્રીજી આવૃત્તિ : એપ્રિલ, ૨૦૦૭
ચોથી આવૃત્તિ : જૂન, ૨૦૧૨

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૨૦/-

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ
C1/૬૩, જી.આઈ.ડી.સી., ફેઝ-૨, દેદિયાસણ, મહેસાણા.
ફોન : (૦૨૭૬૨) ૨૨૪૨૦૪

અનુક્રમણિકા

૧. ગોપી પ્રેમકી ધ્વજા ૬
૨. પ્રીતમ પ્રીત હી તે જાય પૈયે ૧૪
૩. તેરી એક રોમકી છબિ પર જગત વારી સબ નાખું ૨૭
૪. સ્વામીના સુખ માટે સેવા ૩૩
૫. ગુરુભક્તિની ચરમસીમા ૪૧
૬. હરિ-ગુરુ-વૈષ્ણવ સરખા લેખો ૬૨
૭. ગોવિંદાકો ગાયનમેં બસવો હી ભાવે ૭૪
૮. સેવામાં આચારશુદ્ધિ ૮૫
૯. કથામાં આસક્તિ ૧૦૨

પ્રસ્તાવના

'ગોઠડી ગોવિંદની' પુસ્તક શ્રી રમેશભાઈ દ્વારા લખાયું યુવાનોના પ્રશ્નોના જવાબ સ્વરૂપે. કુશલ - નિયતિ, પ્રકાશ - જિગર, હર્ષદભાઈ અને રાગિણીબેનના પાત્રો દ્વારા - તેમના નિત્યના સત્સંગના કાર્યક્રમ દ્વારા તેમણે શ્રીવલ્લભ વચનામૃતનો રસાસ્વાદ કરાવ્યો. બ્રહ્મસંબંધ, અન્યાશ્રય, અનન્યતા, સમર્પણ, દીનતા, નિઃસાધનતા વગેરે પુષ્ટિભક્તિમાર્ગના સિદ્ધાંતો તેમણે યુવાનોથી લઈ વૃદ્ધો પણ સમજી શકે તેવી સરળ વાર્તાલાપની શૈલીમાં સમજાવ્યા. આ સિદ્ધાંતો વિશેની ગેરસમજ દૂર થાય અને સ્વકર્તવ્ય સમજાય તે રીતે સમજાવ્યા.

સિદ્ધાંતોની સમજ દ્વારા ખ્યાલ આવ્યો કે પુષ્ટિમાર્ગમાં મુખ્ય કર્તવ્ય શ્રીપ્રભુની સેવા છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છેઃ 'કૃષ્ણસેવા સદા કાર્યા' 'સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધીપઃ' સત્સંગ દ્વારા સ્વકર્તવ્ય સમજી આ યુવાન વૈષ્ણવો શ્રીપ્રભુની સેવા કરવા લાગ્યા. સેવા કરતાં તેમના મનમાં સેવા વિશે અનેક પ્રશ્નો જાગ્યા. આ નાનકડા પુસ્તકમાં શ્રીવલ્લભની કૃપાથી સેવા વિશેના એ પ્રશ્નોના જવાબો આપવાનો યત્કિંચિત પ્રયત્ન કર્યો છે. સેવા વિશે - પછી એ સેવા શ્રીપ્રભુની હોય, શ્રી ગુરુની હોય, વૈષ્ણવની હોય કે ગાયોની હોય; એનું સ્વરૂપ કેવું છે, તેમાં કેવી આચારશુદ્ધિ હોવી જોઈએ, કેવી સાવધાની રાખવી જોઈએ તેમજ પુષ્ટિમાર્ગીય પ્રેમલક્ષણા ભક્તિમાં પ્રભુમાં પ્રેમ વધે તે માટે થતું કથાશ્રવણ કેવી આસક્તિથી થવું જોઈએ વગેરે બાબતો વિશે ૮૪-૨૫૨ ભગવદીઓની વાર્તાઓના પ્રસંગો દ્વારા, વાતચીતની સરળ શૈલીમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આશા છે આ પ્રયત્ન સૌ વાચક મિત્રોને સેવા વિશેની સાચી સમજ મેળવવામાં ઉપયોગી બનશે. પ્રભુ શ્રી

નંદનંદનના પ્યારા ભક્તોની આ વાર્તાઓ 'નંદનંદનના પ્યારા' બનવા માટે માર્ગદર્શન આપશે.

શેઠ રામદાસ નટુભાઈ રીલીજીયસ ટ્રસ્ટ તરફથી યુવાનોને સ્વમાર્ગના સિદ્ધાંતોની સમજ મળે તે માટે અને તેમના ભાવની વૃદ્ધિ થાય તે માટે એક પુસ્તક તૈયાર કરી આપવાની વિનંતી થતાં આ પુસ્તક તૈયાર કરવાની પ્રેરણા મળી. એના લેખનકાર્યમાં મન સતત રત રહ્યું. ભગવદીયોની વાર્તાઓનું અવગાહન થતું રહ્યું. બે ઘડી જીવ્યાનો આનંદ મળ્યો. એ માટે આ ટ્રસ્ટ અને તેના સર્વ ટ્રસ્ટીશ્રીઓનો આભાર માનું છું. તેમના પ્રત્યે મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું અને આ ટ્રસ્ટ તરફથી યુવાનોના ભગવદ્ભાવની વૃદ્ધિ માટે સતત આ પ્રકારના પ્રયત્નો થતા રહે તેવી શુભેચ્છા સાથે વિરમું છું.

- વસંતબેન પરીખનાં
સદૈન્ય જયશ્રીકૃષ્ણ

૧. ગોપી પ્રેમકી ધ્વજા

હર્ષદભાઈ અને રાગિણીબેનના સંગથી પ્રકાશ અને જિગર સેવા કરવા લાગ્યાં છે. શ્રીગુરુદેવ પાસે સેવ્ય કરાવી શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધરાવ્યું છે. સખડીભોગ ધરે છે. સમર્પિત જીવન જીવવાની શરૂઆત કરી છે.

કુશલ અને નિયતિ પણ સમયની અનુકૂળતા થતાં સખડીભોગ ધરે છે. સવારે ચાર વાગે ઊઠી, સેવા પહોંચી, સર્વીસ ઉપર જાય છે. સાથે રાત્રિના સત્સંગનો અને રવિવારે બપોરના સત્સંગનો ક્રમ તો ચાલુ જ છે.

'હર્ષદભાઈ, શ્રીઠાકોરજીની સેવામાં સૌથી વધારે ધ્યાન રાખવા જેવી બાબત કઈ?' પ્રકાશે એક રવિવારે બપોરના સત્સંગમાં આવતાં જ પૂછ્યું.

'સેવામાં આમ તો અનેક બાબતોનો ખ્યાલ રાખવાનો હોય છે, પરંતુ એક વાત મહત્વની એ છે કે સેવા આપણા સુખ માટે નહિ પણ પ્રભુના સુખ માટે કરવાની.' હર્ષદભાઈએ સમજાવ્યું.

'કરીએ સેવા તો મળે મેવા - એ સાચું નથી?'

'મેવા મળે તો ખરા પણ મેવા મળશે એવી આશાથી સેવા નહિ કરવાની. મેવા મેળવવા, ધન કે પ્રતિષ્ઠા મેળવવા સેવા નહિ કરવાની, શ્રીગોપીજનોએ જેમ પ્રભુના સુખ માટે સેવા કરી તેવી રીતે કરવાની.'

'ગોપીજનોએ?' જિગરે પૂછ્યું.

'હા, ગોપીજનોએ. આ વાત ભગવાને પોતે જ નારદજીને સમજાવી છે. એકવાર નારદજી ભગવાન પાસે દ્વારિકા પહોંચી ગયા, ભગવાન દ્વારિકાના રાજમહેલમાં અખૂટ વૈભવ વચ્ચે બિરાજતા હતા, છતાં ખૂબ ઉદાસ જણાતા હતા.'

નારદજી કહે છે : 'ભગવન્, આજે આપ કોઈ તકલીફમાં લાગો છો. કદી નહિ ને આજે આટલા ઉદાસ કેમ છો?'

ભગવાને નારદજીને પોતાના પેટમાં પીડા થતી હોવાનું જણાવ્યું છે. નારદજી ઔષધિ લેવા જવા તત્પર બન્યા. ભગવાન કહે છે : 'નારદ, મારી આ પીડા કોઈ ઔષધથી મટે એવી નથી. જો કોઈ ભક્ત એની ચરણરજ આપે તો આ પીડા મટે.'

નારદજી તરત ભગવાનની રાણીઓ પાસે પહોંચી ગયા. ચરણરજ માગી. રાણીઓ કહે છે : 'નારદજી, આ તમે શું કહો છો? અમારી ચરણરજ ભગવાનને અપાય? અમને પાપ લાગે. અમારે નરકમાં જવું પડે.'

નારદજીએ અનેક ભક્તો પાસે ચરણરજની માગણી કરી. સૌએ ના પાડી. ભગવાને નારદજીને વ્રજમાં ગોપીજનો પાસે મોકલ્યા. રાધિકાજી પાસે પહોંચી જઈને પ્રભુની અસહ્ય પીડાની વાત કરી. ઔષધિ તરીકે આપની ચરણરજની જરૂર છે એવું જણાવ્યું. રાધિકાજીએ તરત જ ચરણરજ આપી દીધી.

નારદજી કહે છે : 'આ તમે શું કરો છો? ભગવાનને ચરણરજ આપશો તો તમને પાપ નહિ લાગે? તમારે નરકમાં નહિ જવું પડે?'

રાધાજી કહે છે. 'ભલે મને હજારો પાપ લાગે. નારદ, ભલે મારી દુર્ગતિ થાય. એની મને કોઈ ચિંતા નથી. મારી ચરણરજથી ભગવાનની પીડા મટતી હોય તો હું એકવાર નહિ પણ હજારો વાર નરકમાં જવા તૈયાર છું. મારા પ્રિયતમનું સુખ એજ મારું સુખ.'

નારદજી પાછા ભગવાન પાસે આવ્યા. બધી વાત કરી. ભગવાન કહે છે : 'નારદ, તેં એક વાર મને પૂછેલું ને કે પ્રભુ, તમને કેવા ભક્તો ગમે? એનો આ જવાબ છે. મારા જે ભક્તો આ રીતે મારું સુખ વિચારે છે, મારા સુખ માટે જીવે છે, મારા સુખ માટે પોતે દુઃખ સહન કરવા તૈયાર છે, તે મને પ્રિય છે.'

'આપણે આ રીતે સ્વામીનું સુખ વિચારીને સેવા કરવાની છે. શ્રીમહાપ્રભુજીએ આપણા પુષ્ટિમાર્ગમાં ગુરુ તરીકે ગોપીજનોને વર્ણવ્યાં છે. ગોપીજનોની પ્રીતથી અને રીતથી સેવા કરવાની આજ્ઞા કરી છે.' હર્ષદભાઈએ પ્રસંગનું સમાપન કરતાં કહ્યું.

'સેવા રીત પ્રીત વ્રજજનકી જનહિત જગ પ્રકટાઈ ।

પ્રગટ વ્હૈ મારગ રીત દિખાઈ!' રાગિણીબેને કીર્તન પંક્તિ ગાઈ હર્ષદભાઈની વાતને અનુમોદન આપ્યું.

'આ કીર્તન સમજાવો, રાગિણીબેન.'

'શ્રીમહાપ્રભુજીએ આપણા જેવા જીવો માટે ભૂતળ ઉપર પ્રગટ થઈ, સારસ્વત કલ્પમાં શ્રીગોપીજનોએ કરેલી સેવાની રીત અને પ્રીત બતાવી છે.' રાગિણીબેને સમજાવ્યું.

પરમાનંદદાસજીએ તેથી જ એક કીર્તનમાં ગાયું છે :

ગોપી પ્રેમકી ધ્વજા ।
જીન ગોપાલ કિયે અપને બસ, ઉર ધરી શ્યામ ભુજા ॥

'આ કીર્તન તો પરમાનંદદાસજીએ વૈષ્ણવોના એક પ્રશ્નના જવાબમાં ગાયેલું ને?'

હા. પરમાનંદદાસજીએ પ્રભુની બાળલીલાનાં ઘણાં કીર્તન રચ્યાં છે. વૈષ્ણવોને એ જાણવું હતું કે પરમાનંદદાસજી યશોદાજીના વાત્સલ્યભાવને ઉચ્ચ ગણે છે કે ગોપીજનોના ભાવને. તેથી પૂછયું : 'વ્રજમાં નંદ-યશોદા, ગોપ-ગોપીઓ, ગ્વાલબાલો, પશુપક્ષીઓ સૌ રહે છે. સૌને શ્રીઠાકોરજીમાં ઘણો પ્રેમ છે. પરંતુ એ બધામાં ચડિયાતો પ્રેમ કોનો?'

'પરમાનંદદાસજીએ આ પ્રશ્નનો જવાબ આ કીર્તનથી આપેલો. તેમણે કહ્યું કે સર્વશ્રેષ્ઠ પ્રેમ ગોપીજનોનો છે. જેમ મંદિરના શિખર ઉપર સૌથી ઊંચે ધજા શોભે એમ બધામાં ગોપીપ્રેમ સર્વોપરી છે. તેમણે શ્રીગોપાલલાલને એવો પ્રેમરસ પાયો કે તેઓ તેમને વશ થઈને રહ્યા. એ વ્રજવનિતા મહાભાગ્યવતી છે. શ્રીહરિની પરમ કૃપાપાત્ર છે. એમના જેવી પ્રેમમયી સેવા કરવાથી જ આપણે શ્રીપ્રભુને પ્રસન્ન કરી શકીએ છીએ એ નંદનંદનના પ્યારા બની શકીએ છીએ.'

'પરમાનંદદાસજીનો એક બીજો પ્રસંગ પણ મને અત્યારે યાદ આવે છે.' જિગરે કહ્યું.

'સંભળાવો.' સૌએ એક અવાજે કહ્યું.

'એકવાર પરમાનંદદાસજીને ત્યાં સત્સંગ કરવા માટે કુંભનદાસજી વગેરે વૈષ્ણવો આવ્યા. પરમાનંદદાસજી સુરભિકુંડ ઉપર એમની પર્ણકુટિમાં રહે. અચાનક એકસાથે ઘણા વૈષ્ણવોને પોતાને ઘરે પધારેલા જોઈ એમના આનંદનો પાર ન રહ્યો. એમને લાગ્યું કે સાક્ષાત્ શ્રીગોવર્ધનનાથજી જ વિવિધ સ્વરૂપો ધારણ કરી પોતાને ઘેર પધાર્યા છે. આજે એમને પોતાનું જીવન કૃતાર્થ થયેલું લાગ્યું.'

'બધા ભગવદીયોને ઊંચા આસન ઉપર બેસાડી, પોતે નમ્રભાવે જમીન ઉપર બેઠા. તેમના હૃદયમાં શ્રીગોવર્ધનધરના કૃપાપાત્ર એ વૈષ્ણવો ઉપર પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દેવાની ભાવના પ્રકટી. ભાવાવેશમાં મગ્ન થઈ તેમણે એક કીર્તન ગાયું.'

આયે મેરે નંદનંદન કે પ્યારે ।
માલાતિલક મનોહર બાનો, ત્રિભુવન કે ઉજિયારે ॥૧॥
હૃદયકમલકે મધ્ય બિરાજત, શ્રીવ્રજરાજ દુલારે ।
પ્રેમ સહિત ઉર બસત નિરંતર, નેક હૂ ટરત ન ટારે ॥૨॥
કહા જાનોં કો પુન્ય ઉદય ભયો, મેરે ઘર જુ પધારે ।
પરમાનંદ કર ન્યોછાવર, વાર વાર હોં વારે ॥૩॥

જિગરે જયજયવંતી રાગમાં ભાવભરી રીતે કીર્તન ગાયું.

'હર્ષદભાઈ, આ કીર્તન પણ સમજાવો.'

આ પદમાં પરમાનંદદાસજી કહે છે : આજે મારા પ્રભુ નંદનંદન શ્રીકૃષ્ણ, શ્રીગોવર્ધનધરના લાડીલા ભગવદીયો મારે ઘેર આવ્યા છે. એમનો વેશ કેટલો સુંદર છે! જાણે ત્રણે લોકને અજવાળી રહ્યા છે!

તુલસીની માળા અને મનોહર તિલક તેમને શોભે છે. મનમોહક શ્રીજીબાવા, શ્રીવ્રજરાજદુલારે તેમના હૃદયમાં નિરંતર પ્રેમપૂર્વક બિરાજે છે. પ્રભુ એમનાથી એક ક્ષણ પણ દૂર થતા નથી. કોણ જાણે મારા કેટલાયે જન્મોનાં પુણ્ય આજે પ્રગટ થયાં છે કે આવા ભગવદ્રૂપ ભગવદીયો મારે ઘેર પધાર્યા છે. હું એમના ઉપર વારી જાઉં છું. મારું સર્વસ્વ એમના ઉપર ન્યોછાવર કરી દઉં છું.'

પરમાનંદદાસજીનો આવો પ્રેમભાવ જોઈ એ ભગવદીયો ઘણા આનંદિત થયા. જોયું ને? શ્રીવ્રજરાજદુલારે નંદનદનના પ્યારા ભક્તો ઉપર અન્ય ભગવદીયો પણ કેવા સર્વસ્વ ઓવારવા-ન્યોછાવર કરવા તૈયાર રહે છે!

આજના સત્સંગનો આ જ સાર છે. ગોપીજનોના જેવા સ્નેહથી, પ્રભુના સુખ માટે, તત્સુખ માટે પ્રભુની સેવા કરવી. આવી સેવા કરનાર ઉપર પ્રભુ અને પ્રભુના પ્યારા ભક્તો બંને પ્રસન્ન રહે છે.

● ● ●

રાત્રે નવ વાગ્યા. સત્સંગના સમયે પ્રકાશ અને જિગર, કુશલ અને નિયતિ સ્પીકર ફોન પાસે ગોઠવાઈ ગયાં. હર્ષદભાઈ અને રાગિણીબેન પણ આવી ગયાં. એમનો સત્સંગનો આ રોજનો ક્રમ હતો.

'હલ્લો, પ્રકાશભાઈ? કુશલ બોલું છું. જયશ્રીકૃષ્ણ.'

'જયશ્રીકૃષ્ણ, કુશલભાઈ.' તૈયાર છો ’ને સત્સંગ માટે?' પ્રકાશે સામે પૂછ્યું.

'હા. આજે બપોરે સત્સંગમાં હર્ષદભાઈએ સરસ વાત કહી, એવું વિચાર્યું છે કે જે ભગવદીયોએ આ રીતે તત્સુખ માટે પ્રભુની સેવા કરી છે તેમને આપણે સત્સંગમાં યાદ કરવા. એના અનુસંધાનમાં એવા એક ભગવદીયની વાર્તા આજે હું કહું છું.' નિયતિએ વાતનો દોર પોતાના હાથમાં લેતા કહ્યું.

'જરૂર, વાંચેલું સાંભળવા કરતાં કહેલું સાંભળવામાં વધારે આનંદ આવે છે. શરૂ કરો.' જિગરે ઉત્સુકતા બતાવી.

'તો સાંભળો.'

શ્રીગુસાંઈજીના એક સેવક હતા. ગોપાલપુરમાં રહેતા. નિત્ય સવારે વહેલા ઊઠી શ્રીગિરિરાજજીની પરિક્રમા કરતા. સાંજે શ્રીગુસાંઈજીનાં દર્શન કરવા બેઠકમાં જતા; પણ શ્રીગુસાંઈજી તેમની સાથે કદી બોલતા નહિ.

એ વૈષ્ણવને મનમાં ઘણીવાર વિચાર આવે કે શ્રીગુસાંઈજી સૌને હસીને બોલાવે છે. મને કેમ કદી બોલાવતા નહિ હોય?

એકવાર શ્રીગિરિરાજજીની પરિક્રમા કરવા નીકળ્યા. અંધારામાં પગ એક ખાડામાં પડ્યો અને મચકોડાઈ ગયો. ચાલી શકાય તેવું રહ્યું નહિ. એ દિવાળીની રાત્રિ હતી. મનમાં થયું કે આજે દિવાળીની રાત્રિએ હજારો વૈષ્ણવો પરિક્રમા કરે છે ત્યારે મારાથી પરિક્રમા નહિ થાય. ઘણું દુઃખ થયું. એક જગ્યાએ બેસી ગયા. વિચાર આવ્યો : 'હમણાં બેસતા વર્ષની સવાર પડશે. અહીં શ્રીગુસાંઈજી શ્રીઠાકોરજીને પધરાવી શ્રીગિરિરાજજીનું પૂજન કરવા પધારશે. સાથે ઘણા વૈષ્ણવો પણ હશે. હરિ-ગુરુ-વૈષ્ણવને પરિશ્રમ ન થાય માટે લાવ, આ બધો રસ્તો ચોખ્ખો કરી દઉં.' ધીરે ધીરે, બેઠાં બેઠાં ખસીને એમણે શ્રીગિરિરાજજીના મુખારવિંદ સુધીના રસ્તા ઉપરથી કચરો, કાંકરા, કાંટાં વગેરે વીણી લીધાં. સવાર સુધીમાં તો આખો રસ્તો સ્વચ્છ થઈ ગયો. પછી એક બાજુ દર્શન કરવા બેસી ગયા.

સવારમાં શ્રીગુસાંઈજી પધાર્યા. એમની સામે જોઈને હસ્યા. સાંજે દર્શન કરવા ગયા ત્યારે પણ શ્રીગુસાંઈજીએ એમને હસીને બોલાવ્યા. વૈષ્ણવે નમ્રતાથી પૂછ્યું : 'મહારાજ, હું રોજ શ્રીગિરિરાજજીની પરિક્રમા કરતો ત્યારે આપ કદી મને બોલાવતા નહિ. આજે જ્યારે મારાથી પરિક્રમા ન થઈ ત્યારે આપે કૃપા કરી, આનું કારણ શું?'

શ્રીગુસાંઈજીએ સમજાવ્યું : 'વૈષ્ણવ, રોજ પરિક્રમા કરી તમે તમારું સાધન કરતા હતા. આજે તમે હરિ-ગુરુ-વૈષ્ણવનું સુખ વિચાર્યું છે. એ ઉત્તમ છે. એનાથી અમે તમારા ઉપર પ્રસન્ન છીએ.'

આમ સેવામાં સ્વામીનું સુખ વિચારવું એ ઉત્તમ ભાવના છે.

'નિયતિ, તેં ઘણો સરસ પ્રસંગ કહ્યો. આવો જ એક પ્રસંગ મને પણ યાદ આવે છે.' પ્રકાશે કહ્યું.

'ભગવદીયોનાં ચરિત્રોમાં સિદ્ધાંત પરોક્ષ રૂપે હોય છે. પણ એનાથી સમજ સારી મળે છે. પ્રકાશભાઈ, તમને યાદ આવેલો પ્રસંગ જરૂર કહો.' રાગિણીબેને આગ્રહ કર્યો.

'શ્રીમહાપ્રભુજીના સેવક દામોદરદાસ સંભરવાળાનો એક પ્રસંગ છે. તેઓ ઘણા પ્રેમથી અને અત્યંત વૈભવથી શ્રીદ્વારકાધીશ પ્રભુની સેવા કરતા હતા. એક દિવસ તેમનાથી એક ભૂલ થઈ ગઈ, અપરાધ થઈ ગયો. સખત ગરમીના દિવસો હતા. રાત્રે ખૂબ ગરમી લાગી એટલે તેઓ બહાર ઓટલા ઉપર જઈને સૂઈ ગયા. રાત્રે એમના સેવ્ય શ્રીદ્વારકાધીશ પ્રભુએ ઘરની એક દાસીને જગાડીને આજ્ઞા કરી: 'તું મંદિર ખોલીને મને પંખો કર. મને ખૂબ ગરમી લાગે છે.' દાસીએ આજ્ઞા પ્રમાણે મંદિર ખોલીને પંખો કર્યો થોડીવાર પછી પ્રભુએ આજ્ઞા કરી : 'હવે તું જઈને સૂઈ જા. મંદિર ખુલ્લું રાખજે.'

સવારે દામોદરદાસજીને આ વાતની ખબર પડી. તેમણે દાસીને ઠપકો આપ્યો કે મને કેમ ન જગાડ્યો? તેં મંદિર કેમ ખોલ્યું? ત્યારે મંદિરમાંથી શ્રીઠાકોરજીએ દાસીનો પક્ષ લઈ કહ્યું : 'તું તો મને આવી ગરમીમાં - બફારામાં સુવડાવીને, બહાર પવનમાં જઈને સૂઈ ગયો હતો. આ તારાં સ્નેહનાં લક્ષણ છે? હવે ઉપરથી દાસીને ઠપકો કેમ આપે છે? એણે મારી આજ્ઞાથી જ મંદિર ખોલ્યું હતું. પંખો કર્યો હતો.

દામોદરદાસજીને પોતાની ભૂલ સમજાઈ. પસ્તાવો થયો. વિચાર કરે છે : 'પ્રભુ તો સ્નેહ અને દીનતાને વશ થાય છે. દાસીની સેવા લીધી અને મારી સેવા ન લીધી, નક્કી મારામાં કંઈ કચાશ છે. મને ધનમદ છે. અહંકાર છે. સ્નેહની રીત હું ચૂકી ગયો છું.'

આમ વિચારતાં એમણે એક કઠિન પ્રતિજ્ઞા લીધી. 'જ્યાં સુધી મારા પ્રભુ માટે હવા ઉજાસવાળું સુંદર-ઉત્તમ મંદિર સિદ્ધ નહિ થાય ત્યાં સુધી હું ભોજન કરીશ નહિ.'

તેમની પાસે સંપતિ તો હતી જ. સાથે આવડત પણ હતી. તરત કારીગરોને બોલાવ્યા. મંદિર બનાવવાનું કાર્ય શરૂ થયું.

'પ્રભુના સુખ માટે સર્વ પ્રકારની સગવડો હોય તેવું સુંદર મંદિર સિદ્ધ કરાવ્યું. નિજમંદિર, તિવારી, ચોક, ફૂવારા, જાળી ઝરોખા તેમજ વિવિધ પ્રકારની સુંદર કારીગરીવાળું એ મંદિર બન્યા પછી એમાં શ્રીદ્વારકાધીશપ્રભુને પધરાવ્યા. મોટો ઉત્સવ કર્યો. વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવ્યો. પછી જ ભોજન કર્યું. દિવસો સુધી ફલાહાર ઉપર રહ્યા.'

'પોતાના પ્રભુના સુખનો વિચાર કર્યો. પોતાના સુખને ગૌણ ગણ્યું!

'પ્રકાશભાઈ, દામોદરદાસ સંભરવાલાનો આ પ્રસંગ આપણને સમજાવે છે કે આપણે માટે સુંદર-વિશાળ ઘર હોય તો એ ઘરમાં આપણા પ્યારા પ્રભુ માટે પણ સુંદર, હવા ઉજાસવાળું, ઉત્તમ મંદિર હોવું જોઈએ. માત્ર એક નાનકડું કબાટ ન ચાલે. બરાબર?'

'હા, બરાબર.'

'આજે સત્સંગનો સમય ક્યાં પસાર થઈ ગયો તેની ખબર પણ ન પડી. ખૂબ આનંદ આવ્યો. હવે આપણે સૌ દરરોજ આ રીતે ભગવદ્વાર્તા કરીશું. સૌ પોતાને જે યાદ આવે તે પ્રસંગો કહેશે.' પ્રકાશભાઈએ પોતાના મનની વાત કહી.

'ભલે.' સૌએ સ્વીકાર્યું.

'આજે ઘણો સમય થઈ ગયો છે. સૌને જયશ્રીકૃષ્ણ.'

'જયશ્રીકૃષ્ણ'

◆

૨. પ્રીતમ પ્રીત હી તે જાય પૈયે

બીજા દિવસે સત્સંગનો દોર આગળ ચાલ્યો. પરસ્પર જયશ્રીકૃષ્ણ કર્યા પછી જિગરે પૂછયું :

હર્ષદભાઈ, ગઈ કાલે પ્રકાશે દામોદરદાસજીનો પ્રસંગ કહ્યો. એ સાંભળીને મને વિચાર કે, દામોદરદાસજી પાસે તો અઢળક સંપત્તિ હતી. તેથી તેમણે પ્રભુના સુખનો વિચાર કરી સુંદર મંદિર સિદ્ધ કરાવ્યું, પણ જે ભક્તો નિ:સાધન હોય, જેમની પાસે દ્રવ્યની સગવડ ન હોય તેમણે કેવી રીતે સેવા કરવી? શું તેમની સેવા પ્રભુ અંગીકાર કરે ખરા? પ્રભુ પ્રસન્ન થાય ખરા?'

'હા, પ્રભુ નિ:સાધન ભક્તોના સાચા સ્નેહને વશ થઈ તેમની સેવા પણ પ્રેમપૂર્વક અંગીકાર કરે છે.' હર્ષદભાઈએ કહ્યું. કેવી રીતે અંગીકાર કરે છે તે એક ભગવદીયની વાર્તા દ્વારા જાણીએ.

અમદાવાદમાં એક નિર્ધન મા-દીકરી રહેતાં હતાં. શ્રીગુસાંઈજી અમદાવાદ પધાર્યા ત્યારે આપનાં સેવક થયાં. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'હું તમને શ્રીઠાકોરજી પધરાવી આપું છું. તમે પ્રેમથી સેવા કરજો. મા-દીકરી વિનંતી કરે છે : 'મહારાજ, અમારી પાસે દ્રવ્ય નથી. એક નાનકડી ઝૂંપડીમાં રહીએ છીએ. શ્રીઠાકોરજીની સેવા માટે વસ્ત્ર, આભૂષણ, સામગ્રી, પાત્રો વગેરે કાંઈ નથી. સેવા કેવી રીતે કરીએ? અમે તો મહારાજ, મજૂરી કરી અમારું ગુજરાન ચલાવીએ છીએ.'

શ્રીગુસાંઈજીએ કૃપા કરી તેમને સેવાની રીત બતાવી. આપશ્રીએ આજ્ઞા કરી : 'વૈષ્ણવ, તમારી ઝૂંપડીમાં એક ગોખલામાં વસ્ત્ર પાથરી એમાં શ્રીઠાકોરજીને પધરાવજો. તમારે પહેરવા માટે સાડી લાવો ત્યારે તેનો એક ટુકડો ફાડી તેમાંથી શ્રીઠાકોરજી માટે વાઘો બનાવજો. જે બાજરીના રોટલા તમે ભોજન માટે બનાવો તે બધા ભોગમાં ધરજો. ઉત્થાપનભોગમાં બાજરીના પલાળેલા દાણા ધરજો. જે કંઈ લો તે શ્રીઠાકોરજીને ભોગ ધરીને લેજો. ઘરમાં બીજાં પાત્રો ન હોય તો માટીનાં પાત્રો વાપરજો.'

મા-દીકરી રાજી થયાં. કહે છે : 'મહારાજ, આ રીતે તો સેવા અમારાથી બનશે.' શ્રીઠાકોરજી પધરાવીને ઘેર આવ્યાં. પ્રેમપૂર્વક સેવા કરવા લાગ્યાં. શ્રીગુસાંઈજીની આજ્ઞા પ્રમાણે જાર-બાજરીના રોટલા અને બાજરીના પલાળેલા દાણા ધરે છે. માટીનું માટલું લઈને કૂવે જળ ભરવા જાય છે. અન્ય વૈષ્ણવો આ જુએ છે. બધા અંદરઅંદર ચર્ચા કરે છે. મા દીકરીના આચાર અંગે શંકા કરે છે. 'માટીના માટલાને અન્ય લોકોના છાંટા ઊડે તો તે છોવાઈ જાય. એવા માટલાના જળથી પ્રભુને ઝારીજી કેમ ભરાય? આ લોકો કોઈ આચાર-વિચાર પાળતાં નથી.' એમ વિચારી અન્ય વૈષ્ણવો તેમની સાથે સંબંધ રાખતા નથી. તેમને ત્યાં જળ કે પ્રસાદ પણ લેતા નથી. પરંતુ મા-દીકરી તો સ્વ-કર્તવ્ય માની પ્રેમ અને દીનતાથી પ્રભુની સેવા કરે જાય છે.

થોડા સમય પછી શ્રીગુસાંઈજી ફરી અમદાવાદ પધાર્યા. એક વૈષ્ણવના ઘરે પધરામણી પધારી રહ્યા હતા, ત્યારે વચ્ચે આ મા-દીકરીની ઝૂંપડી આવી. સાથેના વૈષ્ણવોએ ફરિયાદ કરી : 'મહારાજ, પેલાં નિર્ધન મા-દીકરીને આપે સેવા પધરાવી આપી છે. પણ તેઓ કોઈ આચાર-વિચાર પાળતાં નથી. આમ કહી શ્રીગુસાંઈજીને બધી વાત કરી.

શ્રીગુસાંઈજી તો અંતર્યામી છે. આ મા-દીકરીની અંતરની આરત છે કે શ્રીગુસાંઈજી તેમને ઘેર પધારે, પણ દ્રવ્યના સંકોચને લઈને વિનંતી કરી શક્યાં નહોતાં, તેથી આ વૈષ્ણવોની વાત સાંભળીને, જરા મુસ્કુરાઈને કહે છે : 'એમ? એવું છે? તો ચાલો, આજે એમને ત્યાં જઈએ અને એમને થોડો ઠપકો આપીએ.'

આ મિષે શ્રીગુસાંઈજી એ નિ:સ્વાર્થ સ્નેહયુક્ત મા-દીકરીને ત્યાં પધાર્યા. શ્રીગુસાંઈજીને પોતાની તૂટી-ફૂટી ઝૂંપડીમાં પધારેલા જોઈ બંને

જણ અવાક્ થઈ ગયાં. વાણી કુંઠિત થઈ ગઈ. પણ હૃદયમાં તો આનંદ સમાતો નથી. નેત્રોમાં હર્ષનાં આંસું આવી ગયાં. ગદ્ ગદ્ થઈ જઈને બંને જણે આપશ્રીને દંડવત્ કર્યાં.

આપશ્રી પૂછે છે; 'મા, શ્રીઠાકોરજીને શો સમય છે?'

'મહારાજ, અમારે ત્યાં સમય કેવો વળી? શ્રીઠાકોરજી તો આપની કાનિથી બિરાજે છે.'

અનેક થીંગડાંવાળો કંતાનનો ટેરો હતો. એ ખસેડી શ્રીગુસાંઈજીએ અંદર દૃષ્ટિ કરી. સામે એક ગોખલામાં પ્રભુ બિરાજે છે. આપના શ્રીહસ્તમાં એક માટીનું કોડિયું છે. અંદર પલાળેલા બાજરીના દાણા છે. ઠાકોરજી ખિલખિલાટ હાસ્ય કરતા એ દાણા આરોગી રહ્યા છે!

શ્રીગુસાંઈજી દર્શન કરીને ઘણા પ્રસન્ન થયા. ઉત્થાપન ભોગ સરાવી, એ માટીનું કોડિયું લઈ બહાર પધાર્યા. એમાંથી થોડા દાણા આપે શ્રીમુખમાં મૂક્યા. કહે છે : 'વાહ, શું અદ્ભુત સ્વાદ છે. આ બાજરીના દાણા જેવો સ્વાદ તો અમારા ઘરે છપ્પનભોગ આરોગાવીએ તો એ સામગ્રીમાં પણ નથી આવતો. મા, તમે અમારા ઠાકોરજી ઉપર શું કામણ કર્યું છે કે આટલા પ્રેમથી આરોગે છે?'

મા-દીકરી તો હાથ જોડીને ઊભાં છે. કહે છે 'મહારાજ, પ્રભુ આપની કાનિથી આરોગે છે. બાકી અમારાથી તો કંઈ બનતું નથી. પ્રભુને પરિશ્રમ આપીએ છીએ.'

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે : મા, તમે આમ દુ:ખ ન કરો. જ્યાં પ્રેમ છે ત્યાં પ્રભુને પરિશ્રમ થતો નથી.'

સાથે આવેલા ફરિયાદ કરનારા વૈષ્ણવો વિનંતી કરે છે : 'મહારાજ અમને કણિકા મહાપ્રસાદ આપો.'

શ્રીગુસાંઈજી હસતાં-હસતાં વ્યંગમાં કહે છે : 'ના, ના. તમે છોવાઈ જશો. આ આચાર-વિચાર વગરના ઘરનો મહાપ્રસાદ તમારાથી કેવી રીતે લેવાય?'

વૈષ્ણવોને પોતાની ભૂલનો પસ્તાવો થયો. શ્રીગુસાંઈજીએ સૌને કણિકા પ્રસાદ આપ્યો. એ અદ્ભુત સ્વાદયુક્ત મહાપ્રસાદ લેતાં વૈષ્ણવો વિચારી રહ્યા : 'આ નિ:સાધન ભક્તોના સ્નેહને પ્રભુએ અંગીકાર કર્યો છે અને પ્રભુની પ્રસન્નતાનો સ્વાદ આ પ્રસાદમાં છે.'

''હર્ષદભાઈ, આજે જે વૈષ્ણવો આચાર અને વૈભવની વાતોથી ગભરાઈને ગૃહસેવાથી દૂર ભાગે છે તેમને માટે આ પ્રસંગ એક સુંદર ઉદાહરણ છે. પ્રભુની સેવા કોઈપણ સંજોગોમાં થઈ શકે છે. સ્નેહમાં આચારનું પાલન કે દ્રવ્યનો વિનિયોગ એ ગૌણ વસ્તુ છે. શ્રીકૃષ્ણની સેવાના આ અદ્ભુત માર્ગમાં પ્રભુ ભક્તોના સ્નેહ અને દૈન્યથી રીઝે છે.' નિયતિએ કહ્યું.

'હા, એક વાત ચોક્કસ છે કે આપણી પાસે દ્રવ્ય હોય અને જો તેનો અંગીકાર સેવામાં ન થાય, સામર્થ્ય હોય છતાં સેવા ન થાય તો પ્રભુ રીઝતા નથી. પ્રભુને ચાર ટુક મીસરી ધરી આપણે ડાઈનીંગ ટેબલ ઉપર બેસી નિત્ય નવાં ભાવતાં ભોજન લઈએ, પ્રભુને ખોટાં કીડિયાંનાં શૃંગાર ધરી આપણે સોના-મોતી-હીરાનાં આભૂષણો પહેરીએ, આપણે વિશાળ બંગલામાં રહીએ અને એને એક નાનકડા કબાટમાં પૂરી રાખીને એમ કહીએ કે એ તો ભાવનો ભૂખ્યો છે અને એમ કહી આપણું કંઈ પણ એને અંગીકાર ન કરાવીએ, તો એ સાચા સ્નેહનું લક્ષણ નથી. આપણી પાસે પ્રભુનાં દીધેલાં જે કંઈ સાધન-સંપત્તિ-સામર્થ્ય વગેરે છે તે સર્વ પ્રભુને સ્નેહ અને દીનતાપૂર્વક અંગીકાર કરાવીને પછી આપણા ઉપયોગ માટે લઈએ, એ સાચો અભિગમ છે.' હર્ષદભાઈએ વિશેષ સ્પષ્ટતા કરી.

'નિ:સ્વાર્થભાવે, કોઈ ફળની આશા વગર, અન્ય કોઈ વસ્તુની અપેક્ષા વગર પ્રભુની સેવા કરીએ. આપણા ઘરમાં, આપણા શરીર અને આપણા દ્રવ્યથી યથાશક્તિ સેવા કરીએ ત્યારે પ્રભુ પ્રસન્ન થાય છે. સેવામાં ભાવના મહત્ત્વની છે. કેવળ ક્રિયા નહિ.' રાગિણીબેને વાતનો દોર પોતાના હાથમાં લીધો.

‘શ્રીહરિરાય મહાપ્રભુ શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે : ‘ન ફલાર્થં, ન ભોગાર્થં, ન પ્રતિષ્ઠા પ્રસિધ્યૈ; પ્રભુની સેવા કોઈ ફળ માટે, કોઈ ભોગ ભોગવવા માટે ન કરવી. સેવા કરીશું તો મેવા મળશે. સુંદર પ્રસાદ ખાવા મળશે એવા વિચારથી કે કોઈ લૌકિક પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિ માટે ન કરવી. પરંતુ ‘તસ્ય સેવાં પ્રકુર્વિત યાવજજીવમ્ સ્વધર્મતઃ’ - આપણો સ્વધર્મ માનીને જીવનભર સેવા કરવી. પ્રભુ સુખાર્થે કરવી.’ રાગિણીબેને સમજાવ્યું.

‘ગોવિંદસ્વામીએ ગાયું છે : પ્રીતમ પ્રીત હી તે જાય પૈયે. યદ્યપિ રૂપ ગુણ શીલ સુઘરતા, ઈન બાતન ન રીઝૈયે. પ્રભુ પ્રેમથી વશ થાય છે. રૂપ, ગુણ, ઉત્તમ ચારિત્ર્ય કે સુઘડતાથી નહિ.’ હર્ષદભાઈએ સમાપન કરતાં કહ્યું,

‘શ્રી ઠાકોરજી પ્રેમથી વશ થાય છે એ દર્શાવતો બીજો એક પ્રસંગ મને યાદ આવી રહ્યો છે. સૌને સમય હોય તો હું કહું.’ જિગરે કહ્યું.

‘હા હા, અમારે કોઈ ઉતાવળ નથી. કહો.’ સૌએ આતુરતા બતાવી.

‘ભક્ત જ્યારે પ્રેમથી પ્રભુની સેવા કરે છે ત્યારે પ્રભુ તેના પર પ્રસન્ન થાય છે, એટલું જ નહિ તેને આધીન બની જાય છે. તેના વગર રહી શકતા નથી.’ હર્ષદભાઈ, આ પ્રસંગ એક ભગવદીયનું ચરિત્ર કહે છે, જેને ભગવાન આધીન બન્યા હતા. તેમના વગર રહી શકતા નહોતા.’ જિગરે સૌની આતુરતા વધારતાં કહ્યું.

એ ભગવદીય ક્ષત્રાણીને આપણે ‘ધાણી-પૂણી વાળાં ક્ષત્રાણી’ તરીકે ઓળખીએ છીએ.

‘ધાણી-પૂણીવાળાં ક્ષત્રાણી?’

‘હા, પ્રયાગમાં એ રહેતાં. શ્રીગુસાંઈજીનાં સેવક થયેલાં. શ્રીગુસાંઈજીએ તેમને બાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ સેવા માટે પધરાવી આપેલું. સ્વરૂપ પધરાવી આપતાં આજ્ઞા કરેલી : ‘બાઈ, હું તને આ શ્રીઠાકોરજી પધરાવી આપું છું. તેમની તું પ્રેમથી સેવા કરજે, તો તેઓ તારા ઉપર પ્રસન્ન થશે.’

શ્રીઠાકોરજી પધરાવીને ઘેર આવ્યાં, ત્યારે ઘરમાં સેવા માટેનું કોઈ સાહિત્ય ન હતું. એક ગોખલામાં શ્રીઠાકોરજીને પધરાવ્યા હતા. રોજ રેંટિયો કાંતીને જે કાંઈ પાઈ-પૈસો મળે તેમાંથી ડાંગરની ધાણી ખરીદી લાવે અને શ્રીઠાકોરજીને તેનો ભોગ ધરે. પોતે પણ એ ધાણીનો મહાપ્રસાદ ખાઈને જ જીવનનિર્વાહ કરે!’

શ્રીઠાકોરજી તેમના ઉપર ઘણા પ્રસન્ન રહે. તેમને સાક્ષાત્ દર્શન આપે. તેઓ રોજ રૂની પૂણીઓ લઈ કાંતવા બેસે ત્યારે શ્રીઠાકોરજી એ પૂણીઓના ગાદી તકિયા બનાવી, તેના પર બિરાજે, એક એક પૂણી સ્વહસ્તે કાંતવા માટે આપે અને અવનવી બાલલીલા કરે. આમ શ્રીઠાકોરજી તેને અવનવું સુખ આપે.’

‘એક વખત અડેલથી શ્રીગુસાંઈજીના એક લાલજી પ્રયાગ પધાર્યા. તેઓ આ ક્ષત્રાણીના ઘેર પધાર્યા. શ્રીઠાકોરજીનાં દર્શન કરી પ્રસન્ન થયા. જોયું કે આ માજી પાસે શ્રીઠાકોરજીની સેવા માટે કોઈ સાહિત્ય નથી. ભોગ ધરવા માટે પણ ધાણી સિવાય કાંઈ નથી, એટલે આજ્ઞા કરી: ‘માજી, તમારા આ ઠાકોરજી અમને પધરાવી આપો. અમે તેમની સાથે ખેલીશું.’

એ ક્ષત્રાણીએ આજ્ઞા માની શ્રીઠાકોરજી પધરાવી આપ્યા. આપશ્રી શ્રીઠાકોરજીને સાથે લઈ અડેલ પધાર્યા. તેમની સેવા કરવા લાગ્યા. પરંતુ શ્રીઠાકોરજી તો રાતદિવસ ‘ધાની-પૂની-ધાની-પૂની’ એમ જ બોલ્યા કરે છે. તે બાળકે વિચાર કર્યો : ‘શ્રીઠાકોરજી એ ધાણી-પૂણીવાળાં માજીથી જ પ્રસન્ન છે. તેમના વગર રહી શકતા નથી એવું લાગે છે.’

બીજા દિવસે તેઓ પાછા એ ક્ષત્રાણીના ત્યાં શ્રીઠાકોરજી પધરાવી આવ્યા. આજ્ઞા કરી : ‘માજી, શ્રીઠાકોરજી તમારા વિના રહી શકતા નથી માટે તમે જ એમની સેવા કરો.’

‘જોયુંને, આ માજી પાસે સેવાનું કોઈ સાહિત્ય, ધનસંપત્તિ વગેરે કંઈ ન હતું પરંતુ પ્રેમથી કરેલી સેવાથી શ્રીઠાકોરજી એમને આધીન થઈને રહ્યા હતા.’

‘આ પ્રસંગ બતાવે છે કે શ્રીઠાકોરજી હૃદયના શુદ્ધ પ્રેમથી રીઝે છે. સાધનસંપત્તિથી નહિ.’

‘ભક્તનું મન શ્રીઠાકોરજીમાં નિરોધ પામે, એવી જ રીતે શ્રીઠાકોરજીનું મન જ્યારે ભક્તમાં નિરોધ પામે, શ્રીઠાકોરજી જ્યારે એ ભક્ત વગર રહી ન શકે ત્યારે તે ફલાત્મક નિરોધ છે. તે જ પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે.’ હર્ષદભાઈએ સમજાવ્યું.

‘હર્ષદભાઈ, આ ક્ષત્રાણીની જેમ શ્રીમહાપ્રભુજીનાં સેવક પદ્મનાભદાસજી પણ પ્રભુને છોલાં ધરતાં તો પોતે પણ એ છોલાં લઈને જ જીવન નિર્વાહ કરતા, અરે એ પોતે એકલા નહિ પરંતુ તેમનો સમગ્ર પરિવાર પણ ફક્ત છોલા ખાઈને જીવનનિર્વાહ કરતો. શ્રીમથુરેશજી એમના ઉપર પણ ઘણી કૃપા કરતા અને પ્રસન્નતા દર્શાવતા.’ નિયતિએ કહ્યું.

‘હા, પદ્મનાભદાસજી છોલામાં જે સામગ્રીની ભાવના કરી છોલા ધરતા તે જ સામગ્રીનો સ્વાદ એ છોલામાં આવતો, એવી પ્રભુ કૃપા કરતા.’

‘શ્રીમથુરાધીશજી શ્રીગિરિધરજીને ઘેર પધાર્યા પછી શ્રીગિરિધરજીએ આપશ્રીને છપ્પનભોગ આરોગાવ્યો. ભોગ સરાવીને શ્રીગિરિધરજીએ પૂછયું : ‘બાવા, યે છપ્પનભોગ કૈસો લગ્યો?’ શ્રીમથુરેશજીએ આજ્ઞા કરી : ‘મેરે પદ્મનાભદાસકે છોલામેં જો સ્વાદ હતો, વો સ્વાદ યે સારે છપ્પનભોગમેં નહિ આયો.’

આ આજ્ઞા બતાવે છે કે એ નિ:સાધન ભક્તે કેવા પ્રેમ અને દીનતાથી પ્રભુને છોલા આરોગાવ્યા હશે અને પ્રભું કેવી પ્રસન્નતાથી આરોગ્યા હશે!

ખરેખર, નિ:સાધન ભક્તોના પ્રેમથી જ પ્રભુની પ્રસન્નતા રહે છે. ‘હર્ષદભાઈએ સિદ્ધાંત સમજાવ્યો.’

‘[illegible]ાં જ એક નિ:સાધન ભક્તની વાત કહું છું, સાંભળો.’ કુશલને પણ કંઈક કહેવાનું મન થઈ ગયું.

કોઈ એક ગામમાં એક વૃદ્ધ માજી રહેતાં. ઘરમાં એકલાં જ હતાં. માથે લાલનનું સ્વરૂપ બિરાજે. ઘણા વાત્સલ્યથી બાલભાવથી લાલનની સેવા કરે. અવસ્થાને કારણે આંખે ઝાંખ પડી ગએલી. છતાં જે બને તે લાલનને લાડ લડાવે.

એ ગામ જંગલની નજીક હતું. થોડા દિવસથી એક નહાર (વાઘ જેવો) રાત્રે ગામમાં પેસી જતો. રોજ કંઈને કંઈ ઉપાડી જતો. કોઈનું બકરું-ઘેટું-પાડું-વાછરડું જે લાગમાં આવે તે લઈ જાય. હવે તો નહાર નાનાં બાળકોને પણ ઉપાડી જવા માંડ્યો.

ગામમાં વાત પ્રસરી ગઈ. માજીએ સાંભળી. એમનો જીવ ઊંચો થઈ ગયો. ‘‘અરેરે, મારા લાલને નહાર લઈ જશે તો! તો હું શું કરીશ!’’

ગરીબાઈ ઘણી. ભાંગ્યા તૂટ્યા બારણાવાળું ઝૂંપડા જેવું ઘર! અંદરથી પૂરું વસાય પણ નહિ. માજી ભારે ચિંતામાં પડી ગયાં.

હવે રાત્રે લાલનને પોઢાવીને, એક ખોખરો વાંસ હાથમાં લઈને, આખી રાત પાસે બેસી રહે. રાતનું અંધારું, આંખે પુરું દેખાય નહિ. એટલે આજુબાજુમાં જરા ખખડાટ થાય તો યે વાંસ ખખડાવવા મંડી જાય : ‘‘ઓ નહાર આવ્યો! મારા લાલને લઈ જશે તો!’’

શ્રીઠાકુરજી એનો સ્નેહ જોઈને ઘણા પ્રસન્ન થતા. વારંવાર આજ્ઞા કરે કે ‘‘માજી, તમે સૂઈ જાઓ. સૂઈ જાઓ.’’ પણ માજી માને શાનાં? એ ભલા એમનો ખોખરો વાંસ ભલો. રાતભર જાગ્યા કરે.

એના પ્રેમથી પ્રસન્ન થએલા શ્રીનાથજી એક રાત્રે એને ઘેર પધાર્યા. બહારથી ટેર કરી : ‘‘અરે માજી, બારણાં ઉઘાડો.’’

‘‘કોણ છો ભાઈ, કેમ આવ્યા છો?’’ - માજીએ પૂછયું.

‘‘માજી, હું દેવદમન-ગોવર્ધનધર છું. તમને દર્શન આપવા પધાર્યો છું.’’ શ્રીજીએ ઉત્તર આપ્યો. ‘‘બાવા! તમે પધાર્યા તો ભલે. પણ સવારે પધારજો. રાતમાં કમાડ ખોલું ને મારા લાલને નહાર લઈ જાય તો!’’

‘શ્રીજી એના સ્નેહથી પ્રસન્ન થતા પાછા સિધાવ્યા. અને માજી રાતભર વાંસ ખખડાવતાં જ રહ્યાં!’

'સેવ્ય સ્વરૂપમાં કેવો અનુપમ સ્નેહ!' સૌ એક સાથે બોલી ઊઠ્યાં

'કંઈ સેવા પ્રણાલિકામાં લખ્યું હશે કે સેવા કરનારે આવું બધું કરવું? પણ વૈષ્ણવના ઘરની સેવા આવા સ્નેહ ઉપર આધારિત છે. 'સેવા તે જેમાં સ્નેહ બંધાન' દયારામભાઈએ 'ભક્તિપોષણ'માં સેવાની વ્યાખ્યા આપતાં કહ્યું છે.' રાગિણીબેને સેવામાં સ્નેહના આધિપત્ય વિશે સમજાવ્યું.

'પ્રકાશભાઈ, આજે તમે કેમ મૌન છો? હવે તમારો વારો છે. શ્રીઠાકોરજીનું સુખ વિચારી સેવા કરનાર ભગવદીયોને આજે આપણે યાદ કરી રહ્યાં છીએ. તમે પણ એકાદ પ્રસંગ સંભળાવો.' હર્ષદભાઈએ આગ્રહ કર્યો.

'ભલે, સાંભળો.' પ્રકાશભાઈએ શરૂ કર્યું.

એક ગામમાં એક નિષ્કિંચન વૈષ્ણવ ઠાકુરજી પધરાવીને રહેતા હતા. ઉનાળામાં ત્યાં ગરમી સખત પડતી હતી. પશ્ચિમના બારણાવાળું નાનું સરખું ઘર બપોરે ઘણું તપી જતું. વૈષ્ણવના મનમાં ઘણો તાપ થયા કરતો કે મારા પ્રભુને બહુ શ્રમ પડે છે! પણ શું થાય? કંઈ ઉપાય જડતો નહોતો.

એક દિવસ એક મોટું ગુલાબ મળી આવ્યું. ઘરમાં માટીનું પાત્ર તો હતું. શ્રીને અનોસર કરતી વખતે એ માટીના બટેરામાં જળ ભરીને ગુલાબનું ફૂલ એમાં મૂકી દીધું. દંડવત્ કરીને વિનંતી કરી : 'વ્હાલા! બપોરે તાપ લાગે ત્યારે આ શીતળ સુગંધીવાળા જળનો અંગીકાર કરજો. આપને થોડુંક સુખ થશે. મારાથી બીજું તો કંઈ બને તેમ નથી.'

વિનંતી કરતાં એ ગદ્ગદિત થઈ ગયા. હૃદયમાં તીવ્ર તાપ હતો. અંતર્યામી પ્રભુ એ જાણતા હતા. સુંદર ગુલાબજળ માનીને એનો અંગીકાર કર્યો. પોતે ઘણા પ્રસન્ન થયા. એટલું જ નહિ, શ્રીગુસાંઈજીને જતાવ્યું કે ''આપના અમુક સેવકે, અમુક ગામમાં, આજે મને એવું ઉત્તમોત્તમ ગુલાબજળ ધર્યું છે કે એવું મેં હજુ કોઈ સ્થળે જોયું નથી!''

શ્રીગુસાંઈજી ચકિત્ત થયા. આપને કુતૂહલ થયું કે એ વૈષ્ણવે એવું ગુલાબજળ કઈ રીતે બનાવ્યું હશે કે શ્રીજીને આટલું બધું ગમ્યું! આપણે એ રીતે બનાવીએ તો શ્રીજીને વિશેષ સુખ થાય.

આપશ્રીએ એ વૈષ્ણવને પત્ર લખ્યો. શ્રીજીની આજ્ઞા જણાવી અને પૂછાવ્યું કે એ ગુલાબજળ તમે કઈ વિધિથી તૈયાર કરેલું? એ રીત અમને લખી મોકલો. એક વ્રજવાસી સાથે પત્ર રવાના કર્યો.

પત્ર મળતાં વૈષ્ણવે માથે ચઢાવીને વાંચ્યો. વાંચીને ભાવવિવશ બની ગયા. પોતાની અલ્પ વસ્તુ પણ શ્રીજીએ કેટલા પ્રેમથી અંગીકાર કરી તે વિચારતાં મન આનંદસાગરમાં મગ્ન થઈ ગયું.

પ્રત્યુત્તરમાં બનેલી બધી વાત લખી અને દીનતાપૂર્વક વિનંતી કરી કે ''કૃપાનિધાન, હું તો પ્રભુને ઘણો શ્રમ આપી રહ્યો છું. આપની કાનિથી અલ્પ વસ્તુને મોટી માનીને પ્રભુએ અંગીકાર કરી છે. એ આપની કૃપાનું જ ફળ છે.''

પત્ર મળતાં શ્રીગુસાંઈજી એનો ઉચ્ચભાવ અને દીનતા જોઈ વિશેષ પ્રસન્ન થયા. પોતે વિચારી રહ્યા હતાઃ

''ગુલાબનું ફૂલ, જળ અને અગ્નિ-ત્રણ મળે ત્યારે ગુલાબજળ બને. બે વસ્તુ હતી. સાથે વૈષ્ણવના હૃદયનો પ્રબળ વિરહતાપ ભળ્યો. એટલે લૌકિકને બદલે અલૌકિક ગુલાબજળ બની ગયું. એ પ્રભુને વિશેષ પ્રિય લાગે એમાં શું આશ્ચર્ય! ધન્ય છે એ વૈષ્ણવના તાપભાવને!''

'આમ એ નિષ્કિંચન વૈષ્ણવે સ્નેહથી પ્રભુના સુખનો વિચાર કરી ગુલાબજળ અંગીકાર કરાવ્યું. આવો સ્નેહ એ આપકળા છે. એ ગ્રંથોમાંથી નહિ પણ હૃદયમાંથી મળે છે. પોતાનું સર્વસ્વ પોતાના પ્રભુ છે એવી ભાવના દૃઢ થવી જોઈએ. ન થાય ત્યાં સુધીની સર્વ ક્રિયા નકામી છે. હૃદયનો લાગણીનો તાર સેવ્ય પ્રભુ સાથે જોડાવો જોઈએ. સમગ્ર જીવન એના અર્થે બની જવું જોઈએ. ત્યારે જ સેવા સાચી સેવા બને છે.'

વળી સેવામાં કંઈ ન બને ત્યારે હૃદયમાં તાપ થવો જોઈએ કે હે પ્રભુ મારાથી કંઈ બનતું નથી. આ તાપભાવથી દૈન્ય પ્રગટે છે. દૈન્યથી

પ્રભુ પ્રસન્ન થાય છે. સેવામાં સાધનસંપત્તિ અનિવાર્ય નથી.' હર્ષદભાઈએ સમજાવ્યું.

'એટલે કે વૈષ્ણવે હૃદયમાં પ્રભુ પ્રત્યે અપાર સ્નેહ અને સાથે સાથે દીનતા રાખીને સેવા કરવી, બરોબરને?' રાગિણીબેને પૂછયું.

'હા, એમ જ.'

'રાગિણીબેન, આજે તમે પણ કંઈક કહો. આજે પ્રભુ પ્રીત્યર્થે સેવા કરનાર વૈષ્ણવોના આ બધા પ્રસંગોના શ્રવણમાં અલૌકિક આનંદ આવી રહ્યો છે.' નિયતિએ આગ્રહ કર્યો.

'ભલે, હું એક એવા ભગવદીયની વાત કહું છું જેમણે પ્રભુના સુખ માટે પોતાના સુખનો પણ ત્યાગ કર્યો હતો.' રાગિણીબેને કહ્યું. સૌ સાંભળવા તત્પર થયાં.

આગ્રા શહેર છે. સિંહનંદથી કોઈ વૈષ્ણવ પતિપત્ની આવ્યાં છે. ક્ષત્રિય જાતિનાં છે. સાથે શ્રીઠાકોરજી બિરાજે છે.

સાધારણ દલાલી જેવું કરીને એનાથી નિર્વાહ કરે છે. પાસે પૈસા નથી. રહેવા માટે એક નાની સરખી ઓરડી ભાડે રાખી છે. એક ગોખલામાં પ્રભુને પધરાવ્યા છે. તેની આગળ લાકડાનું નાનું માળિયા જેવું બનાવીને તેના પર શૈયાજી પધરાવે છે. ત્યાં પ્રભુને પોઢાવે છે. એક બાજુ રસોઈ, બીજી બાજુ નહાવાનું, બાકીની જગ્યામાં ઘરવખરી. વચ્ચે માત્ર થોડી જગ્યા ખાલી છે!

દિવસે તો ઠીક પણ રાત્રે સૂવું ક્યાં? પ્રભુને પોઢાવેલા હોય તેની નજીકમાં જ સૂવું પડે. ઉધરસ કે છીંક આવે તો યે પ્રભુને નિંદમાં ખલેલ પડે. આમન્યા પણ ન સચવાય.

આપણા માર્ગની રીત એવી છે કે જ્યાં સુધી પ્રભુમાં સુદૃઢ પ્રીતિ ન થાય ત્યાં સુધી રાજાની જેમ ભય રાખીને સેવા કરવી જોઈએ. સાક્ષાત્ પ્રભુ બિરાજે છે એવી ભાવના રાખવી જોઈએ. અને પૂરેપૂરી આમન્યા સાચવવી જોઈએ.

પતિ-પત્નીને સાંસારિક સંબંધની સ્પૃહા તો હતી જ નહિ. પરણ્યાં ત્યારથી જ વૈરાગ્યમય જીવન ગાળતાં આવેલાં. વ્રત-ઉપવાસ, દેહદમન કરતાં રહેતાં. પછી શ્રીવલ્લભને શરણે આવ્યાં, ત્યારે દેહદમન મૂક્યું. પ્રભુ પધરાવ્યા અને સેવા કરવા લાગ્યાં. ઘરમાં માતા-પિતા બંનેનો ઘણો વિરોધ હતો. સિંહનંદના વૈષ્ણવોના સહયોગથી થોડો વખત તો વતનમાં રહી સેવા કરી; પણ પિતાને ગમતી વાત નહિ એટલે જ્યાં ત્યાં નિંદા કર્યા કરે. તેથી કંટાળીને ગામ છોડી આગ્રા આવીને રહ્યાં હતાં.

પ્રશ્ન હતો કે રાત્રે સૂવું ક્યાં? ઓરડીની બહાર નાની સરખી ખુલ્લી પડાળી હતી. ત્યાં સૂવાનો એમણે નિર્ણય કર્યો. શિયાળામાં પણ ત્યાં જ સૂતા. દેહદમન માટે ટેવાયેલાં હતાં; પણ ચોમાસું આવ્યું ત્યારે મુશ્કેલી થઈ.

એક વાર આખી રાત વરસાદ વરસ્યો. બંને જણ વરસાદમાં ભીંજાતાં બહાર બેસી રહ્યાં. પ્રભુ એમનું કષ્ટ સહી ન શક્યા. શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી : 'તમે આમ ન કરો. તમે દુ:ખી થાઓ છો તે મને ગમતું નથી. તમે બંને અંદર સૂઈ જાઓ.'

સ્નેહ પરસ્પર હોય છે. જેવો ભક્તનો ભગવાનમાં, એવો જ ભગવાનનો ભક્તમાં હોય છે. પ્રભુ પોતાના ભક્તનું સુખ વિચારે છે. કોઈ દિવસ નહિ ને આજે પ્રભુ બોલ્યા. બંનેના આનંદનો પાર ન હતો. કહે છે : 'કૃપાનિધાન, આપે આજ્ઞા કરી તે તો અમારાં અહોભાગ્ય! પરંતુ આપને શ્રમ પડે તેવું અમારાથી કેમ થાય? અમે બીજો ઉપાય કરીશું.'

બીજા દિવસે થોડું ઘાસ વગેરે લાવીને પડાળી ઉપર છાપરું છાઈ દીધું. બંને ત્યાં સૂવા લાગ્યાં. પલળતાં અટક્યાં. તે પણ પ્રભુની રુચિ સાચવવા માટે જ. પુષ્ટિમાર્ગીય પ્રેમ અને ત્યાગ કેવાં વિશિષ્ટ પ્રકારનાં છે!

'આ બંને ભગવદીયોએ નિષ્કિંચનતાવાળું જીવન ગાળીને પરમ દુર્લભ એવી ભગવત્ કૃપા, પ્રભુ પ્રત્યેના સ્નેહ અને સ્વસુખના ત્યાગ દ્વારા પ્રાપ્ત કરી હતી.' રાગિણીબેને સમાપન કરતાં કહ્યું.

'આ બધા ભગવદીયોએ પુષ્ટિભક્તિના કેવા ઉચ્ચ આદર્શો સ્થાપિત કરી આપ્યા છે! તેનું સ્મરણ કરતાં પણ રોમાંચ થાય છે. ચાલો હવે આશ્રયનું પદ બોલીએ'. હર્ષદભાઈની સાથે સૌ આશ્રયપદગાનમાં જોડાયાં.

તાદૃશી વૈષ્ણવ

એકવાર શ્રીગોકુલનાથજીને કલ્યાણ ભટ્ટે પૂછ્યું: 'મહારાજ, તાદશી વૈષ્ણવ કોને કહેવાય?'

શ્રીગોકુલનાથજીએ કહ્યું: 'પોતાનું નહિ પણ પ્રભુનું સુખ વિચારે તે તાદશી વૈષ્ણવ. સાચો વૈષ્ણવ સમય આવે હું તમને બતાવીશ.'

એકવાર શ્રીગોકુલનાથજીના જન્મદિવસે ગોકુલના બધા વૈષ્ણવો પ્રસાદ લેવા બેઠા હતા. શ્રીગોકુલનાથજીને એક વૈષ્ણવે ફરિયાદ કરી: 'મહારાજ, આ મારી બાજુમાં બેઠા છે એ વૈષ્ણવ પ્રસાદ લેતા નથી અને બેઠા છે ત્યારથી રડ્યા કરે છે.' શ્રીગોકુલનાથજીએ પૂછ્યું: 'કેમરે વૈષ્ણવ, પ્રસાદ કેમ નથી લેતા?'

પેલા વૈષ્ણવે બે હાથ જોડી વિનંતી કરી: મહારાજ, મારા પ્રભુને આજે મારાથી કોઈ સુંદર સામગ્રી આરોગાવી શકાઈ નથી. લૂણટીકડા (રોટલો ને મીઠું) ધરીને આવ્યો છું. તેથી આ બધો ભાતભાતનો પ્રસાદ મારા ગળે ઉતરતો નથી. મહાપ્રસાદ ન લઉં તો આપની આજ્ઞાનો અનાદર થાય તેથી બેઠો તો ખરો, પણ હવે પ્રસાદ લેવાતો નથી. તેથી આંખમાં આંસુ આવી ગયાં છે.

શ્રીગોકુલનાથજીએ કહ્યું: ધન્ય છે ભાઈ તમને અને તમારી વૈષ્ણવતાને. તમને મારી આજ્ઞાના અનાદરનો દોષ નહિ લાગે.

બાજુમાં ઊભેલા કલ્યાણ ભટ્ટે કહ્યું: જુઓ, તમે તે દિવસે પૂછતા હતાને કે તાદશી વૈષ્ણવ કોને કહેવાય? તમારે તાદશી વૈષ્ણવનાં દર્શન કરવાં હતાંને? આ ગયો તે મનથી પોતાના પ્રભુનું સુખ વિચારનારો વૈષ્ણવ તાદશી વૈષ્ણવ છે. પોતાનું નહિ પણ પોતાના સેવ્ય પ્રભુનું સુખ તેણે વિચાર્યું છે.

૩. તેરી એક રોમકી છબિ પર જગત વારી સબ નાખું

રાત્રે નવ લાગે કુશલ-નિયતિ સત્સંગ માટે ફોન સામે બેસવાની તૈયારી કરતાં હતાં ત્યાં જ ફોનની ઘંટડી રણકી ઊઠી. કુશલે રિસિવર ઊઠાવ્યું .

'હલો...'

'હલ્લો. કુશલભાઈ-નિયતિ, જિગર બોલું છું. જયશ્રીકૃષ્ણ.'

'જયશ્રીકૃષ્ણ. સત્સંગ માટે તૈયાર જ છીએ. ગઈકાલના પ્રસંગોની જ વાત ચાલતી હતી. હર્ષદભાઈ પાસેથી આજે પણ આવા પ્રભુ પ્રીત્યર્થે સેવા કરનાર ભગવદીયોના પ્રસંગો સાંભળવા છે.'

'હર્ષદભાઈ અને રાગિણીબેન હમણાં જ પ્રભુને પોઢાડીને મહાપ્રસાદ લેવા બેઠાં છે. આવી જશે. ત્યાં સુધી નિયતિબેન તમે એક પ્રસંગ કહો.' પ્રકાશે કહ્યું.

'ભલે. આજે પહેલો વારો મારો. ભગવદ્ સુખનો વિચાર કરી સેવા કરનાર એક વૈષ્ણવની વાત હું કરીશ.'

'આજે કામવનમાં બિરાજે છે એ પંચમ નિધિસ્વરૂપ શ્રીગોકુલચંદ્રમાજીની સેવા નારાયણદાસ બ્રહ્મચારી નામના વૈષ્ણવે જીવન પર્યંત પરમ પ્રીતિથી કરેલી. જ્યારે એમનો દેહ અશક્ત થયો ત્યારે શ્રીગોકુલચંદ્રમાજીએ તેમને સાક્ષાત્ દર્શન આપી આજ્ઞા કરી : 'નારાયણદાસ, તેં મારી ખૂબ સેવા કરી છે. તું કંઈક માગ.' ત્યારે નારાયણદાસે વિનંતી કરી : 'મહારાજ મારાથી આપની સેવા ન બને અને મારા ઘેરથી આપ પધારો ત્યારે શ્રીગુસાંઈજીના ઘેર પધારજો અને ત્યાં સેવા કરાવજો.'

આવું માગવામાં એમનો આશય એ હતો કે શ્રીગુસાંઈજીના ઘેર પ્રભુને સુખ મળે એવું બીજે ક્યાં મળે?

શ્રીગોકુલચંદ્રમાજી આ સાંભળી ઘણા પ્રસન્ન થયા. પોતાના ભક્તના ભાવથી વિવશ થયા. 'અરે, આને માગવાનું કહ્યું ત્યારે એ પોતાનું સુખ ન માગતાં મારું જ સુખ માગે છે.' આવા ભક્તોના ઋણમાંથી હું ક્યારે મુક્ત થઈશ?'

આમ રાતદિવસ જ્યાં પ્રભુના જ સુખનો વિચાર થાય તે પુષ્ટિમાર્ગની સેવા. એમાં ક્યાંય પોતાના સુખનો વિચાર ન હોય. સ્વામીના સુખમાં જ સેવકનું સુખ સમાઈ જાય. સ્વામીની પ્રસન્નતામાં જ સેવકની પ્રસન્નતા આવી જાય.'

હર્ષદભાઈ અને રાગિણીબેન આવી ગયાં હતાં.

હર્ષદભાઈએ કહ્યું : 'આ પ્રસંગની સાથે મને નરસિંહ અને મીરાંબાઈ યાદ આવે છે. નરસિંહ અને મીરાંબાઈ પ્રભુનાં અનન્ય ભક્તો હતાં. એમણે પ્રભુની ઘણી ભક્તિ કરેલી; પરંતુ એ ભક્તિ તત્સુખની ભાવનાથી નહોતી કરી. નરસિંહ મહેતાએ કુંવરબાઈનું મામેરું વગેરે પ્રસંગોએ લૌકિક કાર્યો માટે પ્રભુને શ્રમ આપેલો. મીરાંબાઈએ ઝેરના પ્યાલાનો ભોગ ધરેલો. ભગવાન તો ભક્તવત્સલ એટલે પોતાના ભક્તોનાં કામ દોડી દોડીને કર્યાં. પરંતુ આપણા પુષ્ટિમાર્ગની રીત જુદી છે. અહીં ભક્ત પોતાનાં કામ માટે પ્રભુને શ્રમ આપતો નથી. કદી પ્રાર્થના કરતો નથી. કદીક માગણી કરે છે તો એ ફક્ત પ્રભુના સુખ માટે કરે છે, પોતાના સુખ માટે નહિ.'

પ્રભુ પ્રસન્ન થાય તેવી સેવા કરનાર માટે શ્રીગુસાંઈજી શું કહે છે, જાણો છો? એ પ્રસંગ પણ યાદ કરવા જેવો છે.' જિગરે કહ્યું.

'એ પ્રસંગ તું જ સંભળાવ, જિગર.' હર્ષદભાઈએ કહ્યું.

ધોંધી નામના શ્રીગુસાંઈજીના એક સેવક. શ્રીગુસાંઈજીની કૃપાથી તેમને પ્રભુની લીલાનાં સાક્ષાત્ દર્શન થયેલાં. તેઓ મધુર કંઠે કીર્તન

ગાતા. મૃદંગ સરસ બજાવતા. ગોકુળમાં શ્રીનવનીતપ્રિયાજીની કીર્તનસેવા આઠે સમામાં કરતા.

એકવાર શ્રીગુસાંઈજી શ્રીગિરિરાજજી ઉપર શ્રીનાથજીની સેવામાં પધારેલા. શ્રીનવનીતપ્રિયાજીની સેવામાં શ્રીગિરિધરજી હતા. રાજભોગ સમયે ધોંધીએ એવું કીર્તન ગાયું, રાગ અને તાલની એવી સુંદર જમાવટ કરી કે શ્રીનવનીતપ્રિયાજી સ્વયં પોતાના શ્રીહસ્તથી પોતાના સાથળ ઉપર તાલ આપવા લાગ્યા. શ્રીગિરિધરજી આ દર્શન થતાં પ્રસન્ન થઈ ગયા. પોતાના શ્રીહસ્તમાં પહેરેલા સુવર્ણના કડાં ઉતારીને શ્રીપ્રભુને ન્યોછાવર કરીને ધોંધીને આપી દીધા.

શ્રીગુસાંઈજી ગોકુળ પધાર્યા ત્યારે આ સમાચાર જાણ્યા. આપે પ્રસન્ન થઈને શ્રીગિરિધરજીને આજ્ઞા કરી: 'ગોવર્ધન, બસ કડાં જ આપ્યાં? અરે આપણા પ્રભુ જેનાથી પ્રસન્ન થાય તેના ઉપર તો આપણું સર્વસ્વ ન્યોછાવર કરી દઈએ તોય ઓછું છે. આપણા પ્રભુ કલાના સાગર છે. કલામાં બેનમૂન છે. સંગીતના બધા કલાકારોમાં તેમનો જ અંશ છે. આવા આપણા પ્રભુ જ્યારે કોઈક કલાકારની કલાથી રીઝે ત્યારે એ કલાકારની કલાનું શું કહીએ? એ કલાકારના ભાગ્યનું શું કહીએ? આવું કવચિત જ બને.'

'શ્રીહરિરાયજી આ જ વાત એક કીર્તનમાં કહે છે: **'તેરી એક રોમકી છબિ પર જગત વારી સબ નાખું.'** હે પ્રભુ, તમારા શ્રીઅંગ પરના અસંખ્ય રોમમાંથી એક રોમ પણ પ્રસન્ન બની ઊઠે એવાં [illegible] મને થાય તો, આખું જગત જો મારી માલિકીનું હોય તો એ જગત પણ આપની પ્રસન્નતા ઉપર ન્યોછાવર કરી દઉં.' રાગિણીબેને શ્રીહરિરાયજીને યાદ કરી લીધા.

'આવો જ એક પ્રસંગ કાંકરોલીના ઘરનો મને યાદ આવે છે. કાંકરોલીના ઘરમાં ભવાઈવાળા શ્રીગિરિધરલાલજી મહારાજ થયા. તેઓ તેમના સેવ્ય શ્રીદ્વારકાધીશ પ્રભુ માટે ભવાઈના ખેલ કરાવતા. પ્રભુની પ્રસન્નતા થતી તેથી ભવૈયાઓને મોટી રકમ આપતા. એકવાર નાથદ્વારાથી

તિલકાયત શ્રીદાઉજી મહારાજ પધાર્યા. ભવાઈનો ખેલ જોતાં જોતાં તેમને કોઈ બાળકના ખડખડાટ હસવાનો અવાજ સંભળાયો. બાજુમાં જોયું તો શ્રીગિરિધરલાલજી મહારાજની ગોદમાં બિરાજેલા શ્રીદ્વારકાધીશપ્રભુ ભવાઈનો ખેલ જોઈ પ્રસન્ન થઈ હસી રહ્યા છે, એવા સાક્ષાત્ દર્શન તેમને થયાં. શ્રીદાઉજી મહારાજ પ્રસન્ન થઈ ગયા. પોતાના શ્રીહસ્તમાં પહેરેલાં સુવર્ણનાં કડાં શ્રીપ્રભુને ન્યોછાવર કરી ભવૈયાઓને આપી દીધાં.' પ્રકાશે પોતાને યાદ આવેલો પ્રસંગ કહ્યો.

'આ બધા પ્રસંગો બતાવે છે કે આ માર્ગ પ્રભુની પ્રસન્નતાનો છે. આપણી સેવાથી એ નંદનંદન રીઝે એ જ આપણું ધ્યેય હોવું જોઈએ. પ્રભુની પ્રસન્નતા માટે સર્વસ્વના ન્યોછાવરનો છે.' રાગિણીબેને સમાપન કરતાં કહ્યું.

'જિગર, આજે તારે કંઈ કહેવાનું નથી?'

'મને એક પ્રસંગ યાદ તો આવી રહ્યો છે. તમને બધાંને સમય હોય તો કહું.'

'અરે, જરૂર. સમય જ છે. રાત આપણી જ છે. શાંતિથી કહે.' હર્ષદભાઈએ ખુશી બતાવતાં કહ્યું.

'શ્રીમહાપ્રભુજીના સેવક વેણીદાસ અને માધવદાસ બે ભાઈઓ. વેણીદાસ વ્યવહારુ અને માધવદાસ ધૂની સ્વભાવના. કડા ગામમાં રહેતા. ગદાધરદાસના સંગથી માધવદાસનું જીવન નિર્મળ થવા લાગ્યું હતું.

એક વખત કોઈ ઝવેરી કીમતી મોતીની માળાઓ લઈને કડા ગામે આવ્યો. એમાં એક તો અત્યંત સુંદર માળા હતી. એની કિંમત પણ ઘણી મોટી હતી. માધવદાસને એ જોતાં જ મન થઈ ગયું : ''મારા શ્રીનવનીતપ્રિયજીને આવી માળા ધરાવું તો કેવું સારું!''

એ વેણીદાસને કહે છે : ''મોટાભાઈ, મારે આ માળા લેવી છે. એ ધરાવીએ તો પ્રભુ કેવા રીઝે!''

''અરે, આ તું શું બોલ્યો! આપણું ગજું નથી કે આ માળા માટે આટલું ખર્ચ કરીએ.'' ભાઈએ વ્યવહારુ વિચાર કરતાં ના પાડી.

''પ્રભુ-સુખના મનોરથમાં ખર્ચનો વિચાર કરાય?'' માધવદાસે દલીલ કરી.

જવાબ મળ્યો : ''જે ખર્ચ કરીએ છીએ તે પ્રભુને માટે જ કરીએ છીએ ને! માળાથી શું વધારે છે!''

પણ માધવદાસને તો ખરી ધૂન લાગી હતી. એ બોલ્યા : ''ભાઈ, તમે ખર્ચ ન કરશો. મારે કરવું છે. ચાલો, આપણે ભાગ વહેંચી લઈએ. તમે તમારી રીતે રહો અને હું મારી રીતે!''

મિલકતની વહેંચણી થઈ ગઈ, પણ માધવદાસના ભાગમાં આવેલી રકમ માળા ખરીદવા માટે પૂરતી ન હતી. એટલે એ મૂડી લઈને દક્ષિણ પ્રદેશમાં વેપાર કરવા માટે ગયા. ત્યાં સારું કમાયા. અનેક સ્થળે શોધીને, પેલી માળાથીયે ઉત્તમ અને કીમતી મોતીની માળા ખરીદી લઈને ઘેર આવવા નીકળ્યા.

રસ્તામાં એક મોટી નદી આવી. બીજા પ્રવાસીઓ સાથે એ નાવમાં બેઠા. નાવ મધ્યધારાએ પહોંચી, ત્યાં તો વાવાઝોડું થયું.

નાવ ડોલમડોલા થઈ રહી છે. પ્રવાસીઓ ગભરાઈ ઊઠ્યા છે; મૃત્યુને સમીપ આવતું જોઈને કકળાટ કરી રહ્યા છે. પણ એક નવાઈની વાત! માધવદાસ હસી રહ્યા છે, ધીમું ધીમું કંઈક બોલી રહ્યા છે. સૌને લાગે છે કે ''આ કોઈ મહાપુરુષ છે. એને મરણનો પણ ભય નથી.''

એ હસે જ ને! શ્રીનવનીતપ્રિયજી એમને દર્શન આપી રહ્યા છે. દસેક વર્ષના બાળકના હાથમાં લાલ લાકડી છે. લાકડી નાવમાં દબાવી રહ્યા છે અને કહી રહ્યા છે : ''માધવદાસ, તું મને છોડીને કેમ ગયો?''

''પ્રભુ, આપને માટે માળા લેવા ગયેલો.''

ઠાકોરજી આજ્ઞા કરે છે : ''તું જો, મારી પાસે કેવી કેવી માળાઓ છે!'' પોતે ધરેલી કીમતી મુક્તામાળાઓ પ્રભુ બતાવે છે.''

માધવદાસ કહે છે : ''પ્રભુ એમાં શું! મારા મનોરથની માળા અંગીકાર કરો ત્યારે મને આનંદ થાય ને!''

શ્રીઠાકોરજી કહે છે : ''હું નાવ ડુબાવું છું. મરી જઈશ તો માળા મને કેવી રીતે ધરીશ? તારું બળ કેટલું? બોલ, નાવ ડુબાવું ને?''

બિલકુલ ગભરાયા વિના, માધવદાસ કહે છે, નિજેચ્છાતઃ કરિષ્યતિ। આપની ઈચ્છામાં આવે તે જ કરો. એમનું મુખ હસી રહ્યું છે.

આવી દૃઢતા જોઈને પ્રભુ પ્રસન્ન થયા. લાકડી ઉઠાવી લીધી. બહાર વાવાઝોડું શમી ગયું. નાવ બચી ગઈ. લોકો સમજ્યા કે આ ભક્ત સાથે હોવાથી, એમને પ્રતાપે જ આપણે બચ્યા. સૌ માધવદાસનો આભાર માનવા લાગ્યા.

નાવ કિનારે પહોંચી. માધવદાસ પ્રવાસ પૂરો કરીને પોતાને ઘરે આવ્યા. મનોરથની માળા શ્રી નવનીતપ્રિયાજીને ધરી. ભગવદીય અને ભગવાન બન્ને ખૂબ પ્રસન્ન થયા.

'જિગર, તું જાણે છે આજે પણ એ માળા શ્રીનવનીતપ્રિયાજીને ધરાય છે અને 'માધવદાસની માળા' તરીકે ઓળખાય છે?' રાગિણીબેને પૂછ્યું.

'હા, એ યાદ આવતાં થાય છે ભગવદીયની ભાવના પ્રભુ કેવી કૃપાથી અંગીકાર કરે છે!'

'આ માર્ગ ભાવનાનો, પ્રેમનો, કૃપાનો માર્ગ છે.'

'આજે ઘણો સમય થયો છે. ચાલો આશ્રયનું પદ બોલીએ.'

■

પિય તોહિ નયનન હી મેં રાખોં ।
તેરી એક રોમ કી છબિ પર જગત વારોં સબ નાખોં ॥૧॥
ભેટોં સકલ અંગ સાંવલકો અધરસુધારસ ચાખોં ।
રસિકપ્રીતમ સંગમ કી બાતેં કાહૂસોં નહીં ભાખોં ॥૨॥

૪. સ્વામીના સુખ માટે સેવા

'પ્રકાશભાઈ... જિગરબેન... જયશ્રીકૃષ્ણ.' રવિવારે બપોરે બરાબર ત્રણ વાગે કુશલ-નિયતિ પ્રકાશભાઈના ઘેર પહોંચી ગયાં.

'આવો આવો... જયશ્રીકૃષ્ણ' જિગરે બંનેને આવકાર્યાં.

'આજે આપણે શરૂ કરીએ. હર્ષદભાઈ અને રાગિણીબેન આવતીકાલના ઉત્સવની તૈયારીમાં રોકાયાં છે. સાડાત્રણ વાગે આવશે એવો ફોન આવી ગયો છે.' પ્રકાશભાઈએ કહ્યું.

'આવતી કાલનો ઉત્સવ? કાલે કયો ઉત્સવ છે?' નિયતિને કંઈ યાદ ન આવતાં તે પૂછી બેઠી.

'આવતી કાલે એમના શ્રીઠાકોરજીનો પાટોત્સવ છે.'

'હા હા, ગયા રવિવારે વાત થઈ હતી. મારા ખ્યાલ બહાર ગયું; પણ આ વાત ઉપરથી મને એક વિરક્ત વૈષ્ણવ યાદ આવી ગયા. ઉત્સવનો દિવસ ભૂલવો નહિ એવું એ વૈષ્ણવે આપણને બતાવ્યું છે.' નિયતિએ યાદ કરતાં કહ્યું.

'નિયતિ, આજના આપણા સત્સંગની શરૂઆત એ વિરક્ત વૈષ્ણવના અનુભવની વાતથી જ કરીએ. તું એ પ્રસંગ સંભળાવ.' કુશલે નિયતિને આગ્રહ કર્યો.

'ભલે ભલે. કહું છું. સાંભળો.' નિયતિએ ખોંખારો ખાઈ પ્રસંગ કહેવાની શરૂઆત કરી.

વ્રજમાં કોકિલાવનમાં એક વિરક્ત વૈષ્ણવ ફરતા ફરતા આવ્યા છે. સાથે ઝાંપીજીમાં શ્રીનવનીતપ્રિયાજી બિરાજે છે. દાળ-બાટી બનાવે છે. પ્રભુને જગાવીને ભોગ ધરવાની તૈયારી કરે છે, ત્યાં એમને અચાનક યાદ આવે છે : 'ઓહો, આજે તો દોલોત્સવનો દિવસ છે!'

મનમાં પરિતાપ થયો. આવો મોટો ઉત્સવ અને મારાથી ભૂલાઈ ગયો? મારાથી પ્રભુ માટે કંઈ સામગ્રી ન બની! હું એમને કેટલો શ્રમ આપી રહ્યો છું! પણ હવે શું થાય? દાળબાટીમાંથી થોડી રાજભોગમાં ધરી. થોડી બીજા ત્રણ ભોગ માટે રાખી. વનમાં ફરીને એક મનોહર નિકુંજ શોધી કાઢી. ત્યાં વૃક્ષ સાથે વેલીઓ લપટાઈને ઝૂલી રહી હતી. જાતજાતનાં પુષ્પો ખીલ્યાં હતાં. આંબાડાળે કોકિલાનો મીઠો કલરવ થતો હતો.

ત્યાં લટકતી લતાઓના છેડા ભેગા કરીને બાંધ્યા. પછી ત્યાં હથેળી રાખીને, નાનકડા લાલનને હાથમાં પધરાવીને, વેલીઓ સહિત મંદ મંદ ઝૂલાવ્યા. પક્ષીઓના કલરવને વાજિંત્રો માન્યાં. મોટેથી કીર્તન આલાપ્યું.

ગહવર સરસ ઘન નિકુંજ, છાયાતર રોપ્યો ડોલ.
તહાં નાગરી-નાગર દોઉ પ્રેમસોં ઝૂલે...

મનમાં આનંદ-પરમાનંદ પ્રગટ્યો છે. ડોલનું ભાવાત્મક સ્વરૂપ તાદૃશ થઈ રહ્યું છે. વનમાંથી કેસૂ કુસુમ લાવી એનો રંગ બનાવ્યો છે. રંગબેરંગી પુષ્પોને રંગો માન્યા છે. રંગોથી ખેલાવે છે. નવનીતલાલ પ્રભુ હસતા જાય છે અને ઝૂલતા જાય છે. પછી વૃક્ષની છાયામાં પધરાવીને દાળબાટીનો ભોગ ધરે છે. ચારે ખેલમાં - ચારે ય વખત દાળબાટીનો ભોગ ધરી મનથી વિવિધ સામગ્રીઓની ભાવના કરી.

જેવો આનંદ વૈષ્ણવના હૃદયમાં છે, એવો જ આનંદ શ્રીઠાકોરજી પણ માની રહ્યા છે. આપે પ્રસન્નતાથી એની ઉત્સવની સેવાનો અંગીકાર કર્યો. એટલે સુધી કે પોતે શ્રીગુસાંઈજીની પાસે પધારીને જણાવ્યું : 'આજે તો આપના એક વિરક્ત વૈષ્ણવે મને બહુ સરસ ડોલ ઝૂલાવ્યો. ઘણું સુખ આપ્યું.'

પેલા વૈષ્ણવ ફરતા ફરતા જ્યારે શ્રીગુસાંઈજી પાસે આવ્યા ત્યારે પોતે પૂછ્યું : 'કેમ વૈષ્ણવ, આ વખતે તમે બહુ સરસ રીતે દોલોત્સવ કરેલો? પ્રભુ બહુ રીઝ્યા છે. ઘણી સામગ્રીઓ કરી હતી?'

વૈષ્ણવ ગદ્‌ગદ્ થતાં બોલ્યા : 'કૃપાનિધાન, આ વખતે તો મારાથી કંઈ બન્યું ન હતું. ઉત્સવ જ ભૂલમાં ગયો હતો. યાદ આવ્યો એટલે આપનું સ્મરણ કરીને પ્રભુને ગાંડાઘેલા કાલાવાલા કર્યા ને મન મનાવ્યું. પ્રભુ, આપની કાનિથી જ શ્રીનવનીતપ્રિયાજી માની લે છે. હું તો ફરતો રહું છું. પ્રભુને શ્રમ આપું છું.'

શ્રીગુસાંઈજી એમનો ઉચ્ચ ભાવ અને પરમદૈન્ય જોઈ ઘણા પ્રસન્ન થયા.

'આ વિરકત વૈષ્ણવનો પ્રસંગ બતાવે છે કે ઉત્સવમાં અને સેવામાં સંપત્તિનું કે સામગ્રીનું મહત્વ નથી. મુખ્ય મહત્વ છે હૃદયના પ્રેમનું, માટે હંમેશા આપણા શ્રીઠાકોરજીને આપણી સાથે જ રાખવા. જ્યાં જઈએ ત્યાં જેવી અનુકૂળતા હોય તેમ સેવા અને ઉત્સવનો પ્રકાર કરવો; પરંતુ મન અતિ પ્રસન્ન રાખીને સેવામાં પહોંચવું. ઉત્સવની ભાવના વિચારી ઉત્સવ કરવો'. નિયતિએ સમાપન કરતાં કહ્યું.

'હા, સાચું છે. વૈષ્ણવે કદાપિ ઉત્સવનો દિવસ ભૂલવો નહિ. આપણા શ્રીઠાકોરજી બાલ સ્વરૂપે બિરાજે છે. જેમ લૌકિક બાળક આવનારા તહેવારોની પહેલેથી રાહ જુએ છે. તેમ શ્રીઠાકોરજી પણ ઉત્સવની રાહ જોતા આતુર હોય છે. તેથી ઉત્સવનો દિવસ ભૂલાઈ ન જાય અને ઉત્સવ અંગીકાર ન થાય, એવું ન બને, તેનું ખાસ ધ્યાન રાખવું.' હર્ષદભાઈ આવી ગયા હતા. તેમણે વધુ સ્પષ્ટતા કરી.

'ઉત્સવના દિવસે શ્રીઠાકોરજીને યથાશક્તિ સામગ્રી જરૂર આરોગાવવી અને આનંદથી ઉત્સવ મનાવવો.' રાગિણીબેને પોતાના મનની વાત કહી.

'એટલે જ આજે તમે મોડાં પડ્યાં. આવતી કાલના ઉત્સવની તૈયારી કરીને આવ્યાં. ખરુંને?' જિગરે રાગિણીબેનને પૂછ્યું.

'બહેન, આપણાથી શું બને છે? યથાશક્તિ પ્રભુને કાલાવાલા કરીએ છીએ. ૮૪-૨૫૨ ભગવદીય તો રાત દિવસ પ્રભુના સુખનો વિચાર કરી સેવા કરતા.'

'આજે રાગિણીબેન, એવા કોઈ ભગવદીયની વાર્તા કહો; જેમણે રાતદિવસ સતત સેવા કરી હોય.'

'ભલે, સાંભળો.'

મધુસૂદનદાસ નામે એક બંગાળી બ્રાહ્મણ હતા. તેઓ શ્રીગુસાંઈજીના સેવક થયા. આપશ્રીએ તેમને શ્રીનાથજીના પાનઘરની સેવા સોંપી. સેવા ગમે તે પ્રકારની હોય પરંતુ તે નિષ્ઠાપૂર્વક કરવામાં આવે તો અવશ્ય ફલદાયક બને છે. શ્રીઠાકોરજી તેનાથી પ્રસન્ન થાય છે.

મધુસૂદનદાસને પાનઘરની સેવામાં આસક્તિ લાગી ગઈ. પોતાના નિર્વાહ માટે ગામમાં ફરી કોરી ભિક્ષા માગી લાવે. રસોઈ કરી, માનસીમાં ભોગ ધરી, દિવસમાં એકવાર પ્રસાદ લઈ લે. બાકીના બધા સમયમાં પાનઘરની સેવા કરે. શ્રીજીબાવાનું સુખ વિચારી અત્યંત કાળજીથી પાનનાં બીડાં તૈયાર કરે.

ઉષ્ણકાલ આવ્યો. સખત ગરમી અને બાફના દિવસો. પ્રભુને પાકાં પાનનાં બીડાં વિશેષ સુખદાયક થાય. પાન દૂર દેશાવરથી સામટાં આવે. એ સમયમાં ટ્રેઈનો હતી નહિ કે જેથી દરરોજ પાન આવી શકે. બાફથી પાન બગડી જાય તો બીડાં બની ન શકે. વળી શ્રીજીબાવાને અંગીકાર થવા આવેલાં પાન અંગીકાર થયાં વિના નકામાં થઈ જાય. અહીં તો શાક, મેવો, પાન, ફૂલ બધું જ ભાવાત્મક છે, સ્વરૂપાત્મક છે. આ સિદ્ધાંત મધુસૂદનદાસને સ્ફૂરેલો હતો. તેથી પાન બગડે નહિ એની એ ખૂબ કાળજી રાખતા.

પ્રભુના સુખનો વિચાર કરીને જેમ ગરમીમાં પ્રભુને પંખો કરાય છે તેમ આ વૈષ્ણવ શ્રીજીના પાનને પંખાથી પવન નાખ્યા કરતા. તે માટે રાત્રે પણ એ જાગરણ કરતા. આખા દિવસના થાકેલા હોવા છતાં રાતમાં જાગીને પણ પવન નાખ્યા કરતા. સેવાની નિષ્ઠાની યે આ તો પરાકાષ્ટા હતી!

શ્રીગુસાંઈજી રાતમાં જાગે ત્યારે બધે સ્થળે નજર કરી લેવાની આપશ્રીને ટેવ હતી. એક દિવસ રાતમાં પોતે પાનઘરમાં પધાર્યા. જુએ

છે તો પાનઘરમાં મધુસૂદનદાસજી બેઠાબેઠા ઝોકાં ખાઈ રહ્યા છે. આંખમાં ઊંઘ ભરાયેલી છે; પણ હાથમાં પંખો છે એ હાલ્યા કરે છે! 'ઓહો, સેવાનું આવું વ્યસન! ઊંઘમાંયે સેવા ચાલે છે!' આપશ્રીથી બોલાઈ ગયું.

મધુસૂદનદાસ જાગી ગયા. દંડવત્ કરી આપશ્રીની ક્ષમા માગી.

'મહારાજ શું કરું? સતત જાગવું જોઈએ. પણ દેહધર્મ બાધા કરે છે. વચમાં જરા ઝોકું આવી ગયું.'

વાણીમાં ઝળકી રહેલો એમનો ભાવ અને દીનતા જોઈ આપશ્રી અધિક પ્રસન્ન થયા. પોતે વૈષ્ણવોને આજ્ઞા કરતા : 'તમે લૌકિક વ્યસનીઓ તો ઘણા જોયા હશે પણ સેવાના સાચા વ્યસનીને જોવા હોય તો મધુસૂદનદાસને જુઓ!'

'આ પ્રસંગ જુદી જુદી સેવા માટે પડાપડી કરનારા વૈષ્ણવો માટે સમજવા જેવો છે. ભલે ગમે તે એક સેવા પ્રાપ્ત થાય પણ તે આવી સાવધાનીપૂર્વક ભગવત્સુખ વિચારીને કરવી જોઈએ. સ્વાર્થત્યાગપૂર્વક ભગવદ્સુખનો વિચાર એ જ પુષ્ટિમાર્ગનું રહસ્ય છે.' હર્ષદભાઈએ સમજાવ્યું.

'આપણા પુષ્ટિમાર્ગમાં ભગવદ્ સુખનો વિચાર કરીને સેવા પ્રકાર ગોઠવાયેલો છે. તેની પ્રતીતિ રાજા માનસિંહને પણ થયેલી. એક વખત તેઓ વ્રજયાત્રા કરવા દિલ્હીથી મથુરા આવ્યા. મથુરામાં બધાં મંદિરોએ તેઓ દર્શન કરવા ગયા. ત્યાંના પૂજારીઓએ જાણ્યું કે રાજા માનસિંહ દર્શન કરવા આવવાના છે. તેઓ રાજી થશે, તો મોટી દક્ષિણા-ભેટ વગેરે આપશે. તે વખતે ઉનાળાના સખત ગરમીના દિવસો હતા; છતાં પૂજારીઓએ લોભવશ શ્રીઠાકોરજીને જરીનાં ભારે વસ્ત્રો અને ભારે આભૂષણોથી સજ્જ કર્યા. મંદિરમાં પુષ્કળ રોશની કરી. રાજા માનસિંહ ગરમીમાં બીજી આટલી ગરમી જોઈ અકળાઈ ગયા.

તેઓ સાંજે મથુરાથી ગિરિરાજ ગયા. ત્યાં શ્રીજીબાવાનાં દર્શન કરવા ગયા. ત્યાં તેમને તદ્દન વિરુદ્ધ અનુભવ થયો. શ્રીનાથજીએ સફેદ મલમલની સાદી પરદની ધરી હતી. શ્રીકંઠમાં મોતીની બે ત્રણ માળાઓ

હતી. અન્ય શૃંગાર સૂક્ષ્મ મોતીના અલ્પ પ્રમાણમાં હતા. શ્રીમસ્તકે સફેદ પાઘ અને મોરચંદ્રિકા હતી. પુષ્પોની સુંદર કલાત્મક માળા ધરી હતી. આગળ ફૂવારા ઊડતા હતા. તેમાંથી અત્તરની સુવાસ આવતી હતી. ચારે બાજુ જળ છંટાયું હતું. સેવકો શ્રીઠાકોરજીને ખસના પંખાથી વાયુ ઢોળતા હતા. તંબૂરના સૂર સાથે મીઠી હલકથી કીર્તન ગવાતું હતું. આવાં દર્શન કરીને રાજા માનસિંહનું રોમરોમ પ્રસન્ન થયું. તેમને લાગ્યું કે શ્રીઠાકોરજીનું સાચું સુખ અહીં જ છે.

'જિગર, તેં કહેલો આ પ્રસંગ બતાવે છે કે આપણી સેવા આપણા સુખ માટે, કોઈ મોટા માણસને આંજી દેવા માટે કે તેની પાસેથી મોટો લાભ મેળવવા માટે નથી. આપણો સેવા પ્રકાર કેવળ શ્રીઠાકોરજીના સુખ માટે છે.'

'શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે હૃદયમાં શુદ્ધ ભાવ રાખીને સેવા કરવી. દુનિયાના લોકો પાસે આપણું કામ કઢાવવા, તેમને ખુશ કરવા જેવી ચતુરાઈ કરીએ છીએ એવી ચતુરાઈ શ્રીઠાકોરજી પાસે ન કરવી. તેઓ અંતર્યામી છે. આપણા હૃદયને જાણનારા છે. આપણે તેમને છેતરી શકતા નથી. માટે સેવામાં હંમેશા શ્રીઠાકોરજીનું સુખ વિચારવું.'

'રાગિણીબેન, ઉજ્જૈનના કૃષ્ણભટ્ટનો પણ એક પ્રસંગ છે. તેઓ ઘણા સમય સુધી શ્રીનાથજીની સેવામાં રહેલા, પરંતુ કદી શ્રીજીબાવાનાં ચરણસ્પર્શ નહિ કરેલા.' નિયતિએ યાદ કરતાં કહ્યું.

'શાથી નહિ કરેલા? શ્રીજીબાવાનાં ચરણસ્પર્શ કરવાની તક મળતી હોય તો હું તો કદી જતી ન કરું.' પ્રકાશે આતુરતાથી પૂછયું.

'નિયતિ એ પ્રસંગ સંભળાવ.' કુશલે પણ આગ્રહ કર્યો.

'સાંભળો, ઉજ્જૈનમાં કૃષ્ણભટ્ટ નામે મહાભગવદીય રહેતા. તેઓ શ્રીગુસાંઈજીના ઘણા કૃપાપાત્ર હતા. શ્રીગુસાંઈજીએ તેમને શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ અને પોતાનાં પાદુકાજી પધરાવી આપેલાં. કૃષ્ણભટ્ટ પોતાના પરિવાર સાથે, ઘરમાં રહીને તન-મન-ધનથી પ્રભુની

સેવા કરતા. સેવા કરતાં કરતાં શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવમાં તેમનો ભાવ વધતો ગયો. વૈષ્ણવોની પણ તેઓ પ્રેમથી સેવા કરતા.

શ્રીગુસાંઈજીના સેવક ચાચા હરિવંશજીના સત્સંગથી પુષ્ટિમાર્ગમાં તેમના મનની દૃઢતા થઈ. તેમણે સેવાની પ્રણાલિકા પણ જાણી.

કૃષ્ણભટ્ટ સેવાથી બાકીના સમયમાં એકાંતમાં બેસી શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના ગ્રંથો વાંચે અને તેનું મનન કરે. સત્સંગ માટે વૈષ્ણવો આવે તો તેમને પણ તે ગ્રંથો સમજાવે. વરસમાં બે ત્રણ મહિના ગોકુળ શ્રીગુસાંઈજીનાં દર્શને જાય અને ત્યાં પણ ઘણી સેવા કરે.

એક વખત કૃષ્ણભટ્ટ વ્રજમાં ગયા. શ્રીગુસાંઈજીની આજ્ઞા થવાથી તેઓ શ્રીગોવર્ધનપર્વત ઉપર શ્રીનાથજીની સેવામાં રહ્યા. તેઓ દરરોજ શ્રીનાથજીને શૃંગાર કરે. બધી સેવા પહોંચે; પરંતુ કદી શ્રીનાથજીના ચરણસ્પર્શ ન કરે. તેમના મનમાં એવો ભાવ રહેતો કે સેવામાં શ્રીનાથજીનું સુખ છે. હું ચરણસ્પર્શ કરું તેમાં મને સુખ છે. શ્રીનાથજીને શું સુખ? આમ વિચારી તેઓ ચરણસ્પર્શ ન કરે; પરંતુ સાથે સાથે એમના હૃદયમાં એવો વિરહ ભાવ રહે કે શ્રીઠાકોરજી કૃપા કરીને ચરણસ્પર્શ આપશે તો હું જરૂર કરીશ. શ્રીનાથજીના ચરણસ્પર્શ કરવાની મારામાં યોગ્યતા છે કે નહિ, તે હું શી રીતે જાણું? આમ સેવા કરતાં કરતાં ઘણા દિવસો પસાર થયા.

એક દિવસ શ્રીગુસાંઈજી શ્રીનાથજીના શૃંગાર કરી રહ્યા હતા. કૃષ્ણભટ્ટ પાસે ઊભા ઊભા શ્રીનાથજીને પંખો કરવાની સેવા કરતા હતા. તે સમયે શ્રીનાથજીએ શ્રીગુસાંઈજીને કહ્યું : 'કાકાજી, આ કૃષ્ણ ભટ્ટ આટલા દિવસથી મારી સેવા કરે છે, પરંતુ તેણે કદી મારા ચરણસ્પર્શ કર્યા નથી.'

'કેમરે, કૃષ્ણભટ્ટ, શ્રીનાથજી શું કહે છે? તમે સાંભળ્યું?'

'મહારાજ, શ્રીનાથજી સત્ય કહે છે. પરંતુ આપ શ્રીજીબાવાને પૂછો કે આપના ચરણારવિંદને સ્પર્શ કરવાની મારી યોગ્યતા છે? તેઓ મને ચરણસ્પર્શ કરાવશે? આપ આજ્ઞા આપે તો હું ચરણસ્પર્શ કરું.'

શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈને પૂછયું : 'બાવા, આપે કૃષ્ણભટ્ટની વાત સાંભળી?'

શ્રીનાથજીબાવાએ સાક્ષાત્ દર્શન આપી આજ્ઞા કરી : 'કૃષ્ણભટ્ટ, મારી સામે આવો. શ્રીજીબાવાએ પોતાનો જમણો ચરણારવિંદ ચરણચોકી ઉપરથી ઊંચો કરી, આગળ લંબાવી કૃષ્ણભટ્ટને ચરણસ્પર્શ કરાવ્યાં. શ્રીગુસાંઈજીએ પ્રસન્નતાપૂર્વક આજ્ઞા કરી : 'કૃષ્ણભટ્ટ, તમે મહાભાગ્યશાળી છો.'

કૃષ્ણભટ્ટે શ્રીજીબાવાને અને શ્રીગુસાંઈજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. વિનંતી કરી : 'મહારાજ, આપના ચરણારવિંદના પ્રતાપબળથી આ ચરણારવિંદ સદાને માટે મારા હૃદયમાં બિરાજો.

શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીની સન્મુખ તેમને આશીર્વાદ આપી તથાસ્તુ કહ્યું.

'આમ કૃષ્ણભટ્ટે પોતાની ઈચ્છાથી, પોતાના સુખ માટે શ્રીનાથજીના ચરણસ્પર્શ ન કર્યા પણ શ્રીનાથજીબાવાની ઈચ્છા જાણી કર્યા. શ્રીજીબાવાની પ્રસન્નતા માટે, સુખ માટે કર્યા.' નિયતિએ પ્રસંગનું રહસ્ય સમજાવ્યું.

'નિયતિ, જિગર, તમે બંને જણ ભગવદીયોની વાર્તાઓના પ્રસંગો વાંચીને, યાદ રાખીને સરળ રીતે કહો છો ત્યારે એ સાંભળવામાં અનેરો આનંદ આવે છે.'

'હર્ષદભાઈ, તમે એ પ્રસંગોનું રહસ્ય સમજાવો છો ત્યારે આપણા એ મહાન ભગવદીયોએ કરેલી સેવા અને તેનાથી થયેલી પ્રભુની પ્રસન્નતા વિશે સાચી સમજ મળે છે.'

■

૫. ગુરુભક્તિની ચરમસીમા

આજે પવિત્રા બારસનો પવિત્ર દિવસ. પુષ્ટિમાર્ગનો સ્થાપના દિન! સેવામાંથી પહોંચી સૌ શ્રીગુરુદેવને પવિત્રા ધરાવવા મંદિરે ગયાં છે.

ઘેર આવી મહાપ્રસાદ લઈ પરવાર્યા ત્યાં તો ત્રણ વાગવા આવ્યા. સત્સંગનો સમય થયો. કુશલ-નિયતિ પ્રકાશભાઈને ત્યાં પહોંચ્યા. હર્ષદભાઈ અને રાગિણીબેન પણ આવી ગયાં હતાં. સૌએ એકબીજાને પવિત્રું ધરી, મીસરી લેવડાવી. મલકાતા મુખે ભગવદ્ સ્મરણ કર્યા. આજના ઉત્સવનો આનંદ સૌના મુખ ઉપર ઝળકતો હતો.

'હર્ષદભાઈ, સૌથી પહેલાં તો આજના દિવસનું મહત્ત્વ સમજાવો.' પ્રકાશે પોતાની ઈચ્છા જણાવી.

'પ્રકાશભાઈ, શ્રાવણ સુદ અગિયારસની મધ્યરાત્રિએ શ્રીપ્રભુએ શ્રીમહાપ્રભુજીને સાક્ષાત્ દર્શન આપી જીવોને બ્રહ્મસંબંધ કરાવવાની આજ્ઞા કરી હતી. સાથે-સાથે ખાત્રી આપી હતી કે તમે જે જીવોને આ બ્રહ્મસંબંધ દીક્ષા આપશો, જે જીવને બ્રહ્મસંબંધ કરાવી શરણે લેશો, તેને હું કદાપી છોડીશ નહિ.'

'શ્રીમહાપ્રભુજીએ સવારમાં શ્રીપ્રભુની આ આજ્ઞા સાથેના અંતરંગ વૈષ્ણવોને સમજાવી. તે માટે સિદ્ધાંત રહસ્ય ગ્રંથ રચી દામોદરદાસજીને સંભળાવ્યો.'

'શ્રાવણ સુદ બારસના દિવસે બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા સૌ પ્રથમ દામોદરદાસ હરસાનીજીને આપી. આ દિવસે પુષ્ટિમાર્ગની સ્થાપના થઈ, તેથી આજનો દિવસ પુષ્ટિમાર્ગનો સ્થાપનાદિન છે. દામોદરદાસજી દ્વારા આપણને સૌને બ્રહ્મસંબંધની દીક્ષા મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.'

'શ્રીમહાપ્રભુજી જે જીવને શરણે લેતા તેમને ભગવદ્ સેવા કરવાની આજ્ઞા કરતા, તે રીતે દામોદરદાસજીને પણ સેવા કરવાની આજ્ઞા કરેલી?'

'કેટલાક વૈષ્ણવોએ જીવનભર ભગવદ્ સેવાને બદલે ગુરુની સેવા જ કરી છે. પુષ્ટિમાર્ગના સર્વ સિદ્ધાંતોનું સાર તત્વ છે. 'સેવા.' પછી એ સેવા શ્રીહરિની હોય કે ગુરુની હોય, વૈષ્ણવોની હોય કે ગાયોની હોય. દામોદરદાસ હરસાનીજી, કૃષ્ણદાસ મેઘન વગેરે ભગવદીયોએ જીવનભર શ્રીમહાપ્રભુજીની સેવા કરી છે. તેમની ભક્તિ આદર્શ ગુરુભક્તિ છે.'

'ભક્તોને જેવો ભક્તિભાવ ભગવાનમાં હોય તેવો જ પરમ ભક્તિભાવ આ ભક્તોને પોતાના ગુરુદેવ શ્રીમહાપ્રભુજીમાં હતો, તેઓ આદર્શ ભગવદીયો- વિરલ ભક્તો હતા. આજે આપણે એ ભગવદીયોનું સ્મરણ કરીએ.' 'હા, હા. જરૂર.' સૌએ હર્ષદભાઈની વાત સ્વીકારી લીધી. હર્ષદભાઈએ શરૂ કર્યું.

એક વાર શ્રીવલ્લભ શ્રીગોવર્ધન પર્વતની તળેટીમાં આવેલા આન્યોર ગામે પધાર્યા. દામોદરદાસ સાથે જ હતા. વ્રજ પ્રભુનું લીલા સ્થળ છે. તે વલ્લભને અતિ પ્રિય છે. તેમાં પણ શ્રીગોવર્ધનની આસપાસની ભૂમિ શ્રીવલ્લભને વિશેષ પ્રિય. તેથી શ્રીવલ્લભ શ્રીગિરિરાજજીના મુખારવિંદની સામે જતિપુરામાં શમીવૃક્ષની નીચે બિરાજ્યા અને શ્રીભાગવતનું પારાયણ કર્યું. શ્રીવલ્લભ જ્યારે સમય મળે ત્યારે દામોદરદાસજીની સાથે ભગવદ્ લીલાનું ચિંતન કરતા. કેટલીકવાર ભગવદ્ વાર્તામાં બંને જણ તલ્લીન થઈ જતા. અવાર-નવાર શ્રીવલ્લભ દામોદરદાસને આજ્ઞા કરતા : 'દમલા, ભગવદ્વાર્તા કરે ઘણો સમય થઈ ગયો. શ્રીઠાકોરજીની વાર્તા ઘણા સમયથી કરી નથી.' આ રીતે શ્રીઠાકોરજીના વિપ્રયોગમાં શ્રીવલ્લભ લીન થતા. વારંવાર યાદ કરીને ભગવદ્ વાર્તા કરતા અને દામોદરદાસને સંભળાવતા.'

શ્રીવલ્લભ દામોદરદાસને વારંવાર આજ્ઞા કરતા : 'દમલા, આ માર્ગ તારે માટે જ પ્રકટ કર્યો છે.'

આવા દામોદરદાસની ગોદમાં મસ્તક રાખીને શ્રીવલ્લભ એક દિવસ ગિરિરાજજીની સન્મુખ પોઢ્યા હતા. ત્યારે શ્રીગોવર્ધન પર્વત ઉપરના મંદિરમાંથી સાક્ષાત્ શ્રીગોવર્ધનનાથજી શ્રીમહાપ્રભુજી પાસે પધાર્યા. દામોદરદાસને પ્રભુનાં સાક્ષાત્ દર્શન થયાં. પ્રભુના ચરણારવિંદમાં ધરેલા રત્નજડિત નૂપુરની ઘૂઘરીઓનો રણકાર થઈ રહ્યો હતો. દામોદરદાસે શ્રીગોવર્ધનનાથજીને ઈશારાથી વિનંતી કરીઃ 'કૃપાનાથ, આપ ખૂબ ચંચળ છો. આપના અહીં પધારવાથી શ્રીમહાપ્રભુજી જાગી જશે, માટે કૃપા કરીને હમણાં અહીં ન પધારશો.'

દામોદરદાસની વિનંતી સ્વીકારી, શ્રીનાથજી શ્રીગોવર્ધન પર્વત ઉપર એક વૃક્ષની છાયામાં ઊભા રહી ગયા. થોડા સમય પછી શ્રીમહાપ્રભુજી જાગ્યા. દૂર ઊભેલા શ્રીજીબાવાનાં દર્શન થયાં. શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરી : 'બાવા, ત્યાં કેમ ઠાડા છો? મારી પાસે પધારો.' શ્રીગોવર્ધનનાથજી શ્રીમહાપ્રભુજીની પાસે પધાર્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને ગોદમાં પધરાવ્યા. અને કપોલ ઉપર સ્પર્શ કરી વ્હાલથી પૂછયું : 'બાવા, આપ કેમ મારી નજીક ન્હોતા પધાર્યા?'

'વલ્લભ, તમારા સેવકે મને નજીક ન પધારવા વિનંતી કરી હતી. મારા નજીક પધારવાથી તમે જાગી જાઓ તેથી હું દૂર ઊભો હતો.'

આ સાંભળી શ્રીવલ્લભે દામોદરદાસને કહ્યું : 'દમલા, તેં શ્રીગોવર્ધનનાથજીને કેમ દૂર ઊભા રાખ્યા? પ્રભુને તેં શા માટે આટલો પરિશ્રમ કરાવ્યો? આ બરોબર ન કહેવાય.'

શ્રીગોવર્ધનનાથજીએ આજ્ઞા કરી : 'વલ્લભ, તમે દામોદરદાસ ઉપર ગુસ્સે ન થતા. તેમણે તો પોતાની ફરજ બજાવી છે. તેમણે આજ કરવું જોઈએ. સેવકનો ધર્મ છે કે ગુરુની સેવા કરવી, માટે તમે દામોદરદાસ ઉપર જરાયે ખિજાશો નહિ.'

શ્રીમહાપ્રભુજી શ્રીનાથજીની આજ્ઞા સાંભળી ખૂબ પ્રસન્ન થયા. દામોદરદાસજી કહે છે : 'કૃપાનાથ, દાન મોટું કે દાતા? આપ દાતા છો. આપે કૃપા કરીને શ્રીઠાકોરજી મેળવી આપ્યા છે. તેથી ગોવિંદ કરતા

ગુરુની શ્રેષ્ઠતા છે. આપને નિદ્રામાં ખલેલ ન થાય માટે મેં શ્રીજીબાવાને રોક્યા હતા.'

આમ દામોદરદાસજીએ આ પ્રસંગ દ્વારા આપણને ગુરુની શ્રેષ્ઠતા સમજાવી છે. અને આ સિદ્ધાંત તેઓ બરોબર સમજ્યા હોવાથી જીવનભર શ્રીમહાપ્રભુજીની અને શ્રીગુસાંઈજીની સેવા તેમણે કરી.

'શ્રીદામોદરદાસજીની જેમ કૃષ્ણદાસ મેઘને પણ જીવનભર શ્રીમહાપ્રભુજીની સેવા કરેલી. ભારતયાત્રા સમયે સતત આપશ્રીની સાથે રહેલા. પોતાના પ્રાણની પણ પરવા કર્યા વગર શ્રીમહાપ્રભુજીની પ્રસન્નતા માટે કાર્ય કરેલું. એમની ગુરુભક્તિ પણ આદર્શ અને અપ્રતિમ હતી.' રાગિણીબેને કહ્યું.

'આજે આપણે કૃષ્ણદાસ મેઘનને યાદ કર્યા છે તો તેમના જીવનના એકાદ બે પ્રસંગો પણ કહો, હર્ષદભાઈ!' નિયતિએ કહ્યું.

'કૃષ્ણદાસ મેઘને શ્રીમહાપ્રભુજીને ગંગાસાગર પાર જઈ, મુરમુરા લાવી આરોગાવેલા તે પ્રસંગ મને યાદ છે. હું કહું?' જિગરે પૂછ્યું.

'હા, હા, જરૂર.' સૌએ તેને પ્રોત્સાહન આપ્યું.

એકવાર શ્રીમહાપ્રભુજી બંગાળમાં ગંગાસાગર સંગમના પવિત્ર સ્થાનમાં પધાર્યા હતા. સાથે હતા કૃષ્ણદાસ મેઘન. એ ઘોર જંગલમાં રસોઈ માટે કોઈ વ્યવસ્થા થઈ નહિ. અન્ન વગેરે કાંઈ મળ્યું નહિ. ફળફળાદિ મળ્યાં. તેના ઉપર આખો દિવસ વીત્યો. રાત પડી.

અંધારી રાત છે. વૃક્ષની નીચે શ્રીમહાપ્રભુજી પોઢ્યા છે. કૃષ્ણદાસ પાસે બેસીને આપશ્રીની ચરણસેવા કરી રહ્યા છે. જંગલના પશુઓ દ્વારા પોતાના ગુરુદેવને કોઈ પરિશ્રમ ન થાય તે માટે રાતભર જાગતા રહેવાનો સેવકે મનમાં નિર્ધાર કર્યો છે.

પરંતુ કૃષ્ણદાસ જુએ છે કે ગુરુદેવને નિદ્રા આવતી નથી. એમના મનમાં ખૂબ દુઃખ થાય છે કે આજે તેઓ આપશ્રીને કંઈ આરોગાવી

શક્યા નથી. તેથી આપશ્રીને જરૂર ક્ષુધા લાગી હશે. તેથી નિદ્રા આવતી નહિ હોય. હું આજે મારો સેવકધર્મ લજાવી રહ્યો છું.

શ્રીમહાપ્રભુજીના મનમાં વિચાર આવે છે : 'દિવસે થોડે દૂર તપાસ કરી હોત તો આ વનપ્રદેશના ખેતરોમાં લીલી ડાંગર મળી આવી હોત!' અને મનોમન સાક્ષી હોય એ પ્રમાણે કૃષ્ણદાસના મનમાં પણ તે જ ક્ષણે એવી જ સ્ફુરણા થઈ કે 'હમણાં જ કોઈ ખેતરમાં જાઉં અને મળે તો લીલી ડાંગરની ધાણી કરાવીને લઈ આવું. મારા ગુરુદેવને આરોગાવું.'

થોડીવારમાં કૃષ્ણદાસને લાગ્યું કે આપશ્રીની આંખ સહેજ મળી ગઈ છે, એટલે તેઓ ઊભા થયા. જવા માટે પગ ઉપાડ્યો પણ સહેજ અટક્યા. આવા ઘોર જંગલમાં સ્વામીને એકલા મૂકી કેવી રીતે જવું? તેથી જતાં જતાં એક નાની લાકડી લઈને ગુરુદેવની આસપાસ ભૂમિ ઉપર વર્તુળ દોર્યું. ભગવદ્ નામ લેતાં લેતાં વન્ય પશુઓને એમાં પ્રવેશ ન કરવા આણ દીધી. પછી પોઢેલા ગુરુદેવને દંડવત્ કરી ચાલી નીકળ્યા.

ગાઢ અરણ્યમાં કાજળ કાળી ભયાનક રાત્રે કૃષ્ણદાસ ગંગાજીના કાંઠે આવ્યા. પોતે ગંગાના પ્રવાહના જે કાંઠે હતા એ બાજુ તો કોઈ ગામ કે ખેતર દેખાયું નહિ. પરંતુ સામે કાંઠે કંઈક દીવા જેવું દેખાતું હતું. તેમને થયું ત્યાં કોઈક ખેડૂત તાપણું કરીને બેઠો હશે. ત્યાં જાઉં તો કદાચ ડાંગર મળી જાય. પરંતુ વચમાં ગંગાજીનો વિશાળ પટ હતો. રાત્રે નાવ ક્યાંથી હોય? તેથી કૃષ્ણદાસે એ ઘાઢ અંધકારમાં ભયાનક રીતે ઘૂઘવતા ગંગાના નીરમાં ઝંપલાવ્યું. તરીને સામે પાર જવા નીકળ્યા.

કૃષ્ણદાસના દુર્બળ દેહમાં સબળ આત્મા હતો. બહાર જેવાં ધસમસતા નીર હતા એવી જ અંતરમાં પોતાના સ્વામીનો શ્રમ નિવારવાની પ્રબળ ભાવના હતી. સ્વામી ભૂખ્યા છે. મારુ જે થવાનું હોય તે થાય પણ અત્યારે બેસી કેમ રહેવાય?

ગંગાજીના એ વિશાળ પ્રવાહને તરીને સામે પાર પહોંચ્યા. થોડે દૂર એક ખેતરમાં દીવો દેખાયો. એ દિશામાં દોડ્યા. જુએ છે તો એક ખેડૂત ડાંગરના ખેતરમાં બેસીને તાપી રહ્યો છે. એને કહ્યું : 'ભાઈ, મારે થોડી લીલી ડાંગર જોઈએ છે. ખેતરમાંથી કાપી આપીશ?'

'જા, ભાઈ જા, સવારે આવજે. રાત્રે ડાંગર ન કપાય. પાપ લાગે.'

'અરે ભાઈ, તું જરા મારી વાત તો સાંભળ.' કૃષ્ણદાસે કહ્યું. પેલા ખેડૂતે ઊંચી નજર કરી તો તાપણાના પ્રકાશમાં એણે કોઈ પ્રભાવશાળી મહાપુરુષની ચમકતી મુખાકૃતિ જોઈ. એ પ્રભાવિત થયો. પૂછે છે : 'મહારાજ, તમે કોણ છો? ક્યાંથી આવો છો?'

'ભાઈ, હું ગમે ત્યાંથી આવું છું. મારે લીલી ડાંગરનું ખાસ કામ છે. તું મને આપે તો તારો મોટો ઉપકાર. તું માગે તેટલા પૈસા આપીશ. તું એ પૈસા સવારે પુણ્યદાનમાં વાપરજે; એટલે રાત્રે ડાંગર કાપવાનું પાપ ધોવાઈ જશે.'

એ ખેડૂત કૃષ્ણદાસથી એવો પ્રભાવિત થયો હતો કે તેણે ઊભા થઈને ડાંગર કાપી આપી. એની ના હોવા છતાં કૃષ્ણદાસે આગ્રહ કરીને કિંમત ચૂકવી.

કૃષ્ણદાસના કહેવાથી એ ડાંગરની ધાણી બનાવવા માટે ભાડભૂંજાનું ઘર પણ ખેડૂતે બતાવ્યું. ધાણી તૈયાર કરાવી, કાળજીથી એને મોટા પડિયામાં ભરી, પોટકી બાંધી, કૃષ્ણદાસે પોતાના માથા ઉપર વસ્ત્રોની સાથે બાંધી લીધી. આવ્યા હતા તે જ રીતે, ગંગાજીના જળમાં તરીને પાછા શ્રીવલ્લભ પોઢ્યા હતા ત્યાં પહોંચી ગયા.

ગાઢ અરણ્યમાં, અંધારી રાતે, ધસમસતાં પાણીમાં તરીને આ રીતે જવું-આવવું એ કોઈ લૌકિક મનુષ્યનું ગજું ન હતું. શ્રીવલ્લભની સેવાથી મળેલું એ અલૌકિક સામર્થ્ય હતું. એ સામર્થ્યથી જ તેમનાથી આ સાહસ થઈ શક્યું.

ભીનાં કપડાં બદલી, આપશ્રીને જગાડ્યા. શ્રીવલ્લભ કહે છે : 'કૃષ્ણદાસ, દિવસે થોડો પ્રયાસ કર્યો હોત તો ડાંગરની ધાણી કોઈ સ્થળેથી મળી આવત!'

કૃષ્ણદાસ વિનંતી કરે છે : 'મહારાજ, દિવસે ન મળ્યું એ રાત્રે મળ્યું છે. આપની ઈચ્છા થાય ત્યારે શું અશક્ય છે? આપ બિરાજો.' કૃષ્ણદાસે પોટકી છોડી દડિયો આપશ્રીની સામે પધરાવ્યો. સુંદર મનવાંછિત

સામગ્રી જોતાં જ આપે આશ્ચર્યથી પૂછ્યું : અરે કૃષ્ણદાસ, આ ઘોર રાત્રિમાં તું આ ક્યાંથી લાવ્યો? મારા મનની વાત જાણી ગયો? તેં ખરું સાહસ કર્યું છે? તારો પ્રેમ અદ્‌ભુત છે, મેઘન!' અને એમ કહેતાં કહેતાં કૃપારસવશ શ્રીવલ્લભ પોતાના અંતરંગ સેવકને ભુજ ભરીને ભેટી પડ્યા. ભક્તના પ્રેમથી ભગવાન જાણે વશ થઈ ગયા!

કૃષ્ણદાસ કહે છે : 'કૃપાનિધાન, આ કંઈ મારું બળ નથી. હું તો ક્યારનોયે ગંગાસાગરના એ ઉછળતાં મોજામાં વહી ગયો હોત! જે કંઈ થયું તે આપના કૃપાબળથી જ!'

'કૃષ્ણદાસ, પ્રાણ ન્યોછાવરીની આવી સેવા અને પાછી આટલી દીનતા! ધન્ય છે તારા ભાવને! તારા જેવો સેવક મળવા બદલ મને આજે ખૂબ આનંદ થાય છે. તું કંઈક માગ.'

'મહારાજ, સ્વામીની પ્રસન્નતા એ જ સાચા સેવકનું સર્વસ્વ; છતાં આપ પ્રસન્ન થયા છો તો એટલું આપો કે મને સ્વમાર્ગના સમગ્ર સિદ્ધાંતો હૃદયારૂઢ થાય!'

'કૃષ્ણદાસ, સિદ્ધાંતો તો તને હૃદયારૂઢ થયેલા જ છે. તેં આજે જે આચરી બતાવ્યો, એ જ માર્ગનો સિદ્ધાંત-સ્વામીના સુખની વિચારણા. સકલ સિદ્ધાંતોનું સારતત્વ છે 'સેવા'. હરિ-ગુરુ-વૈષ્ણવની સેવા. આવો ને આવો સેવાભાવ તને સદૈવ સિદ્ધ થયેલો રહેશે. મારા અંતરના તને આશિષ છે. મેઘન, તારું હૃદય સદાયે ભગવદ્ અનુરાગથી ભરેલું રહેશે.' આપશ્રીનાં આ વચનામૃત સાંભળતાં કૃષ્ણદાસનું હૃદય ભાવવિભોર બની ગયું.'

'કૃપાનાથ, હવે આપ આ સામગ્રીનો અંગીકાર કરો તો મારું હૃદય શીતળ થાય.' કૃષ્ણદાસે વિનંતી કરી.

'શ્રીવલ્લભે માનસીમાં એ સામગ્રી પોતાના પ્રાણપ્રેષ્ટ પ્રભુને આરોગાવી. પછી પોતે અતિ સરાહના કરતાં કરતાં પરમ પ્રેમથી આરોગ્યા. 'આવો સ્વાદ તો છપ્પનભોગમાં ય ન આવે' એવું આપ વિચારી રહ્યા. આગ્રહ કરીને એ અધરામૃત મહાપ્રસાદ કૃષ્ણદાસને લેવડાવ્યો. ભક્તને

સુખ આપતાં પોતાને જ સુખ થઈ રહ્યું છે એમ આપશ્રીનું હૃદય અનુભવી રહ્યું હતું.' સાચો પ્રેમ આમ પરસ્પર જ હોય ને!' જિગરે પ્રસંગનું સમાપન કરતા કહ્યું.

'જેમ ભગવાનના ભક્તોને ભગવાન પ્રત્યે પરમ ભક્તિભાવ હોય તેમ કૃષ્ણદાસને પોતાના ગુરુદેવ પ્રત્યે પરમ ભક્તિભાવ હતો. ધન્ય છે કૃષ્ણદાસજીની આ આદર્શ, અપ્રતિમ ગુરુભક્તિને!' રાગિણીબેને પ્રભાવિત થતાં કહ્યું.

'કૃષ્ણદાસ મેઘનની આ ગુરુભક્તિના બીજા પ્રસંગો પણ યાદ કરવા જેવા છે.' કુશલે કહ્યું.

'કુશલભાઈ, એ પ્રસંગો હવે તમે કહો.'

'કૃષ્ણદાસ જીવનભર શ્રીવલ્લભની સાથે જ રહેલા. આપનું શરણ સ્વીકાર્યા પછી કદી આપનાથી છૂટા ન પડેલા. ગમે તેવા વિકટ સ્થાનોમાં શ્રીવલ્લભ પધારે, કૃષ્ણદાસ તો સાથે હોય જ. જાણે આપની છાયા! પડછાયો કદી મનુષ્યથી છૂટો પડે ખરો? પ્રથમ વખતે ભારત પરિક્રમા કરતા શ્રીવલ્લભ બદ્રિકાશ્રમ પધાર્યા. કૃષ્ણદાસ સાથે છે. રસ્તામાં પર્વતો વચ્ચેથી સાંકડા રસ્તે પસાર થઈ રહ્યા હતા, ત્યારે કૃષ્ણદાસે જોયું કે એક જબરદસ્ત મોટી શિલા જોશભેર ગબડતી નીચે આવી રહી છે. આઘાપાછા ખસવાની જગ્યા નથી. પોતાના ગુરુદેવને એ શિલા પરિશ્રમ કરાવે તે પહેલાં કૃષ્ણદાસે કૂદીને હાથ વડે એને થંભાવી દીધી. સેંકડો ટન વજનની એ શિલાને રોકવાનું પોતાના સેવકનું આ પરાક્રમ શ્રીવલ્લભ જોઈ રહ્યા. એમની હિંમતને બિરદાવી. પ્રસન્નતા બતાવી. કૃષ્ણદાસને મન તો આ સામર્થ્ય શ્રીવલ્લભનું આપેલું હતું.' કુશલે કહ્યું.

'બીજી ભારત પરિક્રમા સમયે શ્રીવલ્લભ બદ્રિકાશ્રમથી આગળ વ્યાસાશ્રમ પાસે પધાર્યા ત્યારે શું થયેલું જાણો છો, કુશલભાઈ?' જિગરે પૂછ્યું.

'હા, તે સમયે પણ કૃષ્ણદાસ સાથે હતા. એ સ્થળ તો એવું વિકટ હતું કે ત્યાં કોઈ મનુષ્ય જઈ ન શકે. છતાં આપશ્રી અને કૃષ્ણદાસ ત્યાં પહોંચ્યા, એક ઊંડી ગુફાના દ્વાર પાસે આપશ્રી અટક્યા. કૃષ્ણદાસને આજ્ઞા કરીઃ 'તું અંદર ન આવીશ. અહીં ઊભો રહેજે. હું અંદર જઈ આવું છું. મારે વ્યાસજીને મળી વાર્તાલાપ કરવો છે.'

કૃષ્ણદાસ દ્વાર પાસે ઊભા રહ્યા. શ્રીવલ્લભ અંદર પધાર્યા. ત્યાં વ્યાસજી સામે આવીને નમન કરીને આપને અંદર લઈ ગયા. આસન પર પધરાવીને કહે છે : ''મારા દ્વારા રચાયેલા ભાગવત ઉપર આપે સુબોધિની ટીકા લખી છે, એમાંથી કંઈક સંભળાવો.''

શ્રીમહાપ્રભુજીએ યુગલગીતના 'વામબાહુકૃત વામ કપોલો' એ શ્લોકનું વિવેચન આરંભ્યું. એ એક જ શ્લોકનું વ્યાખ્યાન ત્રણ દિવસ પર્યન્ત ચાલ્યું. પછી ભ્રમરગીતમાં અર્ધો શ્લોક ખૂટતો હતો તે પોતે વ્યાસજી પાસે પૂરો કરાવ્યો : **'આત્મત્વાદ્ ભક્તવશ્યત્વાત્ ।'**

વ્યાસજીએ **'કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયંમ્'** એ સૂત્ર કહ્યું અને શ્રીવલ્લભે એના પરનું ભાષ્ય રજૂ કર્યું. આમ, ગુફાની અંદર નહિ ધારેલો એવો સમય વ્યતીત થયો. કૃષ્ણદાસ આપના વિયોગમાં આજ્ઞાનું સ્મરણ કરતા ગુફાની બહાર જડવત્ ઊભા છે. એકાંત જંગલ છે. બરફમય પ્રદેશ છે. નીડર બનીને ઊભા છે. ભૂખ-તરસનું ભાન નથી. કોઈ દેહાધ્યાસ લાગતો નથી. મનમાં વિરહનો સાગર ઊમટ્યો છે. ''અરે, આવા જોખમી સ્થાનમાં આપ એકલા પધાર્યા છે. શું થશે! દિવસ પર દિવસ જાય છે. આપને કંઈ પરિશ્રમ પડ્યો હશે તો! કંઈ અનુચિત બન્યું હશે તો!''

સ્નેહી ભક્તને અત્યારે માહાત્મ્ય તો યાદ જ આવતું નથી. અતિ સ્નેહઃ અનર્થાય શંકતે । અમંગળ શંકાથી મન ક્ષુબ્ધ થઈ રહ્યું છે, પણ અંદર જવાની આજ્ઞા નથી; એનું ઉલ્લંઘન કેમ થાય? એમણે નિશ્ચય કરી લીધો છે : ''આપ પધારીને દર્શન આપશે તો જીવીશ; નહિ તો અહીં જ ઊભો ઊભો વૃક્ષની જેમ દેહ સુકાવી દઈશ. અહીંથી ડગલું પણ ખસવું નથી. આપના વિના હું જીવી જ કેમ શકું?''

છેવટે, ત્રણ દિવસે આપના દર્શન થયાં ત્યારે કૃષ્ણદાસના જીવમાં જીવ આવ્યો. શ્રીમહાપ્રભુજી આશ્ચર્યચકિત થતા પૂછી રહ્યા છે : ''અરે કૃષ્ણદાસ, તું અહીં ઊભો જ રહ્યો છે? ક્યારનો?''

"પ્રભુ, આપ ઊભા રહેવાની આજ્ઞા કરીને અંદર પધાર્યા ત્યારનો. આપને છોડીને અહીંથી ક્યાં જાઉં?" શ્રીવલ્લભ અત્યંત પ્રસન્ન થયા : "મારો કૃષ્ણદાસ આવો આજ્ઞાપાલક! આવો ટેકીલો! ધન્ય છે!" પોતે આજ્ઞા કરી : "તું કંઈક માગ. હું તને શું આપું?"

કૃષ્ણદાસને યાદ આવી ગયું, મારો મુખરતા દોષ, જેને માટે આપશ્રી ઘણી વાર ટોકે છે. છતાં જતો નથી, એ હવે મારા સાધન પ્રયત્નથી જવાનો પણ નથી. આપની કૃપા થાય તો જાય. તો લાવને, અત્યારે એ જ માગી લઉં!

હાથ જોડીને એ વીનવે છે : "કૃપાનિધાન! એવી કૃપા કરો કે મારો મુખરતા દોષ જાય." આપશ્રીએ આશીવર્ચન ઉચ્ચાર્યું : "તથાસ્તુ કૃષ્ણદાસ, તારો દોષ ગયો. હવે તું ભગવદ્‌રસનું અવધારણ ઉત્તમ પ્રકારે કરી શકીશ."

'ગુરુભક્તિની આ ચરમ સીમા છે.' કુશલે સમાપન કરતાં કહ્યું.

'આજે પવિત્રાબારસના દિવસે આદર્શ ગુરુભક્તિની વાતોમાં અલૌકિક આનંદ આવી રહ્યો છે. આવા બીજા ભગવદીયોની વાર્તા પણ કહો, હર્ષદભાઈ' નિયતિએ આગ્રહ કર્યો.

'શ્રીમહાપ્રભુજીના અને શ્રીગુસાંઈજીના અનેક સેવકોએ અત્યંત પ્રેમ અને ભક્તિભાવથી આપની સેવા કરી છે. એમાંના એક હતા કોટિમાં વીરલા પદ્મનાભદાસજી. તેઓ કનોજમાં રહેતા. શ્રીમહાપ્રભુજી અવારનવાર તેમને ત્યાં પધારતા. પોતાનાં દર્શન અને સેવાનું સુખ આપતા. તેમના ઉપર ઘણી કૃપા કરતા.

એક વખત શ્રીવલ્લભાધીશ નિજ સેવકો સહિત શ્રીમદ્ ગોકુલથી અડેલ તરફ પધારી રહ્યા હતા. કનોજ પાસે થઈને પધારવાનું હતું. પદ્મનાભદાસને ત્યાં મુકામ રાખવાનો હતો. શહેર આવવાની થોડી વાર હતી.

એક વણઝારો પણ અનેક પોઠિયાઓ ઉપર માલ ભરીને પોતાના થોડાક માણસો સાથે કનોજ તરફ જઈ રહ્યો હતો. દૂર દેશાવરથી લાવેલો પોતાનો માલ ત્યાં વેચવાનો હતો.

ધીમી ગતિએ ચાલતા પોઠિયાઓ સાથે એ લોકો ધીમે ધીમે જઈ રહ્યા હતા. પાછળથી શ્રીમહાપ્રભુજી પધાર્યા. સાથે સાથે ચાલ્યા. કૃષ્ણદાસ મેઘન આદિ વૈષ્ણવો સાથે વણઝારો જરા વાતે વળગ્યો. શ્રીવલ્લભના પ્રભાવનું એને કંઈક આકર્ષણ થયું હશે!

"ભાઈ, આ તમારી સાથે છે એ કોણ છે?" એણે પૂછ્યું.

કૃષ્ણદાસે શ્રીમહાપ્રભુજીનું નામ ઠામ અને થોડોક પરિચય આપ્યો. આપશ્રીના ગુણગૌરવ વિષે એમનાથી કહેવાઈ ગયું. વણઝારો આશ્ચર્યચક્તિ થઈને સાંભળતો રહ્યો. મનમાં કંઈક આદરભાવની લાગણી પણ થઈ આવી.

"તમે બધા ક્યાં જવાના?" - સહજ કુતૂહલથી વણઝારાએ પૂછ્યું.

"ભાઈ, જવું છે તો પ્રયાગ પાસે અડેલમાં; પણ બે દિવસ કનોજ મુકામ કરવાનો છે. ત્યાં અમારા એક વૈષ્ણવ પદ્મનાભદાસ વ્યાસ રહે છે. એમને ઘેર રહેવું છે."

'એમ! ચાલો ત્યારે તમારા જેવાનો મેળાપ અનાયાસે જ થઈ ગયો.' વણઝારો બોલ્યો. પછી સૌ આગળ ચાલી રહ્યા છે.

ત્યાં તો કોઈક વૈષ્ણવે ટકોર કરી : "જુઓ, સૂર્યાસ્ત થવા આવ્યો છે. હજુ તો ખાસ્સું ચાલવાનું છે... શું રસ્તા વચ્ચે રાત રહેવું છે? વાતો મૂકો ભાઈ અને જરા પગ ઉપાડો."

વાત ખરી હતી. વૈષ્ણવો તથા આપશ્રી જરા ઝડપથી ચાલ્યા. વણઝારો તો પોઠોની ધીમી ગતિ સાથે, તેના માણસો સાથે ચાલી રહ્યો હતો. એનાથી ઝડપ થઈ શકે એમ ન હતી. એ લોકો દિવસના પ્રકાશમાં ચલાય એટલું ચાલ્યા. અંધારું થવા આવ્યું. જે સ્થળ હતું ત્યાં પોઠો પડી.

એ જમાનામાં અત્યારના જેવા હાઈવે, ઝડપી વાહનો કે લાઈટો ન હતી. હજારો રૂપિયાનો માલ સાથે હતો. પોલીસ બંદોબસ્ત પણ આવો ન હતો. એટલે થોડાક ચોકિયાતો સાથે રાખેલા.

પરંતુ અર્ધી રાતે મોટી સંખ્યામાં સશસ્ત્ર લુટારાઓ ત્રાટક્યા. ત્યારે ચોકિયાતો બચાવ ન કરી શક્યા. વણઝારાનો માલ બધો લૂંટાઈ ગયો.

જીંદગીભર મહેનત કરીને કમાએલું ધન ગુમાવતાં એના દુઃખનો પાર ન રહ્યો.

બૈરી છોકરાં પણ રોતાં કકળતાં બેઠાં છે. વણઝારો જેમ તેમ કરીને રાત વિતાવે છે. મનમાં વિચારોનું ઘમસાણ ચાલી રહ્યું છે : ''થોડી વાર પહેલાં તો હું કેવો સુખી હતો! અરે, પેલા રસ્તામાં સાથે થઈ ગયા હતા એમને જોઈને પણ કેવો આનંદ આવતો હતો! કેવા મહાપુરુષ દેખાતા હતા! શું એમનું તેજ!''

''મન કહે છે કે એ મારી સાથે હોત તો મને આ દુઃખ ન પડત! પણ એ તો આગળ જતા રહ્યા. હવે હું એમને જઈને મળું.''

એમના સેવક કહેતા હતા કે : ''એ બહુ જ દયાળુ છે. સાક્ષાત્ ભગવાન છે- ભગવાન સૌનું દુઃખ દૂર કરે, તો મારું કેમ નહિ કરે! ત્યારે હું એમને જ મળું. મારું દુઃખ એ મટાડશે.''

એણે, એની બૈરીને વાત કરી. સવાર થતાં એ એકલો ઉપડ્યો. ત્રણ ચાર કલાકમાં કનોજ આવી પહોંચ્યો. પદ્મનાભદાસનું ઘર તો શહેરમાં જાણીતું હતું. પૂછતો પૂછતો એ ઘેર આવ્યો.

અંદરના ભાગમાં શ્રીમહાપ્રભુજી, તુલસાં વગેરેની સહાયથી, રસોઈ સિદ્ધ કરી. ભોગ ધરી, ભોજન કરવાની તૈયારીમાં હતા. પદ્મનાભદાસ બહાર ઓસરીમાં બેસીને, બહારની વ્યવસ્થા કરતા હતા.

ત્યાં તો વણઝારો રડતો કકળતો બૂમો પાડતો આવ્યો. પદ્મનાભદાસ વિચારમાં પડી જાય છે. 'આ બધું શું?'

વણઝારો ઘરમાં આવીને પૂછે છે : ''ભાઈ સાહેબ, તમારે ત્યાં મહેમાન આવ્યા છે તે ક્યાં છે?''

પદ્મનાભદાસ કહે છે : ''અંદર ભોજન કરી રહ્યા હશે. પણ તું કોણ છે? તારે એમનું શું કામ છે? ભલે, જે કામ હોય તે; પણ અહીં બૂમો પાડીશ નહિ. ચાલ, બહાર આવીને વાત કર.''

એ વિચારી રહ્યા હતા : ''આપશ્રી સાંભળશે તો બહાર પધારશે. આ માણસની માથાકૂટમાં આપને ભોજનનો ઘડી બે ઘડીનો પણ વિલંબ

થશે. આપશ્રીને શ્રમ પડશે. એવું થવા દઉં તો મારો દાસ ધર્મ લાજે.'' એ એનો હાથ પકડીને ઘરની બહાર લઈ ગયા. પૂછે છે : ''બોલ, હવે તારી બધી વાત માંડીને કહે.''

વણઝારાએ રડતાં રડતાં બધી વાત માંડીને કહી. રૂપિયા સત્તર હજારનો માલ લૂંટાઈ ગયો, એ પણ કહ્યું.

પદ્મનાભદાસ સમજી ગયા કે આમાં શ્રીમહાપ્રભુજીની કંઈ પણ જવાબદારી નથી. પરંતુ દયાળુ સ્વભાવને લીધે, પોતે એના દુઃખની વાત સાંભળવા રહેશે. એનાથી આપને ખેદ થશે. ભોજનમાં એટલો વિલંબ પણ થશે. હું એવું કેમ થવા દઉં!

માથે પાઘડી મૂકી એ બહાર જવા તૈયાર થયા. વણઝારાને સાથે લીધો. એક વૈષ્ણવ પણ એમની સાથે ગયા. પહોંચ્યા એક જાણીતા શાહુકારને ત્યાં.

''આવો, આવો, પદ્મનાભદાસ! ધન્ય ભાગ્ય મારાં - આજે મારું આંગણું પાવન કર્યું! બોલો, હું આપની શું સેવા કરી શકું?'' કનોજમાં સૌને એમના તરફ ઘણો આદરભાવ હતો.

''શેઠ, રૂપિયા સત્તર હજાર જોઈએ છે. આ વેપારીને આપવાના છે. વ્યાજ સાથેનો દસ્તાવેજ હું તમને કરી આપીશ. એમાં મારો ધર્મ ગીરો લખીશ.'' પદ્મનાભદાસે બધો ખ્યાલ આપ્યો.

''અરે મહારાજ! તમારે દસ્તાવેજ કરવાનો હોય જ નહિ. અને ગીરોની તો વાત જ શી! તમારું એક વચન જ બસ છે. બીજી બધી ખટપટ જવા દો.'' શાહુકાર ખરા હૃદયથી કહી રહ્યો હતો.

પણ પદ્મનાભદાસે માન્યું નહિ. ''ના, શેઠજી, દસ્તાવેજની ના કહેતા હો તો મારે બીજે જવું પડશે. અને ધર્મ ગીરો તો એટલા માટે મૂકીશ કે જલ્દી પતાવવાની ચીવટ રહે.''

એ જમાનામાં ધર્મનું મહત્ત્વ ઘણું જ હતું. તેમાંય પદ્મનાભદાસ જેવા પોતાનો ધર્મ ગીરો મૂકે, એથી મોટી જામીનગીરી બીજી કઈ હોય! શાહુકાર સમજી ગયો.

ખતપત્ર તૈયાર થયું. પદ્મનાભદાસે સહી કરી. સાક્ષીની સહીની તો શાહુકારે ના જ કહી દીધી.

રૂપિયા સત્તર હજાર રોકડા ગણીને, થેલીઓ ભરીને, વણઝારાને સોંપી દીધી. એ જમાનાની રકમ! એના આનંદ અને આશ્ચર્યનો તો પાર નહોતો.

આવા ધર્મિષ્ઠ મહાપુરુષના ગુરુ કેવા પ્રતાપી હશે. એ વિચાર એના મનમાં રમી રહ્યો હતો. આભારવશ બનીને એ પગે લાગે છે. પદ્મનાભદાસની અને શ્રીમહાપ્રભુજીની ગદ્ગદ કંઠે, એ ફરી ફરીને પ્રશંસા કરે છે; રૂપિયા લઈને જાય છે.

પદ્મનાભદાસ ઘેર જવા નીકળ્યા. સાથેના વૈષ્ણવ પણ આશ્ચર્યચક્તિ થતા સાથે આવી રહ્યા છે.

માથે આટલું મોટું દેવું ચઢ્યું છતાં મનમાં ખૂબ ખૂબ આનંદ થઈ રહ્યો છે. એ વિચારે છે : ‘‘આજે ગુરુદેવના શ્રમ નિવારણાર્થે આટલું અલ્પકાર્ય મારાથી થયું. આપની કૃપાથી જ આ બન્યું. જીવન ધન્ય બની ગયું!’’

આમ વિચારતાં એ ઘેર આવી પહોંચ્યા. શ્રીમહાપ્રભુજીને દંડવત્ કર્યા. આપશ્રીએ અંદરથી વણઝારાની વાત થોડીક પહેલાં સાંભળી હતી. એટલે આવતાં જ પૂછ્યું : ‘‘અરે પદ્મનાભદાસ! તું ક્યાં ગયો હતો?’’

એ ઉત્તર આપે છે : ‘‘કૃપાનાથ, એ તો સહેજ કામ હતું એટલે જઈ આવ્યો. ખાસ કંઈ નથી...’’

પેલા સાથેના વૈષ્ણવથી ન રહેવાયું. બનેલી બધી વાત એણે આપશ્રીને નિવેદન કરી.

શ્રીમહાપ્રભુજી ભાવવિવશ થતા વિચારી રહ્યા છે : ‘‘અરે, મારો પદ્મનાભ આવો! મારા સુખ અને યશ માટે એણે આટલું મોટું સાહસ ખેડ્યું - ધન્ય છે એને!’’

પરંતુ, ઉપરથી જુદું જ દેખાડ્યું. પરીક્ષાર્થે થોડોક ઠપકો આપવા માંડ્યો : ‘પદ્મનાભદાસ, આ બધું તે શું કર્યું? અમે એ વેપારીના ચોકીદાર હતા? એના માલનો અમે કંઈ વીમો ઉતાર્યો હતો? એવી કઈ જવાબદારી હતી કે આટલી મોટી રકમ દેવું કરીને ચુકવવી પડી. અને તે પાછો ધર્મ ગીરો મૂકીને?’

ઋણ તો કેવું બાધક છે! ક્ષણભંગુર દેહ છૂટી જાય તો એને માટે જન્મ લેવો પડે! પ્રભુ પ્રાપ્તિમાં અંતરાય થાય!

‘‘વળી, ધર્મ તે કંઈ ગીરો મૂકવાની ચીજ છે! એ તો શિરસાટે હોય! આ બધું તેં શું કર્યું, વારુ?’’

પદ્મનાભદાસ બે હાથ જોડીને વિનંતિ કરે છે : ‘‘કૃપાનાથ, આપને શ્રમ થાત એની આગળ આ બધું કંઈ વિસાતમાં નથી. ઋણ નહિ જ રહી જાય. પ્રભુ સર્વ સમર્થ છે. એવું થવા જ કેમ દે! ગમે તેમ કરીને ભરી દઈશ. એની કંઈ ચિંતા નથી.

‘‘વળી, ધર્મી સ્વરૂપ કાજે મર્યાદા ધર્મ ગીરો મૂક્યો છે. એમાંયે કંઈ ખોટું નથી, મહારાજ!’’

શ્રીવલ્લભ પોતાના ‘કોટિમાં વીરલા’ ભગવદીયના સુદૃઢ પુષ્ટિભાવને જોઈને અતિ પ્રસન્ન થયા. કેટલાક દિવસ ત્યાં બિરાજીને કૃપાપૂર્વક ભગવદ્ રસનો અનુભવ કરાવ્યો.

પદ્મનાભદાસજીએ સંકલ્પ કર્યો હતો કે કથા કહીને વ્યાવૃત્તિ કરવી નહિ, છતાં આ ઋણ ભરવા માટે રાજદરબારમાં જઈને રાજાને મહાભારતની કથા સંભળાવી. એવી અદ્ભુત શૈલીથી કથા સંભળાવી કે રાજા, રાજપરિવાર, દરબારીઓ, સૈનિકો તથા નાગરિકો ખૂબ પ્રસન્ન થયા. કથા પૂરી થઈ. રાજાએ ઘણું સન્માન કર્યું. ઘણી મોટી રકમ દક્ષિણા તરીકે આપવા માંડી; પણ એમણે નમ્રતાથી કહ્યું :

‘‘રાજાજી, મારાથી કંઈ લેવાય નહિ. આપ એમ કરો કે અમુક શાહુકારને મારે રૂપિયા સત્તર હજાર વ્યાજ સાથે આપવાના છે. તે આપ મારી વતી ચૂકવી દો. બસ, એજ મારી દક્ષિણા.’’

રાજાએ ઘણો આગ્રહ કર્યો પણ એમણે કંઈ લીધું નહિ. આમ કથા કરીને આજીવિકા ન કરવાનો સંકલ્પ પણ પાળ્યો અને ધર્મ ગિરો મૂકીને પણ શ્રીમહાપ્રભુજીને શ્રમ ન થાય એ સાચવ્યું.

'પુષ્ટિમાર્ગનો ગુરુ ભક્તિનો આ કેવો ઉચ્ચકોટિનો આદર્શ છે!' હર્ષદભાઈએ સમાપન કરતાં કહ્યું.

'પોતાના ગુરુદેવને શ્રમ ન થાય તે માટે પદ્મનાભદાસજીએ પોતાનો ધર્મ અડાણે મૂક્યો! કથા કરીને દેવું ભર્યું. પોતાના સંકલ્પને સાચવીને કથા કરી! કથા કરીને વ્યાવૃત્તિ નહિ કરવાનો કેવો ઉચ્ચ આદર્શ તેમણે બતાવ્યો! આ ભગવદીયોના ચરિત્રો અદ્‌ભુત છે!' નિયતિએ કહ્યું.

'શ્રીગુસાંઈજીના સેવકોમાં પણ આવી અનન્ય ગુરુભક્તિનાં દર્શન થાય છે.' રાગિણીબેને કહ્યું. 'રાગિણીબેન, તમે એવા એક ભગવદીયની વાર્તા કહો.' કુશલે આગ્રહ કર્યો.

'ભલે, સાંભળો.' રાગિણીબેને શરૂઆત કરી.

શ્રીગુસાંઈજીના સેવક છીતસ્વામી અષ્ટછાપ ભગવદીયોમાં અનન્ય આદર્શ ગુરુભક્ત હતા. આવ્યા હતા તો શ્રીગુસાંઈજીની પરીક્ષા કરવા પરંતુ એમને શ્રીગુસાંઈજીના શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન થયાં. અને પ્રથમ દર્શને જ એવા પ્રભાવિત થઈ ગયા કે આપના સેવક થયા. અને જીવનભર શ્રીગુસાંઈજી અને શ્રીઠાકોરજી બંનેને એક સ્વરૂપ માનીને કીર્તનસેવા કરતા રહ્યા.

બાદશાહ અકબરનો માનીતો બીરબલ છીતસ્વામીનો યજમાન હતો. એણે પોતાના પુરોહિતને સારું એવું વર્ષાસન બાંધી આપેલું. દર વર્ષે છીતસ્વામી બીરબલને ત્યાં જતા, ત્યાં રહેતા અને વર્ષાસન લઈ આવતા.

એક વાર છીતસ્વામી બીરબલને ત્યાં ગયા. બીરબલે સન્માન સાથે પોતાની હવેલીમાં રાખ્યા. સવારે ઉઠીને છીતસ્વામી કીર્તન કરતા હતા. એમાં શબ્દો આવ્યા 'શ્રીવિઠ્ઠલ પ્રગટ કૃષ્ણ અવતાર.' બીરબલે સાંભળ્યું. તેને થયું આવું કદી હોય ખરું? શ્રીગુસાંઈજી પ્રભાવશાળી ધર્માચાર્ય છે. પણ આતો એમને કૃષ્ણ જ માને છે.

એટલામાં છીતસ્વામીએ બીજુ પદ ગાયું. તેમાં શબ્દો આવ્યા :

છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ,
તેઈ એઈ, એઈ તેઈ, કછુ ન સંદેહ.

આ સાંભળીને બીરબલ કહે છે : 'પુરોહિતજી, સવારના પહોરમાં તમે આવું મોટેથી ગાઓ છો. બાદશાહ સાંભળશે તો તમને એનો ખુલાસો પૂછશે તો તમારી શી સ્થિતિ થશે?'

આ સાંભળીને છીતસ્વામીને ઘણું દુ:ખ થયું. એમણે વિચાર્યું : 'મેં સંપૂર્ણ અનુભવ કર્યો છે એ જ હું ગાઉં છું. બીરબલને આ વાતમાં વિશ્વાસ નથી અને પાછો મને બાદશાહની બીક બતાવે છે. આવા યજમાનને ઘેર હું આવ્યો ત્યારે મારે આ સાંભળવું પડ્યું ને! આવા માણસનું વર્ષાસન મારે જોઈતું નથી. આવા માણસનું ધન આવશે તો મારી પણ બુદ્ધિ બગડશે.'

આમ વિચારીને બીરબલને કહી દીધું : 'જો બાદશાહ મને પૂછશે તો હું એને બરાબર જવાબ આપીશ. મારો જવાબ એ સમજશે પણ ખરો. હું જાણું છું કે એને તો શ્રીગુસાંઈજીના સ્વરૂપનો અનુભવ છે. એ મ્લેચ્છ હોવાં છતાં સમજુ અને ઉદાર વિચારનો છે. પરંતુ મારી દૃષ્ટિએ તો તમે જ મ્લેચ્છ છો. કારણ કે તમને શ્રીગુસાંઈજીની અલૌકિકતામાં આવી અશ્રદ્ધા ઉપજી છે!'

'બીરબલ હું જાઉં છું. મારે તમારું વર્ષાસન લેવું નથી. આજથી યજમાન અને પુરોહિતનો આપણો સંબંધ સમાપ્ત થાય છે.' આમ કહેતા એ ચાલી નીકળ્યા. વર્ષાસન લેવા ઊભા ન રહ્યા.

છીતસ્વામીને આ વર્ષાસન જ આજીવિકા હતી, છતાંયે પોતાના ગુરુદેવમાં અવિશ્વાસ કરનાર વ્યક્તિ પાસેથી તેમણે કંઈ લીધું નહિ. જ્યારે શ્રીગુસાંઈજીને આ વાતની જાણ થઈ ત્યારે આપશ્રીના મનમાં અહોભાવ પ્રગટ્યો : 'મારા ભગવદીય આવા ટેકીલા! ધન્ય છે. અરે, એણે પોતાની આજીવિકાનો પણ વિચાર ન કર્યો?'

શ્રીગુસાંઈજીએ છીતસ્વામીને નિર્વાહ માટે થોડી રકમ આપવાનું લાહોરના વૈષ્ણવોને જણાવ્યું. આપશ્રીએ આજ્ઞા કરી : 'હું છીતસ્વામીને લાહોર મોકલીશ. સાથે મારો પત્ર લઈને તેઓ આવશે. તમે સૌ વૈષ્ણવો એ પત્ર વાંચીને એમને સારી એવી રકમ ભેગી કરી આપજો.'

છીતસ્વામીને આપશ્રીએ આજ્ઞા કરીઃ 'તમે લાહોર જઈ આવો. આ પત્ર લઈ જાઓ. મેં ત્યાંના વૈષ્ણવોને વાત કરેલી છે. તેઓ તમને જે રકમ આપે તે લઈ આવજો.'

છીતસ્વામીએ પત્ર વાંચ્યો. એમાં પોતાની પ્રસંશા કરીને સરસ ભલામણ લખેલી હતી. વાંચતાં આંખમાંથી અશ્રુ બિંદુઓ ટપકવાં લાગ્યાં. મન વિચારે છે : 'અરે, હું આવો પતિત જીવ અને આપશ્રી મારી આવી પ્રશંસા કરે છે. મારે લાજવું જોઈએ.'

વળી વિચારે છે : 'મને, વૈષ્ણવો પાસે મોકલે છે મારાથી કેમ જવાય?'

શ્રીગુસાંઈજી પૂછે છે : 'છીતસ્વામી શું વિચાર કરો છો?'

એ વિનંતિ કરે છે : 'કૃપાનાથ, મારાથી કેમ જવાય? હું વૈષ્ણવ થયો તે વૈષ્ણવો પાસે ભીખ માંગવા માટે નથી થયો. બીરબલ પાસે તો મારે હક્કનું લેવાનું હતું. પણ શું થાય? એણે મ્લેચ્છ બુદ્ધિનો જવા દીધો! એવાનું ધન આવે તો મારી યે બુદ્ધિ બગડે!'

'પ્રભુ, આપે મારે માટે આટલો શ્રમ શા માટે લીધો? આપ ચિંતા ન કરશો. પ્રસન્નતાથી બિરાજો. આપની પ્રસન્નતા એ જ મારું સર્વસ્વ!'

શ્રીગુસાંઈજી પોતાના અંતરંગ ભગવદીયનો ગૌરવભર્યો ભાવ અને સિદ્ધાંતનિષ્ઠા જોઈ અતિ પ્રસન્ન થયા. કૃપાદૃષ્ટિ કરી. એમાં જ છીતસ્વામી કૃતકૃત્યતા અનુભવી રહ્યા.

પરંતુ, આપશ્રીથી રહેવાયું નહિ. છીતસ્વામી માટે લખેલો પત્ર બીજા દિવસે કાસદ સાથે લાહોર મોકલ્યો. સાથે લખ્યું કે છીતસ્વામી ત્યાં આવશે નહિ. તમારાથી જે બને તે હૂંડી કરીને એમના પર અહીં મોકલી આપજો.

થોડાજ સમયમાં સો રૂપિયાની હૂંડી આવી ગઈ. એ સમયમાં આ રકમ ઘણી મોટી ગણાય. છીતસ્વામીની આનાકાની છતાં આપશ્રીએ આગ્રહ કરીને હૂંડી એમને આપી. એમને લેવી પડી. લાહોરના વૈષ્ણવોએ

પત્રમાં લખ્યું હતું કે : 'કૃપાનિધાન, અમને પોતાના ગણીને આજ્ઞા કરી, ઘણીકૃપા કરી, જે બની તે ફૂલ પાંખડી મોકલી છે, દર વર્ષે અમે રૂા. ૧૦૦/-ની હૂંડી એમના નામની જરૂર મોકલીશું. વૈષ્ણવની સેવા એ પણ ભગવત્સેવા જ છે.'

આ પત્ર શ્રીગુસાંઈજીએ છીતસ્વામીને વંચાવ્યો. છીતસ્વામીને દર વર્ષે લાહોરથી હૂંડી આવતી રહી. એમને જીવનભર આજીવિકાની ચિંતા રહી નહિ. આમ જે ભક્તો હરિ-ગુરુ-વૈષ્ણવ પ્રત્યે અટલ વિશ્વાસ રાખી રહે છે તેમને પોતાની લૌકિક કે અલૌકિક ચિંતા કરવાની રહેતી નથી.'

રાગિણીબેને કહેલો છીતસ્વામીજીની ગુરુભક્તિ અને શ્રીગુસાંઈજીનો તેમના પ્રત્યેનો પ્રેમ દર્શાવતો આ પ્રસંગ સૌએ એક ધ્યાન થઈ સાંભળ્યો.

'છીતસ્વામી અનન્ય ગુરુભક્ત હતા. તેમની ગુરુગોવિંદની એકતાની ભાવના ભવ્ય હતી. તેમણે જીવનભર જે કીર્તનો ગાયાં તેમાં 'છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ' આવી છાપ મૂકી છે. એ છાપ તેમની આ ભાવનાને વ્યક્ત કરે છે.' હર્ષદભાઈએ પૂર્ણતા કરી.

'મને શ્રીગુસાંઈજીના બીજા એક સેવકની વાત યાદ આવે છે; જેમને પોતાના ગુરુદેવ પ્રત્યે અનન્ય ભક્તિ હતી.' જિગરે કહ્યું.

'આજે એ વાર્તા તમે કહો.' સૌએ જિગરને આગ્રહ કર્યો.

'ભલે ભલે, કહું છું.' જિગરે ખોંખારો ખાઈ શરૂ કર્યું.

શ્રીગુસાંઈજીના એક સેવક હતા હૃષિકેશ. તેઓ ઘોડાની દલાલી કરતા. એમને શ્રીગુસાંઈજી પ્રત્યે, પોતાના ગુરુદેવ પ્રત્યે અહોભાવ હતો. એમની ઈચ્છા એવી હતી કે શ્રીગુસાંઈજીને એક ઉત્તમ ઘોડો ભેટ કરે; પણ એવી એમની આર્થિક સ્થિતિ ન હતી કે ઘોડો ભેટ કરી શકે.

એક વાર એક સોદાગર બે હજાર ઘોડા વેચવા લાવ્યો. હૃષિકેશજીને ઘણા સમયે આવું મોટું કામ મળ્યું હતું. એ ઘોડા વેચવામાં એમને એક ઉત્તમ ઘોડો અને મોટી દલાલી મળી.

શ્રીગુસાંઈજી ગોકુળમાં શ્રીનવનીતપ્રિયાજીના મંગળા, શૃંગાર કરીને શ્રીગિરિરાજજી ઉપર શ્રીગોવર્ધનનાથજીના શૃંગાર કરવા પધારતા હતા.

ત્યારે એક દિવસ આપના મનમાં વિચાર આવ્યો કે : 'એક સુંદર ઘોડો હોય, એના ઉપર મખમલનું જીન હોય, એના ઉપર સવારી કરીને શ્રીજી દ્વાર જવાનું હોય તો કેવું સરસ?'

એટલામાં એક વૈષ્ણવે આવીને સમાચાર આપ્યા : 'કૃપાનાથ, હૃષિકેશ આપનાં દર્શને આવ્યા છે. સાથે સુંદર ઘોડો આપને ભેટ કરવા લાવ્યા છે.' શ્રીગુસાંઈજી બહાર પધાર્યા જુએ છે તો પોતાને વિચાર આવેલો તેવો જ ઘોડો, સુંદર જીન સાથે લાવીને હૃષિકેશ ઊભા છે. એમના મુખ ઉપર ભક્તિભાવ તરી રહ્યો છે. બે હાથ જોડી વિનંતી કરે છેઃ 'કૃપાનાથ, આ જીવ આપને આ અલ્પ ભેટ ધરવા આવ્યો છે. કૃપા કરીને આપ અંગીકાર કરો.' શ્રીગુસાંઈજી પોતાના મનની ઈચ્છિત વસ્તુ આવેલી જોઈ ઘણા પ્રસન્ન થયા. આપશ્રી હૃષિકેશની આર્થિક સ્થિતિ જાણતા હતા. આટલો સુંદર ઘોડો અને મખમલી જીન તેમણે ભેટ કર્યાં. તેમજ ઉપરથી દલાલીના મળેલા રૂા. ૨૦૦/- આપશ્રીના ચરણમાં ધર્યાં ત્યારે આપશ્રી પૂછે છે : 'હૃષિકેશ, આ તું શું કરે છે? ઘેર દ્રવ્યનો સંકોચ છે અને અહીં આટલી બધી ભેટ કરે છે!'

હૃષિકેશજી વિનંતી કરે છે : 'કૃપાનાથ, આ તો આપનું જ છે. હું શું ભેટ ધરવાનો હતો? આ બધું આપની કૃપાથી જ મળ્યું છે.'

આપશ્રીએ વિચાર કર્યો : 'સાચી મહેનતનું અને ભાવથી ધરેલું આ દૈવી દ્રવ્ય તો શ્રીજીની સેવામાં અંગીકાર થવા યોગ્ય છે.'

ચાંપાભાઈ ભંડારીને બોલાવીને એ રૂપિયા એમને આપતા પોતે આજ્ઞા કરીઃ 'આ બધી રકમ શ્રીજીબાવાની સામગ્રીમાં વાપરવાની છે. એને જુદી રાખજો.'

આમ હૃષિકેશજીની ગુરુભક્તિ અને ગુરુ પ્રત્યેનો સુદઢ પ્રેમ ભાવ શ્રીગુરુએ અને પ્રભુએ આ રીતે અંગીકાર કર્યો. શ્રીવલ્લભ અને શ્રીવલ્લભકુલમાં અનન્ય ભક્તિભાવ આ પુષ્ટિપથનો આધાર સ્થંભ છે.

'આજે પવિત્રા બારસના દિવસે - પુષ્ટિમાર્ગના સ્થાપના દિને આપણને પણ આપણા શ્રીગુરુદેવ અને શ્રીવલ્લભ પ્રત્યે સુદઢ ગુરુભક્તિ

પ્રાપ્ત થાય એવી વિનંતી શ્રીપ્રભુના ચરણોમાં કરી આશ્રયનું પદગાન કરીએ.' હર્ષદભાઈએ ઘડિયાળ તરફ જોતાં કહ્યું.

સૌએ આશ્રયના પદનું સમૂહમાં ગાન કર્યું.

* * *

વિષયાસક્તિ પણ ભક્તિમાં સાધક બને છે

એક દિવસ બે વૈષ્ણવો એક સાથે શ્રીગુસાંઈજી પાસે આવ્યા. બંનેની ઈચ્છા પોતાને ઘેર શ્રીઠાકોરજી પધરાવવાની હતી. શ્રીગુસાંઈજીએ પહેલા વૈષ્ણવને પૂછ્યુંઃ બોલ, તને કોઈ શોખ છે?

'મહારાજ, મને કોઈ શોખ નથી'

બીજાને પૂછ્યુંઃ 'તને કોઈ શોખ છે?'

'હા મહારાજ મને ખાવાપીવાનો બહુ શોખ છે.'

શ્રી ગુસાંઈજીએ એ વૈષ્ણવને તરત જ શ્રીઠાકોરજી પધરાવી દીધા. પહેલો વૈષ્ણવ તો હેરાન થઈ ગયો કે આ ખાવાના શોખીન માણસને શ્રીઠાકોરજી પધરાવી દીધા અને હું તો વિરક્ત છું, તો પણ મને શ્રીઠાકોરજી પધરાવી ન આપ્યા. પૂછે છેઃ 'મહારાજ, આમ કેમ?'

શ્રીગુસાંઈજીએ ખુલાસો કર્યોઃ ભાઈ, આને ખાવાનો શોખ છે તો એ શ્રીઠાકોરજી ને ભોગ તો ધરશે. જ્યારે તું તો વિરક્ત છે. તું શું શ્રીઠાકોરજીની સેવા કરવાનો છે? એટલા માટે મેં તેને શ્રીઠાકોરજી પધરાવી નથી આપ્યા.

કોઈપણ વિષયમાં રૂચિ ધરાવનાર વ્યક્તિ, વિષયાસક્ત વ્યક્તિ જો ભક્ત બને છે તો પોતાની જેમાં આસક્તિ હોય તેનો પ્રભુસેવામાં વિનિયોગ કરી, સમર્પિત મહાપ્રસાદ લઈ, પોતાનું જીવન કૃતાર્થ કરી શકે છે. સાથે સાથે અલૌકિક મહાપ્રસાદ લેવાથી ખાનપાનના અનિષ્ટથી બચી શકે છે.

આ પ્રસંગમાં જોવા મળે છે કે વૈષ્ણવની વિષયાસક્તિ ભક્તિમાં કેવી રીતે સાધક બને છે અને વિરક્તિ ભક્તિમાં કેવી રીતે બાધક બને છે.

૬. હરિ-ગુરુ-વૈષ્ણવ સરખા લેખો

બીજા દિવસે રાત્રે બરોબર નવ વાગે સ્પીકર ફોનની સ્વીચ ઓન કરી કુશલ-નિયતિ બેસી ગયાં. 'હલો, પ્રકાશભાઈ જિગર, જયશ્રીકૃષ્ણ.'

'જયશ્રીકૃષ્ણ, નિયતિ.' સામે છેડેથી અવાજ આવ્યો.

'ગઈકાલે આપણે છીતસ્વામીના પ્રસંગમાં સાંભળ્યું કે વૈષ્ણવ સેવા એ પણ ભગવત્સેવા જ છે. હર્ષદભાઈ, આજે એવા ભગવદીયોના પ્રસંગો સાંભળવા છે જેમણે વૈષ્ણવોની સેવા કરી હોય.' કુશલે કહ્યું.

'૮૪-૨૫૨ ભગવદીયોમાં ઘણા એવા ભગવદીયો થઈ ગયા છે કે જેમણે જીવનભર વૈષ્ણવોની સેવા પ્રેમ અને ભક્તિપૂર્વક કરી છે. તમે એ વાર્તાઓ વાંચી હશે તો આ વાતનો તમને ખ્યાલ આવ્યો જ હશે.' રાગિણીબેને કહ્યું.

'હા, પણ આજે એ ભગવદીયોને યાદ કરવા છે.'

'ભલે, ચાલો આજે હું શરૂઆત કરું છું.' હર્ષદભાઈએ કહ્યું.

'કનોજમાં પદ્મનાભદાસ રહેતા હતા. શ્રીમથુરાધીશજીની ખૂબ પ્રેમથી સેવા કરતા. મથુરાધીશજી એમના ઉપર પ્રસન્ન રહેતા. એમને બે દીકરીઓ હતી.'

મોટી દીકરી તુલસાં લગ્ન પછી તરત એના પતિનું અવસાન થવાથી પિયરમાં જ રહેતી હતી અને મથુરાધીશજીની પરમ પ્રીતિથી સેવા કરતી હતી.

હવે નાની પુત્રી ઉંમરલાયક થઈ. એના સગપણની ચિંતા છે. આમ તો એમની જ્ઞાતિમાં એટલે કનોજિયા બ્રાહ્મણોમાં, સારા સારા મૂરતિયા હતા. પદ્મનાભદાસનું ઘર ઘણું પ્રતિષ્ઠિત હતું. એટલે તરત સગપણ ગોઠવાઈ જાત-પણ એ તો જુદું જ વિચારી રહ્યા હતા. અવૈષ્ણવને તો પુત્રી અપાય જ કેમ? પ્રાણ જાય તો ભલે પણ આ તો ન જ થાય!

એ સમયમાં શરૂ થતો સંપ્રદાય! કનોજિયા બ્રાહ્મણોમાં વૈષ્ણવ કુટુંબો ઓછા! તેમાંય પાછો ઉંમરલાયક મૂરતિયો હોવો જોઈએ! હવે શું કરવું એ ચિંતાનો વિષય થઈ પડ્યો.

ભગવદીય દામોદરદાસ સંભરવાળા પણ કનોજમાં રહેતા. કોઈ ઉત્સવ પ્રસંગે એમને ઘેર વૈષ્ણવોની મંડલી રાખેલી. ઘણા વૈષ્ણવો આવેલા. પદ્મનાભદાસ પણ ત્યાં ગયા. ભગવદ્ વાર્તા પછી એમણે વાત મૂકી : 'ભાઈઓ, મારી પુત્રી માટે કોઈ વૈષ્ણવ મૂરતિયો જોઈએ છે. ઘણા દિવસથી એની ચિંતામાં છું.'

કોઈક વૈષ્ણવ બોલ્યા : 'પદ્મનાભદાસજી, આ સામે બેઠો એ બ્રાહ્મણ વૈષ્ણવનો પુત્ર છે. સારો ભાવિક છે. તમારી પુત્રી માટે લાયક છે.'

'એમ? ત્યારે લાવો કંકુ!' તરત જ એને વિવાહ - તિલક કરી દીધું. 'શ્રીગોવર્ધનનાથકી જે' બોલાઈ ગઈ, વૈષ્ણવો ઘણા પ્રસન્ન થયા. સૌ વિચારી રહ્યા હતા : 'વૈષ્ણવતાનો કેવો સુંદર આગ્રહ!'

પછી તો એ ઘેર આવ્યા. દીકરી તુલસાંને વાત કરી : 'બહેન, પ્રભુએ મારી ચિંતા આજે દૂર કરી. અમુક વૈષ્ણવનો પુત્ર મળી ગયો. મેં તો ત્યાં ને ત્યાં તિલક પણ કરી દીધું.'

'અરેરે પિતાજી! તમે આ શું કર્યું?' તુલસાંને આંચકો લાગ્યો, ભારે વિચારમાં પડી ગઈ. અને બોલી : 'આપણે કનોજિયા અને એ તો સનોડિયા છે. આપણી જ્ઞાતિ અને ગોળની બહાર! હવે શું થશે! જ્ઞાતિજનો ન્યાત બહાર મૂકશે. મોટા ઝગડામાં સંડોવાવું પડશે. ઘણો ક્લેશ થશે.'

ખરેખર, એ જમાનામાં લગ્નમાં ગોળને ભારે મહત્ત્વ અપાતું. જ્ઞાતિના આગેવાનોની જોહુકમી ચાલતી. રૂઢિ વિરૂદ્ધ કરે તે દંડાઈ જતા. બદનામી પણ ઘણી. તુલસાં આ ઉપાધિની કલ્પનાથી અકળાઈ ઊઠી.

પિતા કહે છે : 'શું થાય! મેં તો એ જ જોયું કે મૂરતિયો વૈષ્ણવ છે. વૈષ્ણવને જોતાં બધો ભેદભાવ ભૂલી ગયો. હશે, જે થયું તે થયું. પ્રભુ સૌ સારું કરશે.'

'અરે પિતાજી, તમે વ્યવહારમાં કંઈ સમજતા નથી. આવું ના ચાલે, તમે મારી વાત માનો - સગાઈ ફોક કરી આવો' - તુલસાં મક્કમતાથી કહી રહી હતી.

'અરેરે બેટી, તું આ શું બોલી? વૈષ્ણવ મંડલીમાં, વૈષ્ણવના દીકરાને મારે સગે હાથે કરેલું તિલક હું ફોક કરું? એ તો બને જ કેમ?'

'ના બાપુજી, તમારે કરવું જ પડશે,' તુલસાં ગળગળી થઈ ગઈ હતી.

'એમ, ભલે ત્યારે, પણ એક કામ કર. ઘરમાંથી મને ચપ્પુ લાવી આપ.'

'ચપ્પુ! અત્યારે શું કરવું છે?' તુલસાંને કંઈ સમજ પડી નહિ.

'કેમ? પહેલાં આ અંગૂઠો કાપી નાખું - જેના વડે તિલક કરેલું તે. પછી સગાઈ ફોક કરવા જાઉં.'

'અરેરે પિતાજી, અંગૂઠો તે કાંઈ કપાય?'

'તો બહેન! કરેલું તિલક કંઈ ભૂંસાય! મારાથી એ સર્વથા નહિ બને!'

પછી તુલસાંના મામાને ખબર પડી એટલે એ સમજાવવા આવ્યો. પગે લાગીને કહે છે : 'જુઓ ભાઈ સાબ! એ વૈષ્ણવના દીકરા માટે ગોળમાંથી હું સરસ કન્યા લાવી આપું. પછી તો સગાઈ ફેરવવામાં વાંધો નથી ને!'

પદ્મનાભદાસ કહે છે : 'ભલે, ભલે, લાવી આપો. પછી બન્ને કન્યાઓનું લગ્ન હું એની સાથે કરી આપીશ. મને બેવડા કન્યાદાનનો લાભ મળશે. પણ સગાઈ ફેરવવાની તો વાત જ ન કરશો.'

મામો થાકીને પાછો ગયો. એ ટેકી ભગવદીયનો ટેક ભગવાને છેક સુધી નભાવ્યો. જ્ઞાતિજનો ચર્ચા કરીને બેસી રહ્યા. આગેવાનો ધમપછાડા કરીને થાક્યા. ભગવદિચ્છાથી સંજોગો જ એવા બન્યા કે સૌ ઝખ મારીને રહ્યા. પદ્મનાભદાસે પોતાની પુત્રીનું લગ્ન એ વૈષ્ણવ સાથે જ કર્યું. એ પુત્રી અને જમાઈ બન્ને ભગવદીય બન્યાં. શ્રીમથુરાધીશની એમના ઉપર અતુલિત કૃપા થઈ.

એ જમાઈને વૈષ્ણવો પ્રત્યે એવો ભાવ થયો કે શ્રીમહાપ્રભુજીનાં દર્શને અડેલ જતા વૈષ્ણવોને વચમાં કનોજ આવે ત્યારે, તે પોતાને ઘેર લઈ આવે. બન્ને જણ મળીને સરસ આગતા સ્વાગતા કરે. વૈષ્ણવો ઘણા પ્રસન્ન થતા. ભગવદીયોની પ્રસન્નતા જોઈને ભગવાન અધિક પ્રસન્ન થતા ગયા.

એક દિવસ પદ્મનાભદાસને એનો અનુભવ થયો. એ કોઈ કાર્યાર્થે પુત્રીને ઘેર ગયા. ત્યારે જોયું કે એણે શ્રી...ને ભોગ ધરેલા હતા. પૂછ્યું: 'બહેન, તારે માથે સ્વરૂપ તો પધરાવ્યું નથી, તું ભોગ કોને ધરે છે?'

પુત્રી કહે : 'પિતાજી, તમે અંદર જાઓ ને!'

પદ્મનાભદાસ ટેરાની અંદર જઈને જુએ છે તો પોતાના સેવ્ય શ્રીમથુરેશ પ્રભુ ત્યાં પધારેલા છે. ઘણી પ્રસન્નતાથી આરોગી રહ્યા છે.

એ ભાવવિવશ બની ગયા : 'અરે બેટી, હું તો જાણતો હતો કે તુલસાં ઉપર જ કૃપા થઈ છે. આજે જાણ્યું કે એથી યે વિશેષ કૃપા તારા ઉપર છે. આવી કૃપા ક્યારથી થઈ, બહેન?'

'પિતાજી, તમારી કૃપાથી વૈષ્ણવોની થોડી ઘણી ટહેલ અમારાથી બનવા લાગી. ત્યારથી પ્રભુ ઘણી પ્રસન્નતા દર્શાવે છે. વિનંતી કરતા જ પોતે ભાવાત્મક સ્વરૂપે રોજ પધારે છે. અમારી ગાંડી ઘેલી સેવાનો સાક્ષાત અંગીકાર કરે છે.'

'શ્રીઠાકોરજી પોતાની અને શ્રીવલ્લભની સેવા કરનાર ઉપર તો પ્રસન્ન રહે જ છે પણ ભગવદીયોની સેવા કરનાર વૈષ્ણવો ઉપર અધિક પ્રસન્ન રહે છે તેનું આ ઉદાહરણ છે.' રાગિણીબહેને કહ્યું.

'પદ્મનાભદાસ જેવા ભગવદીયની દીકરી તો આવી કૃપાપાત્ર જ હોયને? શ્રીમથુરાનાથજી એને ત્યાં ભોગ આરોગવા સાક્ષાત્ પધારતા! અને તે પણ વૈષ્ણવોની સેવાથી પ્રસન્ન થઈને! અદ્‌ભુત છે આ ચરિત્રો!' પ્રકાશ-જિગર બોલી ઊઠ્યાં.

'હર્ષદભાઈ, મેં પણ એક પ્રસંગ વાંચેલો છે; જેમાં વૈષ્ણવસેવાથી એ ભગવદીય ઉપરની મોટી આફત દૂર થયેલી.' નિયતિએ કહ્યું.

'તો સંભળાવને, રાહ કોની જુએ છે?'

'સાંભળો.' નિયતિનો અવાજ સ્પીકર ફોન ઉપર રણક્યો.

'સિંધમાં નગરઠઠ્ઠા નામનું શહેર હતું. ત્યાંના બાદશાહને ત્યાં નારાયણદાસ નામના વૈષ્ણવ દીવાન હતા. તેઓ ઘણું દ્રવ્ય કમાયા હતા. શ્રીમહાપ્રભુજીને ઘણી ભેટ મોકલતા. જે કોઈ વૈષ્ણવ તેમની પાસે મદદ માગવા આવતા તેમને જરૂરી દ્રવ્ય આપી પ્રસન્ન કરી વિદાય કરતા.

એક વખત નારાયણદાસને રાજ્યના હિસાબમાં ઘટ આવી. બાદશાહ તેમના પર ગુસ્સે થયો. તેમને જેલમાં પૂર્યા, પાંચ લાખ રૂા. નો દંડ ફટકાર્યો. રોજ પાંચહજાર રૂપિયા ભરવાનો હુકમ કર્યો. જે દિવસે એ રકમ ન ભરાય તે દિવસે પાંચસો ફટકાની સજા કરવાનો નિયમ કર્યો.

એક દિવસ અડેલથી બે બ્રાહ્મણ વૈષ્ણવો નારાયણદાસને મળવા સિંધ સુધી આવ્યા. તેમને એક-એક દીકરી હતી. તેમનાં લગ્ન કરવાં હતાં; પણ પાસે પૈસા ન હતા. નારાયણદાસ સૌ વૈષ્ણવોને મદદ કરે છે એમ સાંભળીને આશાભર્યાં તેઓ નગરઠઠ્ઠા આવ્યા હતા.

ત્યાં આવ્યા પછી તેમને નારાયણદાસના બધા સમાચાર મળ્યા. નિરાશ થયા. બીજા દિવસે પાછા જવાનો વિચાર કર્યો. સવારમાં નારાયણદાસનો નોકર રૂપિયા પાંચ હજારની થેલી લઈ નારાયણદાસને આપવા જેલમાં આવ્યો. તેણે બે વૈષ્ણવો આવ્યાની વાત કહી. નારાયણદાસે માણસને કહ્યું : 'તે બંને વૈષ્ણવોને તું મારી પાસે લઈ આવ. મારું મોટું ભાગ્ય છે કે આવા સમયમાં મને તેમનાં દર્શન થશે અને ભગવદ્-સ્મરણ થશે.'

નારાયણદાસનો માણસ બંને વૈષ્ણવોને લઈ આવ્યો. બંને વૈષ્ણવોએ નારાયણદાસને ભગવદ્-સ્મરણ કર્યા. શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીનું ચરણામૃત અને મહાપ્રસાદ આપ્યો.

નારાયણદાસે બંનેને પ્રેમથી પોતાની પાસે બેસાડ્યા. શ્રીમહાપ્રભુજીના કુશળ સમાચાર પૂછ્યા. તેમણે હાથ જોડી વૈષ્ણવોને કહ્યું : 'તમારા દ્વારા શ્રીઆચાર્યજીએ અને શ્રીઠાકોરજીએ મારા પર મોટી કૃપા કરી છે કે જેથી આવા સમયમાં, આવી જગ્યામાં તમારાં દર્શન થયાં છે; માટે મારી જેલ અવશ્ય છૂટશે.'

પછી નારાયણદાસે પાંચ હજાર રૂપિયાની પાંચ થેલીઓ આવી હતી તે વૈષ્ણવોને આપીને કહ્યું : 'અત્યારે આટલું જ આપી શકું છું. તમે તે સ્વીકારવાની કૃપા કરો. અહીંથી સીધા અડેલ જવા નીકળી જજો. ગામમાં જશો નહિ અને કોઈને મળશો પણ નહિ. તમારી દીકરીઓના વિવાહ કરજો. શ્રીમહાપ્રભુજીને મારા દંડવત્ કરજો.'

નારાયણદાસે બંને વૈષ્ણવોને વિદાય કર્યા. તેમના મનમાં ઘણો આનંદ હતો કે આ સ્થિતિમાં પણ વૈષ્ણવોની સેવા થઈ. મારે ત્યાંથી વૈષ્ણવ ખાલી હાથે પાછા ગયા નહિ.

બીજી બાજુ બાદશાહને સમાચાર મળ્યા કે આજે નારાયણદાસ તરફથી પાંચ હજાર રૂપિયા રાજ્યના ખજાનામાં જમા થયા નથી. બાદશાહે નારાયણદાસને બોલાવી કારણ પૂછ્યું. નારાયણદાસ મૌન રહ્યા. બાદશાહે માણસને બોલાવી પાંચસો કોરડા મારવા કહ્યું. નારાયણદાસ જરાય ડર્યા વિના શાંતિથી ઊભા રહ્યા. બાદશાહે સાચું કારણ કહેવા દબાણ કર્યું.

નારાયણદાસે કહ્યું : 'મારા બે ગુરુભાઈ બ્રાહ્મણો તેમની કન્યાઓનાં લગ્ન માટે મારી આશા રાખી, ઘણે દૂરથી આવ્યા હતા. આજની પાંચ થેલી મેં તેમને આપી દીધી. મને ભલે આજે પાંચસો કોરડાનો દંડ સહન કરવો પડે; પરંતુ તેમનું કામ તો થશે ને! તમને યોગ્ય લાગે તે હુકમ કરો.

બાદશાહે કહ્યું : 'નારાયણદાસ, તમે પરોપકારી છો. તમારા જેવા લોકોના ધર્મથી પૃથ્વી ટકી છે; માટે તમારા ઉપર હું પ્રસન્ન છું. તમને અપરાધમાંથી મુક્ત કરી તમારો દંડ માફ કરું છું અને ખજાનામાં જમા થયેલી રકમ પણ પાછી અપાવી, ફરી તમને દીવાન બનાવું છું.' નારાયણદાસને માનસન્માન સાથે તેમના ઘેર મોકલી આપ્યા.

નારાયણદાસે ઘેર જઈ એક માણસ સાથે એક હજાર સોનામહોરની થેલી શ્રીમહાપ્રભુજીને ભેટ મોકલાવી. ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: 'જે વૈષ્ણવો અમારા વૈષ્ણવો ઉપર આવો પ્રેમ રાખે છે, તેમનું હંમેશાં કલ્યાણ થાય છે.'

'વાહ,, હર્ષદભાઈએ વૈષ્ણવસેવાથી શ્રીઠાકોરજી પ્રસન્ન થાય છે એ સમજાવ્યું, તો નિયતિએ વૈષ્ણવસેવાથી શ્રીમહાપ્રભુજીની પ્રસન્નતા બતાવી. ઉપરાંત વૈષ્ણવસેવાથી નારાયણદાસની ભાવના - વૈષ્ણવનાં દર્શનથી મારી જેલ છૂટશે - પણ સાર્થક થઈ. આવા અલૌકિક-લૌકિક સફળતા આપનાર પ્રસંગોના શ્રવણથી આપણી સ્વમાર્ગમાં અને સેવામાં દૃઢતા વધે છે.'

'આવી દૃઢતા જેમને થઈ હતી તેવા એક વૈષ્ણવની વાત હું કહું છું. સાંભળો.' જિગરે કહ્યું.

ઉત્તમશ્લોકદાસ નામના એક વૈષ્ણવ હતા. તેઓ શ્રીનાથજીના સેવકોને માટે રસોઈ કરી, શ્રીનાથજીનાં ધજાજીને ભોગ ધરી, સૌ વૈષ્ણવોને ખૂબ પ્રેમથી મહાપ્રસાદ લેવડાવતા. તેમણે વિચાર કર્યો : 'શ્રીનાથજીના સેવકોને હું મહાપ્રસાદ લેવડાવું છું, તેમાં મારી સેવા ક્યાં અંગીકાર થાય છે? મારી સત્તાનું, મારી ગાંઠનું લેવડાવું તો મને આનંદ થાય. આ તો બધું શ્રીગુસાંઈજીના ઘરનું છે.'

તેમણે વિચાર કર્યો : 'આ સેવકોને મારી ગાંઠનું શું લેવડાવું?'

પ્રભુકૃપાથી તેમને પ્રેરણા થઈ : 'શ્રીનાથજીના સેવકોને સેવામાં શારીરિક શક્તિ વિશેષ જોઈએ. તો જ તેઓ પ્રભુની સેવા થાક્યા વિના સુંદર રીતે કરી શકે. શરીરની શક્તિ માટે ઉત્તમ પૌષ્ટિક મહાપ્રસાદ લેવડાવવો જોઈએ. આ માટે વધારાનું ઘી મારી ગાંઠનું ખરીદી તેમને પીરસું, તો મારી સેવા અંગીકાર થાય અને સેવકોમાં પણ શારીરિક શક્તિ જળવાઈ રહે, તો શ્રીનાથજીને પરિશ્રમ ન પડે.'

આમ વિચાર કરી, પોતાની પાસેના દ્રવ્યમાંથી ઘી લાવી, તેઓ વધારાનું ઘી સેવકોની રોટલી પર ચોપડી, તેમને આગ્રહપૂર્વક લેવડાવતા. તેમના આવા પ્રેમથી સૌ સેવકો તેમને મહતારી (દાદીમા) કહી બોલાવતા.

આ વાત શ્રીગુસાંઈજીના સાંભળવામાં આવી. એક દિવસ શ્રીગુસાંઈજીએ ઉત્તમશ્લોકદાસને બોલાવીને પૂછ્યું : 'તમે તમારા અંગત દ્રવ્યનું ઘી મંગાવી સેવકોને કેમ પીરસો છો?'

ઉત્તમશ્લોકદાસે કહ્યું : 'મહારાજ! સેવકોને સેવામાં શ્રમ ઘણો થાય છે. વારંવાર પર્વત ચઢવો - ઊતરવો પડે છે. તેમનો શ્રમ જોઈ પ્રભુને ખેદ થાય છે, તેથી સેવકો સારી રીતે સેવા કરે તે માટે તેમને વધારાનું ઘી પીરસું છું.'

'સેવકો પ્રત્યેનો આવો પ્રેમ જોઈ શ્રીગુસાંઈજી તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા.' જિગરે સમાપન કરતાં કહ્યું.

'આપણે વૈષ્ણવ સેવાથી થતી શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની પ્રસન્નતાના પ્રસંગો જોયા. મને એક એવો પ્રસંગ યાદ આવી રહ્યો છે જેમાં વૈષ્ણવોની સેવાથી ભાગ્યમાં ન હતું તે પણ એક વૈષ્ણવને પ્રાપ્ત થયું હતું.' પ્રકાશભાઈએ કહ્યું.

'પ્રકાશભાઈ, ભાગ્યમાં ન હોય છતાં ભગવદીયની કૃપાથી મળ્યું હોય એવું તે કેમ બને?'

'ખરેખર બન્યું છે. સાંભળો. હવે મારો વારો. એ પ્રસંગ હું કહું છું. ૨૫૨ ભગવદીયોની વાર્તાઓમાંનો આ પ્રસંગ છે.' પ્રકાશભાઈએ શરૂઆત કરી.

એક હતા શેઠ. ઘણા ધનિક. સકુટુંબ શ્રીગુસાંઈજીના સેવક થયેલા. ઘરમાં શ્રીઠાકુરજી બિરાજે. શેઠ શેઠાણી સેવા કરે. સહાયતામાં એક દાસી

પણ હતી - જમના. આમ તો કામકાજ માટે રાખેલી પણ ઘરના માણસ જેવી જ થઈ ગઈ હતી. એનેય શ્રીગુસાંઈજીની સેવક કરાવેલી. સેવામાં નહાય. રસોઈ વગેરે કરે. લીલાના એ જીવ ઉપર શ્રીઠાકુરજીની વિશેષ કૃપા થઈ ગઈ. એનામાં અલૌકિક સામર્થ્ય આવતું ગયું.

શેઠને એક દીકરો હતો - ગોપાળદાસ. એ હવે ઉંમરલાયક થયો હતો. એનો જીવ લૌકિકમાં વધારે. વેપાર રોજગાર સંભાળે, દુકાને બેસે, મુનિમ વગેરે ઉપર દેખરેખ રાખે. ધંધો ધમધોકાર ચાલતો હતો. શેઠ સેવા સ્મરણમાં વધુ સમય લઈ શકતા; નિવૃત્ત જીવન ગાળી રહ્યા હતા.

હવે શેઠ - શેઠાણી ઘણાં વૃદ્ધ થયાં. જમના પ્રૌઢ વયમાં હતી. એ સેવા સંભાળતી. શેઠને લાગ્યું કે હવે ભગવાનના ધામમાં જવાનું નજીક છે. એમને વિચારો આવવા લાગ્યા : 'દીકરો લૌકિકમાં તો કુશળ છે પણ સેવામાં એને ખાસ રુચિ નથી. હમણાં તો સેવા જમના સંભાળશે પણ પછી શું? વળી દીકરો કદાચ એનું માન ન સાચવે એવું પણ બને!'

શેઠે પુત્રને બોલાવ્યો અને કહ્યું : 'ભાઈ ગોપાલ! અમે તો હવે થોડાક સમયનાં મહેમાન છીએ. અમે જઈશું પછી શ્રીઠાકોરજીની સેવા જમનાબાઈ કરશે. તને તો ફુરસદ નથી; સેવામાં રસ પણ નથી.'

'પણ ભાઈ જીવનમાં ખરેખરું કરવાનું આ જ છે. પેટ ભરવાની પ્રવૃત્તિ તો પશુઓ પણ કરે છે. સેવા-સ્મરણ, યાત્રા-દર્શન, એનાથી જીવન ખરેખર કૃતાર્થ થાય છે. તું હજુ નાનો છે; બહુ સમજતો નથી; પણ મારું કહેવું માને તો એટલું કરજે કે આ જમનાબાઈ તરફ આદરભાવ રાખજે. તારી માતા ન હોય ત્યારે એને જ માતા તુલ્ય માનજે. હું જાણું છું કે એના પર ભગવાનની ઘણી કૃપા છે. એ જે સલાહ આપે તે તારા હિતની હશે. એ કહે તેમ કરજે. એનો સત્સંગ લાગશે તો તારો બેડો પાર થઈ જશે, ભાઈ!'

પિતાનાં અંતિમ સમયનાં લાગણી ભર્યાં વચનો પુત્રના મનમાં ઉતરી ગયાં. એણે ખાત્રી આપી : 'પિતાજી, તમે કહો છો એમ જ કરીશ. હું એ માજીના કહેવા પ્રમાણે જ ચાલીશ. શ્રીઠાકુરજીની સેવામાં બહારની સહાયતા કરતો રહીશ. તમે જરાયે ચિંતા કરશો નહિ.'

શેઠને સંતોષ થયો. એમણે દેહ છોડવો. થોડા સમયમાં શેઠાણી પણ ગયાં. ગોપાળદાસ હવે જમનામાનું સારું માન રાખે છે. માજી માજી કરે છે. એની સંભાળ રાખે છે. એને પૂછીને કામ કરે છે.

ઘરના સંસ્કારોને લીધે ઘણીવાર એના મનમાં એમ પણ આવે છે કે ધંધાના કામકાજમાં રોજની સેવા તો મારાથી નથી બનતી; પણ એક વખત વ્રજમાં જઈ આવું. આપણા ઈષ્ટ દેવ શ્રીજીનાં અને શ્રીગુસાંઈજીનાં દર્શન કરી આવું તો સારું. પિતાજી કહેતા હતા કે જીવનની સાચી સાર્થકતા તો ધર્મમાં જ છે.

એમ કરતાં એક વખત એને સમાચાર મળ્યા કે ગામમાંથી વૈષ્ણવોનો સંઘ વ્રજયાત્રા માટે જઈ રહ્યો છે. એનેય મન થઈ ગયું; પણ માજીની રજા વગર કેમ જવાય? એ પૂછવા ગયો.

'માજી, મારું મન સંઘ સાથે વ્રજયાત્રામાં જવાનું છે. તમે મને રજા આપો.'

માજી કહે છે : 'બેટા ગોપાળદાસ, મને લાગે છે કે તું હમણાં વ્રજયાત્રા નહિ કરી શકે. તારો અધિકાર નથી. મારું મન એવું કહે છે કે તું જઈશ તો નાહક દુઃખી થઈશ.'

ગોપાળદાસ કહે છે : 'માજી, મને ઘણું જ મન થયું છે. અને ફરી આવો સંઘનો સંગાથ ક્યારે મળવાનો છે! મને ના કહેશો નહિ. મારે તો જવું જ છે. આટલા બધા જણ યાત્રા કરવા જાય છે, એમને યાત્રા થશે ને મને કેમ નહિ થાય!'

માજી હવે મૌન રહ્યાં. લાગ્યું કે વિશેષ કહેવું હવે નકામું છે. ગોપાળદાસ સંઘ સાથે નીકળ્યો. બળદ ગાડાની મુસાફરી. રસ્તામાં દિવસો લાગે. વચમાં જુદા જુદા રાજાના રાજ્ય પણ આવતાં જાય. સંઘ એક નાના રાજ્યમાંથી પસાર થઈ રહ્યો છે. ત્યાં જકાત બાબતમાં રાજાના માણસો સાથે એ લોકોને તકરાર થઈ. જુવાનીનું જોર અને ધનના મદમાં, પોતાની હોશિયારી બતાવવા, ગોપાળદાસ તકરારમાં આગળ પડ્યો. પોલિસે એને પકડીને કેદ કરી લીધો. સંઘવીના પ્રયાસો છતાં એ લોકોએ એને છોડ્યો નહિ.

નિરુપાયે સંઘ તો આગળ વધ્યો. વ્રજયાત્રા, શ્રીજીનાં દર્શન વગેરે કરીને એ જ રસ્તે સંઘ પાછો ફર્યો. ત્યારે ગોપાળદાસને છોડાવવા સંઘના આગેવાને ફરી પ્રયાસ કર્યો. પ્રયાસ સફળ થયો. એને છોડાવ્યો. પ્રસાદ કંઠી વગેરે લાવેલા તે એને આપ્યું. સંઘની સાથે એ પાછો ફર્યો.

ઘેર આવીને, વટ રાખવા માટે, માજીને કહે છે : 'માજી, હું વ્રજયાત્રા કરી આવ્યો!'

માજી કહે છે : 'ભાઈ, તું ખોટું બોલે છે, મારું મન કહે છે કે તું ખાલી ખાલી પાછો આવ્યો છે. સાચું બોલ જોઈએ.'

ગોપાલદાસે પછી બનેલી બધી વાત માજીને કહી; એટલું જ નહિ, તે દિવસથી એને માજીના અલૌકિક સામર્થ્યમાં પૂરો વિશ્વાસ બેસી ગયો. પછી તો એના સત્સંગમાં એને રસ લાગ્યો. એક વાર એણે પૂછ્યું : 'માજી, મને વ્રજયાત્રા કેમ ન થઈ? હવે શું કરું તો થાય?'

માજીએ કહ્યું : 'ભાઈ, આ માર્ગમાં લીલાના સંબંધથી જ બધું થાય છે. અધિકાર વિના કંઈ થતું નથી. છતાં એક ઉપાય છે. જો કોઈ સાચા ઉત્તમ ભગવદીયના આશીર્વાદ મળી જાય તો પ્રભુ કૃપા કરે છે. અશક્ય પણ શક્ય બને છે. પહેલાં વૈષ્ણવની કૃપા મેળવવી જોઈએ. એને માટે વૈષ્ણવોની સેવા કરવી જોઈએ.'

ગોપાળદાસ પાસે ધન તો ઘણું હતું. એણે એક જુદું મકાન રાખ્યું. આવતા જતા વૈષ્ણવોને એમાં ઉતારે. જાતે એમની સેવા શુશ્રુષા કરે. પછી વિનંતિ કરે : 'વૈષ્ણવજી, એવી કૃપા કરો કે મને વ્રજયાત્રાનું સુખ મળે!'

એક વાર એક તાદૃશી વૈષ્ણવ આવી ચઢ્યા. વિનંતિ કરતાં એમણે આશીર્વાદ આપ્યા : 'હવે જાઓ, જરૂર યાત્રા થશે.'

ગોપાળદાસ રાજી થઈ ગયા. માજીને વાત કરી. હવે એમણે પણ રજા આપી. કેટલાક વૈષ્ણવોને સાથે લઈને એ શ્રીજીદ્વાર જવા નીકળ્યા. આવીને શ્રીનાથજીનાં - શ્રીગુસાંઈજીનાં દર્શન કર્યાં. સારી એવી ભેટ કરી.

પછી શ્રીગુસાંઈજી ગોકુળ પધાર્યા. ત્યારે ગોપાળદાસ ગોકુળ આવ્યા. ત્યાં શ્રીનવનીતપ્રિયાજીનાં અને સાત સ્વરૂપનાં દર્શન કર્યાં, ભેટ ધરી. ત્યાંથી આપશ્રીની આજ્ઞા લઈને, એમણે આખી વ્રજયાત્રા કરી. પાછા શ્રીગોકુલ આવ્યા. આપશ્રીને દંડવત્ કરીને વિનંતિ કરી :

'કૃપાનાથ, મારા પિતા ભગવદીય હતા. ઘરમાં એમના શ્રીઠાકુરજી બિરાજે છે. માજી સેવા કરે છે. પણ હવે વ્રજયાત્રાને પ્રતાપે, આપની કૃપાથી મને સેવા કરવાનું મન થયું છે. આપ આજ્ઞા આપો તો કરું.'

શ્રીગુસાંઈજીએ પ્રસન્નતાથી આજ્ઞા આપી. ગોપાળદાસ, બીજા વૈષ્ણવો સાથે જમુના જળ, કંઠી, પ્રસાદ વગેરે લઈને ઘેર આવ્યા. ગામના વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવ્યો. પ્રસાદ વગેરે વાંટ્યું. પછી વૈષ્ણવોની રજા લઈને, શ્રીજી, સાત સ્વરૂપ, શ્રીગુસાંઈજીની ભેટ કાઢીને, સેવામાં નહાવાનું ચાલુ કર્યું.

હવે જમનાબાઈ અને ગોપાળદાસ હળી મળીને શ્રીઠાકુરજીને તન મન ધનથી લાડ લડાવવા લાગ્યા. દુકાનનું કામકાજ વિશ્વાસુ મુનીમને સોંપ્યું.

ધનની કંઈ ખોટ નહોતી. મનમાં ભાવ એવો પ્રગટ્યો કે જીવન સેવામય બની ગયું. શ્રીઠાકોરજી કૃપા કરીને વિવિધ અનુભવ જણાવવા લાગ્યા. જીવન કૃતાર્થ થઈ ગયું.

'પ્રકાશભાઈ, તમારી વાત સાચી. ભાગ્યમાં ન હોય, ભગવાનની ઈચ્છા ન હોય છતાં ભગવદીયની કૃપા થાય તો એ ફલ પ્રાપ્ત થઈ શકે છે. દૈન્ય, આર્તિતાપ અને ભક્તોનું દાસત્વ આવું ફળ દાયક છે.

૭. ગોવિંદાકો ગાયનમેં બસવો હી ભાવે

‘વૈષ્ણવને વહાલા શ્રીવલ્લભ’

“શ્રીવલ્લભને વહાલા ગોપાલ’

“ગોપાલને વહાલું કોણ?’

“ગોપાલને વહાલી ગાયો.’

“શ્રીઠાકોરજી પોતાની સેવા કરનાર ઉપર, શ્રીવલ્લભની સેવા કરનાર ઉપર અને વૈષ્ણવોની સેવા કરનાર ઉપર પ્રસન્ન રહે છે તેમ ગાયોની સેવા કરનાર વૈષ્ણવો ઉપર પણ પ્રસન્ન રહે છે.’

રવિવારે બપોરના સત્સંગ માટે સૌ એકત્ર થયાં છે. શ્રીઠાકોરજીની પ્રસન્નતા કોના કોના ઉપર રહે છે તેની ચર્ચા થઈ રહી છે.

‘હા, ગોપાલને સૌથી વહાલી ગાયો છે. તેથી તો તેમનું નામ ‘ગોપાલ’ પડ્યું છે. જ્યારે શ્રીગોવર્ધનધર પ્રભુ શ્રીગિરિરાજજીમાંથી પ્રકટ થયા ન હતા ત્યારે એક ગાય જ તેમના માટે શ્રીગિરિરાજજીની શિલાના છિદ્રમાં દૂધ સ્રવી આવતી. શ્રીમહાપ્રભુજીએ તેમને બહાર પધરાવ્યા પછી પણ વ્રજવાસીઓનાં દૂધ-દહીં શ્રીજીબાવા આરોગતા. શ્રીમહાપ્રભુજી પાસે શ્રીજીબાવાએ બીજું કશું નહિ પણ એક ગાય માગેલી.’

‘શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને પોતાનો છલ્લા વેચીને ગાય લાવી દીધેલી.’

‘વ્રજવાસીઓને ખબર પડી કે શ્રીનાથજીને ગાયો ખૂબ વહાલી છે એટલે સૌએ તેમને ગાયો ભેટ કરેલી. એટલી બધી ગાયો આવી કે શ્રીગિરિરાજજીની તળેટીમાં આખું ગોપાલપુર ગામ વસી ગયું.’

‘એ ગાયોની સેવા કરનાર વૈષ્ણવો ઉપર શ્રીજીબાવાની અપૂર્વ પ્રસન્નતા રહેતી.’

‘હર્ષદભાઈ, આજે એવા વૈષ્ણવનો પ્રસંગ કહો, જેમણે ગાયોની સેવા કરીને શ્રીગોવર્ધનધરની પ્રસન્નતા પ્રાપ્ત કરી હોય’ પ્રકાશભાઈએ પોતાની ઈચ્છા વ્યક્ત કરી.

‘જરૂર.’ હર્ષદભાઈએ પોતાની ખુશી બતાવી.

‘શ્રીજીબાવાના અંતરંગ ભગવદીય હતા કુંભનદાસજી. એમના પુત્ર હતા કૃષ્ણદાસ.’

‘કુંભનદાસજીને તો સાત પુત્ર હતાને?’ જિગરે પૂછ્યું.

‘હા, પરંતુ એમણે શ્રીગુસાંઈજીને કહેલું : ‘મારે દોઢ પુત્ર છે.’

‘એવું કેવી રીતે હોય?’

‘કુંભનદાસજી માનતા કે સેવા અને સ્મરણ બંને કરે તે સાચો પુત્ર-આખો પુત્ર. માત્ર સેવા કરે તે અડધો પુત્ર. ચતુર્ભુજદાસજી પ્રભુનાં સેવા-સ્મરણ બંને કરતા માટે તેમને કુંભનદાસજી આખો પુત્ર કહેતા. કૃષ્ણદાસ માત્ર ગાયોની સેવા કરતા. તેમને અડધા પુત્ર કહેતા. જે પુત્રો સેવા કે સ્મરણ કાંઈ નહોતા કરતા, તેમને તો કુંભનદાસજી પુત્ર જ નહોતા માનતા.’ હર્ષદભાઈએ સમજાવ્યું.

“સેવા-સ્મરણનો કેવો ટેક!’ પ્રકાશભાઈએ આશ્ચર્ય બતાવ્યું.

“કુંભનદાસજી શ્રીગોવર્ધનધરપ્રભુની કીર્તનની સેવા કરતા. શ્રીગુસાંઈજીએ કૃષ્ણદાસને શ્રીનાથજીની ગાયોની સેવા સોંપી હતી.’ : હર્ષદભાઈએ વાતનો દોર આગળ ચલાવ્યો.

“ગાયોની સેવામાં કૃષ્ણદાસ ઓતપ્રોત બની ગયા હતા.

એમનો આખો દિવસ એમાં જ જતો. ગૌ સેવા એ જ એમનું સર્વસ્વ હતું. રોજ સવારે ગાયોને ચરાવવા લઈ જાય અને સાંજે પાછી લાવે.

એક દિવસ સાંજે પાછા આવતાં જરા મોડું થઈ ગયું. ગાયોના ધણની સાથે કૃષ્ણદાસ ‘પૂંછરી’ પાસેથી પસાર થઈ રહ્યા હતા.

ઘણી ખરી ગાયો આગળ નીકળી ગઈ હતી. ઓછા શ્વાસવાળી એક હૃષ્ટપુષ્ટ ગાય જલ્દી ચાલી શકતી ન હોવાથી પાછળ રહી ગઈ હતી. કૃષ્ણદાસ એને મૂકીને તો કેવી રીતે જાય! એની પાછળ પાછળ આવતા હતા.

સૂર્યાસ્ત થઈ ગયો હતો. હવે તો અંધારું થવા આવેલું. એનો લાગ લઈને ગિરિરાજની ગુફામાંથી એક ભૂખ્યો વાઘ બહાર નીકળ્યો. એ દુષ્ટ પ્રાણીની નજર પેલી પુષ્ટ ગાય ઉપર મંડાઈ. જરા દૂરથી કૃષ્ણદાસે વાઘને જોયો. એ પણ જોયું કે ગાય પર તરાપ મારવા એ તત્પર થયો છે.

કૃષ્ણદાસ ક્ષત્રિય હતા. વળી સાચા વૈષ્ણવ હતા. હિંદુ માત્રને ગાય તરફ પ્રેમ હોય છે. તો એમને કેમ ન હોય! વળી આ ગાય સાધારણ ન હતી. એ તો શ્રીજીની ગાય. એ તો એમને પ્રાણથી યે અધિક પ્રિય હતી.

એમનું ક્ષત્રિય લોહી ઉકળી ઉઠ્યું. પ્રાણ ન્યોછાવરીની તમન્ના જાગી. સ્વધર્મ બજાવતાં દેહત્યાગ થાય એ તો જીવનનો અણમોલ લહાવો!

એમનાથી રહેવાયું નહિ. મોટી બૂમ પાડીને વાઘને પડકાર ફેંક્યો : 'અરે અધર્મી! દુષ્ટ! ત્યાં ક્યાં તરાપ મારે છે. એ તો મારા પ્રભુની ગાય છે!'

'ભૂખ્યો હો તો આવ મારા ઉપર! આ દેહ શું કામનો છે!'

અવાજ ફાટી જાય એવો મોટો ઘાંટો સાંભળીને વાઘનું ધ્યાન એ તરફ ખેંચાયું. માણસનું લોહી તો એને સૌથી વધારે ભાવે!

કૃષ્ણદાસે ખૂબ ઉત્તેજિત થઈને ગાયનું પૂછડું એવું આમળ્યું કે ગાય ઊભી પૂંછડીએ ભાગી-વાઘને જોઈને એ ભયભીત તો થયેલી જ હતી.

ગાય દોડીને બીજી ગાયો સાથે ગૌશાળામાં ભરાઈ ગઈ. અહીં વાઘે તરાપ મારીને કૃષ્ણદાસના પ્રાણ લીધા. પછી પાછળ આવતા લોકોની બૂમાબૂમથી એ પાછો ગુફામાં પેસી ગયો.

ગૌશાળામાં ગો દોહનનો સમય હતો. ગોવાળો ગાયોને દોહવા લાગ્યા. એમાં ગોપીનાથદાસ ગ્વાલ પણ હતા. એ કૃપાપાત્ર હતા. એમને એવાં દર્શન થયાં કે શ્રીનાથજી પેલી પુષ્ટ ગાયને દોહી રહ્યા છે અને કૃષ્ણદાસ વાછરડું પકડીને ઊભા છે.

કુંભનદાસ શ્રીનાથજીનું દૂધ લેવા ગૌશાળામાં આવ્યા. એમને પણ એવાં જ દર્શન થયાં. પોતાના પુત્રને આ રીતે શ્રીજીની સાથે જોઈને એ આનંદિત થયા. પણ ત્યાંથી ચાલી નીકળ્યા.

રસ્તે આવતા ગ્વાલબાલોએ જોયું કે કૃષ્ણદાસના પ્રાણ નીકળી ગયા છે. તેઓ દોડતા આવ્યા. કુંભનદાસ દંડવતી શિલા પાસે પહોંચ્યા ત્યાં તો આ સમાચાર એમને મળ્યા એ તત્ક્ષણ બેશુદ્ધ થઈને ભૂમિ ઉપર પડ્યા. શ્રીગુસાંઈજીને આ સમાચાર મળ્યા.

કુંભનદાસજી પુત્રના શોકના કારણે બેશુદ્ધ નહોતા થયા પરંતુ પુત્રના અવસાનથી સૂતક પડશે અને સૂતકમાં શ્રીગોવર્ધનધરનાં દર્શન નહિ થાય એ દુઃખના કારણે બેશુદ્ધ થયા છે એ વાત શ્રીગુસાંઈજી સમજી ગયા. આપશ્રીએ કુંભનદાસજી પાસે પધારી, 'તમને સૂતકમાં પણ શ્રીજીનાં દર્શન કરાવીશું' એવી આજ્ઞા કરી. કુંભનદાસજી બેઠા થયા.

કહે છે : 'મહારાજ, આપે મારા મનની વાત જાણી. હું પુત્રનો શોક શા માટે કરું? શ્રીજીની ગાયનું રક્ષણ કરવા કૃષ્ણદાસે પ્રાણ આપ્યા. એનું તો જીવન ધન્ય બની ગયું.'

'હું ખિરકમાં દર્શન કરીને આવ્યો છું. એ શ્રીજીની લીલાનો જીવ હતો અને લીલામાં જ ગયો છે.'

'ધન્ય છે કૃષ્ણદાસને. શ્રીજીની ગાયનું રક્ષણ પ્રાણની પરવા કર્યા વગર કર્યું. શ્રીજીની પ્રસન્નતા પ્રાપ્ત કરી.' રાગિણીબેને સમાપન કરતાં કૃષ્ણદાસની સરાહના કરી.'

'શ્રીગુસાંઈજીના સેવક એક ભોળા પટેલ વૈષ્ણવની વાર્તા ૨૫૨ ભગવદીયોની વાર્તામાં આવે છે. તેણે પણ શ્રીનાથજીની ગાયોની સેવા ખૂબ પ્રેમ અને નિષ્ઠાપૂર્વક કરેલી અને શ્રીજીબાવાની પ્રસન્નતા પ્રાપ્ત કરેલી.' નિયતિએ કહ્યું.

'નિયતિબેન, હવે તમારો વારો. એ વાર્તા તમે જ કહો.' સૌએ આગ્રહ કર્યો.

'જરૂર. મને વાર્તા સાંભળવામાં આનંદ આવે છે એનાથી ય વધારે આનંદ વાર્તા કહેવામાં આવે છે.'

'બહુ સરસ. શરૂ કરો ત્યારે.'

એકવાર એક યાત્રાના સંઘ સાથે બે પટેલ વૈષ્ણવો શ્રીનાથજીનાં દર્શન કરવા આવ્યા. દર્શન કરીને શ્રીગુસાંઈજીનાં દર્શન કરવા ગયા. મોટાભાઈ જગુએ આપશ્રીને વિનંતી કરી :

'મહારાજ, થોડો સમય વ્રજમાં રહેવાની ઈચ્છા છે. શ્રીજીની સેવા ટહેલ જે બતાવો તે કરીએ. કૃપા કરીને કંઈ સેવા સોંપો તો રહીએ. મહાપ્રસાદની પાતળ અપાવશો તે લઈશું.'

આપશ્રીને તો માણસોની જરૂર જ હતી. થોડી વાતચીત કર્યા પછી મોટાભાઈને જળઘરાની સેવા આપી. નાનો ભાઈ ભગુ છેક જ ભોળો હતો, એટલે એને ગાયોની સેવા સોંપી. બન્ને જણ ભાવપૂર્વક પોતપોતાને સોંપેલી સેવા કરવા લાગ્યા.

જગુ રોજ સેવાથી પરવારીને ભગુને મળી આવે છે. ખબર અંતર પૂછે છે. ભગુને ગાયોની સેવામાં ઘણો આનંદ આવતો હતો. સવાર સાંજ ખિરક (ગાયોની ગમાણ) બરાબર સાફ કરતો. ઘાસ પણ ધોઈને વીણીને ગાયોને નીરતો. ચોમાસામાં તો ખિરક સાફ કરીને ઉપર કોરી રેતી લાવીને નાખતો. શ્રીનાથજીની ગાયો તરફ એને ઘણો પ્રેમ હતો. ગાયોને સુખ થાય તેમજ કર્યા કરતો. શ્રીજી પણ એના પર ઘણા પ્રસન્ન રહેવા લાગ્યા.

શ્રીગુસાંઈજી એને માટે મંદિરમાં પ્રસાદની પાતળ ઢંકાવી રાખતા. ભગુ ગાયોની સેવા પૂરી કરીને મંદિરે આવતો. નાહીને શ્રીગુસાંઈજીનાં દર્શન કરીને પ્રસાદ લઈ લેતો. પછી પાછો ખિરકમાં ચાલ્યો જતો.

શ્રીજીનાં દર્શનની પણ એને ઘણી ઈચ્છા રહેતી. પણ દર્શનના સમયે તો એ ક્યાંથી આવી શકે! પોતાને સોંપેલી સેવા પહેલી! પછી બીજું બધું એવું એ મનમાં સમજતો.

કોઈ વાર જ્યારે ઘણી આતુરતા થાય ત્યારે શ્રીનાથજી ખિરકમાં પધારીને એને દર્શન આપતા. ત્યારે એને અત્યંત આનંદ થતો. ગૌ સેવામાં તે એવો મગ્ન રહેતો કે ઘણી વાર સાંજ સુધી પણ પ્રસાદ લેવા જઈ શકતો નહિ. ભૂખ્યો ભૂખ્યો ગાયોની સેવા કર્યા કરતો!

એની આ રીત શ્રીજી સહી શકતા નહિ. પોતાનો ભક્ત દુઃખી થાય તે ભગવાનને કેમ ગમે! બપોરે અનોસરમાં શ્રીજી ખિરકમાં પધારતા. એને દર્શન આપતા અને આજ્ઞા કરતા કે 'પટેલ, તું પહેલાં પ્રસાદ લઈ આવ. ભૂખ્યો સેવા કરે છે તો મને ગમતું નથી.'

ત્યારે ભગુ કહેતો : 'બાવા! તમે તો બાળક છો એટલે બાળક બુદ્ધિ જેવી વાત કરો છો. હું અહીંથી સેવા અધૂરી મૂકીને જાઉં તો મહારાજ મને ખીજે! મારી પાતળ બંધ કરી દે તો હું શું ખાઉં?'

પછી તો ઘણીવાર શ્રીજી બંટાનો લાડુ લઈને ત્યાં પધારતા અને એને ખવરાવતા. પટેલ એવો ધરાઈ જતો કે સાંજે પણ પાતળ લેવા મંદિરે જતો નહિ.

ભીતરિયો શ્રીગુસાંઈજીને ફરિયાદ કરવા લાગ્યો. 'મહારાજ, પટેલ પાતળ લેવા કાં તો છેક રાત્રે આવે છે; કાં તો બિલકુલ આવતો જ નથી. પ્રસાદ પડ્યો રહે છે ને બગડે છે. મારે શું કરવું.'

શ્રીગુસાંઈજીએ ભગુને બોલાવ્યો અને ઠપકો આપતાં કહ્યું. 'ભગુ, તું આમ કેમ કરે છે?' ત્યારે તેણે પોતાના ફાળિયાને છેડે બાંધેલો - ખાતાં વધેલો - લાડુ છોડીને આપશ્રીને બતાવ્યો. અને બોલ્યો : 'હું અહીં આવીને શું કરું! શ્રીજી બાવા ખિરકમાં આવીને મને લાડુ આપી જાય છે. એનાથી જ મારું પેટ ભરાઈ જાય છે. એ ખાઈને ખિરકમાં કામ કર્યા કરું છું.'

પટેલ પર શ્રીજીની આવી અનુપમ કૃપા જોઈને શ્રીગુસાંઈજીનું હૃદય ભરાઈ આવ્યું. પોતે એ પણ જોયું કે પટેલ સેવામાંથી નવરો થતો નથી અને તે ભૂખ્યો રહે તો શ્રીજી રહી શકતા નથી. આપશ્રીએ ભીતરિયાને બોલાવ્યો અને આજ્ઞા કરી : 'હવે દરરોજ ભગુની પાતળ એના ભાઈ સાથે ખિરકમાં પહોંચાડજે. એક દિવસ પણ ચૂકીશ નહિ.'

ભગુ તો રાજી રાજી થઈ ગયો. 'હાશ, હવે સેવા છોડીને મારે આવવું નહિ પડે.' એ તો રાત દિવસ ગાયોની સેવામાં રચ્યો પચ્યો રહેવા લાગ્યો. ખિરકમાં પ્રસાદની પાતળ આવે છે. શ્રીજી સામા પધારીને એને આપે છે. પછી એને બીજું જોઈએ પણ શું?'

છતાં, કોઈ કોઈ વાર, કામથી પરવારીને એ શ્રીગુસાંઈજીનાં દર્શને આવે છે. આપશ્રી એને ગાયોના સમાચાર પૂછે છે. પટેલ બધું કહે છે; પણ વાત કરવામાં એને જરા ફાવતું નથી કેમકે આપશ્રીનું નામ એને આવડતું નથી.

પણ એક દિવસ આવડી ગયું. આપના તૃતીય પુત્ર શ્રીબાલકૃષ્ણજી ત્યાં પધાર્યા અને વિનતિ કરી : 'કાકાજી! ભોજન માટે પધારો.'

પટેલ સામે જ બેઠેલો હતો. આ સાંભળતાં જ બોલી ઊઠ્યો. 'હાશ, હવે મને આપનું નામ આવડી ગયું. હું બહુ ગુંચવાતો હતો. હવે કાકાજી કહીને બોલાવીશ.'

ત્યારે આપશ્રી ઘણું હસ્યા. ત્યાં બેઠેલા વૈષ્ણવોને પણ ઘણી રમૂજ થઈ. પછી તો ભગુ જ્યારે જ્યારે ત્યાં આવતો ત્યારે. 'કાકાજી, દંડવત્ કરું છું' એમ બોલીને જ પગે લાગતો. વાત કરતાં પણ 'કાકાજી, આજે આમ થયું ને કાલે તેમ થયું' - એમ વાતવાતમાં કાકાજી, કાકાજી કરવા લાગ્યો.

આપશ્રી એના ભોળપણ પર ઘણા પ્રસન્ન રહેતા. એને આવતો જુએ ને પોતે હસીને કહે 'જુઓ વૈષ્ણવો! આ અમારો નવો ભત્રીજો આવ્યો!' અને વૈષ્ણવો હસી પડતા. પણ પટેલને એ સમજાતું નહોતું કે આ બધા મારી વાત પર હસે છે કેમ?

એક વાર કોઈ વૈષ્ણવે એને શીખવવાનો પ્રયાસ કર્યો. 'જો, ભગુ! આપશ્રીનું નામ કાકાજી નથી! પ્રભુ-ચરણ શ્રીગુસાંઈજી, શ્રીવિઠ્ઠલનાથજી આપનું નામ છે. શ્રી દીક્ષિતજી પણ કહેવાય. વળી 'કૃપાનાથ! કૃપાનિધાન! એવું કહીને બોલાવાય. પણ કાકાજી આપણાથી ન કહેવાય; શું સમજ્યો?'

પટેલ કહે છે : 'ભલા ભાઈ! મેં કાનોકાન એમનું નામ કાકાજી કહેતાં સાંભળ્યું છે! તું કેટલા ભારે નામ મને ખોટેખોટાં શિખવાડે છે. મારી જીભ કેમ વળે, ભલા! હું તો એમને કાકાજી જ કહીશ. તારે જે કહેવું હોય તે કહ્યા કર. મને તો એ નહિ આવડે, ભાઈ!'

ત્યારે શ્રીગુસાંઈજીએ વૈષ્ણવને સાન કરી : 'એને જે આવડે તે કહેવા દો; અમને એમાં જ આનંદ આવે છે.'

એક વાર શ્રીગુસાંઈજીએ કોઈ વ્રજવાસીને આજ્ઞા કરી કે 'તું ખિરકમાં જા અને ભગુને અહીં બોલાવી લાવ.' વ્રજવાસીએ જઈને કહ્યું : 'ચાલ તને શ્રીવિઠ્ઠલેશ પ્રભુ બોલાવે છે.'

પટેલ કહે 'જા, જા હવે. હું તો કંઈ આવતો નથી. હું કાકાજીએ સોંપેલી સેવા છોડીને, આ તું કહે છે તેમની પાસે આવું તો મને મારા કાકાજી કેટલું ખીજે! અને વળી મારી પ્રસાદની પાતળ બંધ કરે, પછી હું શું ખાઉં?' પેલો વ્રજવાસી પાછો ગયો. શ્રીગુસાંઈજીને વાત કરી. પોતે હસતાં હસતાં આજ્ઞા કરી : 'તું ફરી જઈને એમ કહે કે કાકાજી તને બોલાવે છે, એટલે આવશે.' અને એ રીતે કહેતાં પટેલ તરત ઊઠીને એની સાથે ચાલ્યો આવ્યો.

હવે ચોમાસાના દિવસો આવ્યા. વરસાદ ધોધમાર વરસે છે. ભગુ વારંવાર ખિરક કોરી કરવામાં રોકાય છે. ગાયોને જરા પણ હરકત ન પડવી જોઈએ. એવી એના મનની ભાવના છે.

મોટોભાઈ જગુ, ભારે વરસાદને લીધે, એક દિવસ પ્રસાદની પાતળ મૂકવા જઈ શક્યો નહિ. રાત પડી ગઈ. દિવસે તો કામમાં ભગુને ખાવાનું કંઈ ભાન ન રહ્યું પણ રાત્રે ખૂબ ભૂખ લાગી. દિવસનો થાક્યોપાક્યો એ ભૂખ્યો જ સૂઈ ગયો.

શ્રીજી પોતાના ભક્તને ભૂલી ન શક્યા. પોતે બંટાનો લાડુ લઈને ખિરકમાં પધારવા તૈયાર થયા. શ્રીસ્વામિનીજી પૂછે છે : 'આવા વરસતા વરસાદમાં રાત્રિને સમયે, આપ ક્યાં પધારો છો?' પોતે કહે છે : 'શ્રીગુસાંઈજીનો નવો ભત્રીજો ખિરકમાં ભૂખ્યો સૂતો છે. એને ખવરાવવા જાઉં છું.'

'હું યે આપની સાથે આવું છું. મારે એને જોવો છે! શ્રીરાધાજીએ કહ્યું અને યુગલ સ્વરૂપ કાળી કામળી ઓઢીને ખિરકમાં પધાર્યાં. નૂપુર, કંકણ ને કટિમેખલાનો મધુર નાદ સાંભળતાં જ પટેલ ઊઠીને બેઠો થઈ ગયો. ભૂખે ભૂખે ઊંઘ પણ ક્યાંથી આવે! એ લગભગ જાગતો જ પડ્યો રહ્યો હતો.

પરમ દુર્લભ એવાં યુગલ સ્વરૂપનાં એને સાક્ષાત્ દર્શન થયાં. એના મનમાં આનંદનો પાર નહોતો. શ્રીજીએ એને પ્રસાદી લાડુ ખવરાવ્યો - શ્રી સ્વામિનીજીએ જળ-બીડાં આપ્યાં અને પછી સોનાના ઝારી બંટા ત્યાં જ મૂકીને શ્રીજી અને શ્રી સ્વામિનીજી પાછાં પધાર્યાં. ભગુને તો પછી તરત નિદ્રા આવી ગઈ. ઝારી બંટા એના માથા પાસે જ પડ્યા રહ્યા.

સવારે શ્રીજીને જગાવવા જતાં શ્રીગુસાંઈજી જુએ છે તો સોનાની ઝારી અને રત્નજડિત બંટો નથી. પોતે કંઈક ચિંતામાં પડી ગયા. શ્રીજીને જગાવીને કપોલ પર હસ્ત ફેરવતાં પોતે પૂછે છે :

'બાબા, આજે ઝારી બંટા ક્યાં મૂકી આવ્યા છો?'

ત્યારે શ્રીજી હસતાં હસતાં કહે છે : 'તમારા નવા ભત્રીજા પાસે જ તો! એ બિચારો કાલે રાત્રે ભૂખ્યો ભૂખ્યો સૂઈ ગયો હતો.'

શ્રીગુસાંઈજીએ ભીતરિયાને તેમજ જગુને બોલાવીને ઠપકો આપ્યો, પછી એક વ્રજવાસીને ઝારી બંટાની ખબર કાઢવા મોકલ્યો. એણે જોયું કે પટેલ ગાયોની સેવા કરે છે અને ખિરકમાં ઝારી બંટા પડ્યા છે. એણે ભગુને કહ્યું. 'તું જલ્દી શ્રીકાકાજી પાસે ચાલ.'

પટેલ કહે છે : 'અરે ભાઈ! થોડી વાર બેસને! ગાયોની સેવા પતાવીને તારી સાથે આવું છું. એવી બધી શી ઉતાવળ છે!'

વ્રજવાસી ઝારી બંટાની ચોકી કરતો ત્યાં બેઠો. પટેલ કામ કરતો રહ્યો. પછી વ્રજવાસી સાથે નીકળ્યો. શ્રીગુસાંઈજી પાસે આવીને ઝારી બંટા સામે મૂક્યા અને કહેવા લાગ્યો :

'કાકાજી મને ખીજશો નહિ હોં! મારો વાંક નથી! આ તો શ્રીજી બાવા અને રાધાજી કાલે રાત્રે આ બધું લઈને મારી પાસે પધારેલા. મને લાડુ ખવરાવ્યો, જળ પાયું, ને પછી આ મૂકીને જતાં રહ્યાં, પછી તો મને ઊંઘ આવી ગઈ. હું શું કરું!

અને કાકાજી! ગાયોની સેવા મૂકીને હું વહેલો આવું પણ કેમ કરી ને? નવરાશ મળી એટલે આવ્યો. કામ મૂકીને આવું તો તમે મને ખીજોને, કાકાજી!'

શ્રીગુસાંઈજી એનો ભોળો ભાવ અને એના પર થએલી યુગલ સ્વરૂપની કૃપા જોઈને, અત્યંત પ્રસન્ન થયા.

હવે ચોમાસું અને શિયાળો વીતી ગયો છે. ઉષ્ણકાલના દિવસો છે. શ્રીનાથજી ગાયો ચરાવવા પધારે છે ત્યારે આ પટેલને પણ ગાયોની સાથે વનમાં લઈ જાય છે. શ્રીજી ગ્વાલબાલો સાથે વનમાં બપોરે છાક આરોગે છે. ત્યારે પટેલને પણ પોતાની મંડલી સાથે જમવા બેસાડે છે. પટેલને ઘણો જ આનંદ આવે છે. ધરાઈને જમે છે. પ્રભુની વનની લીલાનાં દર્શન કરે છે. સાંજે ગાયો સાથે પાછો ખિરકમાં આવે છે.

બે-ત્રણ દિવસ આમ ચાલ્યું. મોટો ભાઈ જગુ તો નિત્ય નિયમ પ્રમાણે પ્રસાદની પાતળ ખિરકમાં મૂકી જાય છે. બીજે દિવસે આવે ત્યારે પ્રસાદ જેમનો તેમ જુએ છે : એણે શ્રીગુસાંઈજીને વિનંતિ કરી. આપશ્રીએ ભગુને બોલાવીને પૂછયું :

'અરે તું આવું કેમ કરે છે? પ્રસાદ પડ્યો રહે છે ને તું ભૂખ્યો રહે છે? કંઈ તબિયત બગડી છે કે શું?'

પટેલ કહે છે : 'કાકાજી, હવે તો મને શ્રીનાથજી વનમાં ગ્વાલ મંડળી સાથે બેસાડીને જ જમાડે છે. હું એવો તો ધરાઈ જાઉં છું! પછી

પાતળનો પ્રસાદ કેવી રીતે ખાઉં? હવે તમે મને પાતળ ન મોકલાવશો હોં, કાકાજી!'

શ્રીગુસાંઈજી વળી વિશેષ પ્રસન્ન થયા છે અને ગદ્ગદિત થતાં કહે છે : 'પટેલ, તારા ધન્ય ભાગ્ય છે! તું ગાયોની સેવા પ્રેમથી કરે છે તેથી શ્રીનાથજી તારા પર ઘણા પ્રસન્ન છે! ગાયો શ્રીજીને ઘણી પ્રિય છે.'

'પોતાની પ્રિય ગાયોની સેવા કરનાર સેવક ઉપર શ્રીજીબાવાની પ્રસન્નતા વિશેષ રહે છે તે આ પ્રસંગ બતાવે છે.' નિયતિએ સમાપન કરતાં કહ્યું.

'નિઃસાધન અને ભોળા જીવો ઉપર શ્રીજીબાવા કેવી અતુલિત કૃપા કરે છે!' જિગરે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'શ્રીવલ્લભનો આ અનુગ્રહ માર્ગ અનુપમ છે. શ્રીવલ્લભની કાનિથી શ્રીજી લીલાના જીવો ઉપર આ રીતે કૃપા કરે છે.'

'શ્રીજીની કૃપાના આ પ્રસંગો સાંભળતાં રોમાંચ થઈ આવે છે. હર્ષથી હૈયું પુલકિત થઈ ઊઠે છે.' કુશલે મનની વાત કરી.

આશ્રયપદના ગાન પછી સૌ છૂટાં પડ્યાં.

◆

રાગ : પૂર્વી

આગે ગાય પાછે ગાય ઈત ગાય ઉત ગાય
ગોવિંદાકો ગાયનમેં બસવો હી ભાવે ।
ગાયનકે સંગ ધાવે, ગાયનમેં સચુ પાવૈ
ગાયન કી ખુરરજ અંગ લપટાવે ।
ગાયનસોં બ્રજ છાયો વૈકુંઠ વિસરાયો
ગાયનકે હેત ગિરિ કર લે ઊઠાયો ।
છીતસ્વામી ગિરિધારી વિઠ્ઠલેશવપુ ધારી
ગ્વારિયાકો ભેખ ધરે ગાયનમેં આવે ॥

૮. સેવામાં આચારશુદ્ધિ

રાત્રે નવ વાગ્યા. સૌ સ્પીકરફોનની આસપાસ ગોઠવાઈ ગયાં. પરસ્પર ભગવદ્ સ્મરણ થયાં.

'હર્ષદભાઈ, આજે એક નવો અનુભવ થયો. ઓફિસમાં કામ માટે એક વૈષ્ણવ ભાઈ આવેલા. મેં તેમને મારી વોટરબેગમાંથી જળ આપ્યું. તેમણે કહ્યું : 'જરૂર નથી.' મને નવાઈ લાગી. આટલી સખત ગરમીમાં તેમને જળની જરૂર કેમ નહિ હોય?'

વધુ પૂછતાં તેમણે જણાવ્યું : હું કૂવાનું જળ જ લઉં છું. મારા શ્રીગુરુદેવની આજ્ઞા છે. કૂવાના જળનાં જ ઝારીજી ભરવાં. તે જ જળ લેવું. અપરસમાં નહાઈને કૂવેથી જળ ભરી લાવું છું.' મને આશ્ચર્ય થયું. આ જમાનામાં આવા ભણેલા-ગણેલા યુવાન વૈષ્ણવ અપરસનો અને કૂવાના જળનો આગ્રહ રાખે! મને આ વાત ગળે ન ઉતરી! શું આપણા પુષ્ટિમાર્ગમાં અપરસ અને કૂવાના જળનો આટલો આગ્રહ જરૂરી છે?' કુશલે પોતાની મૂંઝવણ રજૂ કરી.

'ભાઈ, તમારી મૂંઝવણ યોગ્ય છે. આપણે ત્યાં અમદાવાદમાં કૂવા નથી એટલે કૂવાના જળનો આગ્રહ નથી. પરંતુ સૌરાષ્ટ્રમાં જ્યાં કૂવાનું જળ પ્રાપ્ય છે ત્યાં વૈષ્ણવો અને પૂ.ગો. બાળકો કૂવાના જળનો આગ્રહ રાખે છે.' હર્ષદભાઈએ કુશલની મૂંઝવણનો જવાબ આપવાનો પ્રયત્ન કરતાં સમજાવ્યું. વળી પ્રાચીન સમયમાં નળ ન હતા. સર્વત્ર કૂવાનું જળ જ વપરાતું, એટલે સેવામાં પણ કૂવાનું જળ વાપરવાની પરંપરા રહી છે.'

'તમને તેમના અપરસ પાલનના આગ્રહ માટે પણ નવાઈ લાગે છે ને? પુષ્ટિમાર્ગ પ્રેમલક્ષણા ભક્તિપૂર્વક સેવા કરવાનો માર્ગ છે. ભગવદ્ સેવા ભગવદ્ સુખ માટે છે. શ્રીઠાકોરજી સર્વોત્તમ છે. તેથી શ્રીઠાકોરજીની

સેવામાં બધું ઉત્તમ પ્રકારે શુદ્ધ, પવિત્ર અને સુંદર હોવું જોઈએ. વળી સેવા ચિત્ત પરોવીને એકાગ્રતાથી કરવાની છે. એટલે સેવા માટે એકાંત પણ જરૂરી છે. એકાંત તથા શુદ્ધિ અને પવિત્રતાને ધ્યાનમાં રાખીને અસ્પર્શ એટલે કે અપરસમાં સેવા કરવાની પરંપરા આપણે ત્યાં છે.

'આચારઃ પ્રથમો ધર્મઃ' અનુસાર વૈષ્ણવના જીવનમાં આચાર શુદ્ધિ આવશ્યક છે. પ્રાચીન અને અર્વાચીન ભગવદીયોએ તેમના જીવનમાં અણીશુદ્ધ આચાર ક્રિયાને આચરણમાં ઉતારી છે. આચાર પાલનથી બહારની શુદ્ધિ દ્વારા અંતરની શુદ્ધિ થાય છે. મનનો સંયમ સિદ્ધ થાય છે. સેવાની ભાવના પ્રગટે છે. અવૈષ્ણવના સંગથી અલગ રહેવાય છે. ભાવપોષણ માટે આ બધું જરૂરી છે.' હર્ષદભાઈ ધીરે ધીરે પુષ્ટિમાર્ગની આચારપરંપરા સમજાવતા ગયા.

'શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના સમયમાં સામાન્ય હિંદુ કુટુંબોમાં પણ અસ્પર્શની પરંપરા હતી. શુદ્ધિ અને પવિત્રતાનો વિશેષ આગ્રહ હતો. ઘરનાં સ્ત્રીજન સ્નાન કરી, રેશમી વસ્ત્ર પહેરી, રસોઈઘરમાં રસોઈ કરતાં. તે વખતે બીજા કોઈને અડકતાં નહિ. આ જ પરંપરા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં ચાલુ રહી.' રાગિણીબેને સમજાવ્યું.

'પરંતુ આપણે ત્યાં આચારશુદ્ધિના આ નિયમો જડ નથી. એમાંયે વિવેકબુદ્ધિની આવશ્યકતા છે. બધા નિયમો સર્વત્ર અને સર્વને માટે એક સરખા હોઈ શકે નહિ.' હર્ષદભાઈએ વિશેષ સ્પષ્ટતા કરી.

એક સરસ દૃષ્ટાંત છે. શ્રીગુસાંઈજી દ્વારકાથી વ્રજમાં પધારતા હતા. યાત્રા માટે ગુજરાતના બે વૈષ્ણવો આપની સાથે થઈ ગયા. બંનેની સાથે એમના પોતાના ઠાકોરજી પણ હતા. એક તો હતા એક શેઠ. ઘણા સાધનસંપન્ન. સાથે ભીતરિયો પણ હતો. કદાચ કુટુંબ પણ સાથે હશે. બીજા હતા એક વિરક્ત વૈષ્ણવ. ભિક્ષા માગીને નિર્વાહ કરે. સાધનહીન અને એકલા. બંને આપશ્રીની સાથે ચાલે છે.

દરેક સ્થળે ગામ બહાર ખુલ્લામાં મુકામ હોય. એકવાર એવું બન્યું કે વિરક્ત વૈષ્ણવે રસોઈ કરી, ભોગ ધર્યો. માત્ર પ્રસાદ લેવાનો બાકી હતો. એટલામાં ફરતું ફરતું એક કૂતરું આવ્યું. તે એમની રસોઈની જગ્યામાં (મેંડમાં) થઈને ચાલ્યું ગયું. જો કે રસોઈને અડકેલું નહિ, પરંતુ આચારના નિયમો પ્રમાણે રસોઈ અશુદ્ધ થયેલી ગણાય.

વિરક્ત વૈષ્ણવ ચિંતામાં પડી ગયા. હવે શું થશે? ફરીથી ભિક્ષા માગીને લાવે, રસોઈ કરે, ભોગ ધરે ત્યારે પ્રસાદ લઈ શકે. એટલે રાત સુધી એમને ભૂખ્યા રહેવાનું જ થાય.

એ શ્રીગુસાંઈજી પાસે વિનંતી કરવા ગયા. બનેલી બધી હકીકત કહી. આપશ્રી એ વિરક્ત વૈષ્ણવની પરિસ્થિતિ તો જાણતા જ હતા. આપશ્રીએ આજ્ઞા કરી : 'વૈષ્ણવ, ચિંતા ન કરશો. પ્રભુનો પ્રસાદ છીવાય જ નહિ. સૌને પવિત્ર કરનાર ભગવત્પ્રસાદ સ્વયં અપવિત્ર થાય જ કેમ? મનમાં જરાયે સંદેહ રાખ્યા વગર પ્રસાદ લઈ લો, જાઓ.'

વિરક્ત વૈષ્ણવ મનમાં હાશ કરતા આપશ્રીને દંડવત કરીને ગયા અને આનંદથી મહાપ્રસાદ લીધો. એમનું ઘણું કષ્ટ બચી ગયું હતું.

પ્રવાસ ચાલુ હતો. બીજા કોઈ સ્થળે મુકામ થયો. બેચાર દિવસ થયા હશે. ત્યાં પેલા શેઠની મેંડ પરથી કૂતરું પસાર થઈ ગયું. બધાંને પ્રસાદ લેવાનો બાકી હતો. શેઠ ઉતાવળા આપશ્રીની પાસે પહોંચ્યા. હવે શું કરવું તેની પૃચ્છા કરી. આપશ્રીએ આજ્ઞા કરી : એમાં પૂછવા જેવું શું છે? કૂતરા જેવું મલિન પ્રાણી રસોઈની જગ્યામાં આવી ગયું. બધું અશુદ્ધ થઈ ગયું. બધો પ્રસાદ ગાયોને ખવડાવી દો. ફરી રસોઈ કરાવો.' શેઠ દંડવત કરી ગયા. ભીતરિયાને કહ્યું : 'ફરી રસોઈ કરવાની છે.'

રસોઈ થઈ, ફરી ભોગ ધર્યો. બધાએ મહાપ્રસાદ લીધો.

રાત્રે બધા વૈષ્ણવો શ્રીગુસાંઈજીનાં વચનામૃત સાંભળવા આવ્યા. શેઠ અને વિરક્ત વૈષ્ણવ પણ આવ્યા. શેઠ જરા ઊંચાનીચા થતા હતા. એમનાથી પૂછયા વિના ન રહેવાયું. 'કૃપાનાથ, આપશ્રી આજ્ઞા કરો તે તો બરોબર જ હોય, પણ જીવબુદ્ધિથી થોડોક સંદેહ રહે છે. આજ્ઞા હોય તો પૂછું.'

આપશ્રીએ સંમતિ આપી. શેઠ પૂછે છે : 'મહારાજ, ચાર દિવસ પહેલાં આ ભાઈની મેંડ પરથી કૂતરું નીકળી ગયેલું ત્યારે તેની મેંડ ન છોવાઈ. આજે એ જ રીતે મારી મેંડ પરથી કૂતરું નીકળ્યું અને મારી મેંડ છોવાઈ ગઈ! મહારાજ, કૂતરા-કૂતરામાં કંઈ ફેર રહેતો હશે? કોઈ પવિત્ર-કોઈ અપવિત્ર! એવું હશે?'

આપશ્રી સમજાવે છે : 'ના, એવું તો નથી. પણ માણસ-માણસમાં ફેર હોય છે. જુઓ, આ વિરક્તને મેં તમારા જેવી આજ્ઞા કરી હોત તો એ ફરીને ક્યારે ભિક્ષા માગી લાવત! થાક્યો પાક્યો ફરી ક્યારે રસોઈ બનાવત! ક્યારે પ્રસાદ ભેગો થાત? વિચારો જોઈએ.'

'અને શેઠ તમારે તો જીભ જ હલાવવાની હતી. ભીતરિયાજીને રસોઈ બનાવવાનું કહેવાનું જ હતું!'

'સ્વમાર્ગમાં આચાર શુદ્ધિ અને અપરસ જરૂરી છે જ, પરંતુ તે કોઈને ક્લેશદાયક બની જાય એટલી હદે નહિ. એવા સંજોગો ઊભા થાય ત્યારે ભાવના પ્રધાન અને ક્રિયા ગૌણ બની જાય છે. વિરક્તની બાબતમાં ભાવનાને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.' શ્રીગુસાંઈજીએ સ્પષ્ટતા કરી.

'વળી આપણા પ્રભુ સુકુમાર છે. ભક્તો પણ કોમળ હૃદયના હોય છે. ભક્તના હૃદયમાં ભગવાન બિરાજે છે. ભક્તનો ક્લેશ ભગવાનને પણ શ્રમ આપે છે. એટલે કઠિન પ્રાયશ્ચિતોને અહીં સ્થાન નથી.'

'સેવા-આચાર વગેરે બધું જ આનંદપૂર્વક થાય એટલું કરવું. આનંદ સિદ્ધ કરવાનો છે. ચિંતા ક્લેશ દૂર કરવાનાં છે.'

'શક્તિ હોય છતાં પ્રમાદ કરો તો પ્રભુ અપ્રસન્ન થાય. શક્તિ ન હોય, ખેંચાઈને કરવા જાઓ અને મનમાં ક્લેશ થાય, તો યે પ્રભુ અપ્રસન્ન થાય. આપણા પ્રભુ સુખસેવ્ય છે. આ માર્ગની રીત આવી અટપટી છે.'

'કર્મમાર્ગમાં કૃતિનું પ્રાધાન્ય છે. ભક્તિમાર્ગમાં ભાવનાનું પ્રાધાન્ય છે. જે કૃતિ કરવાની છે તે પણ ભાવના સિદ્ધ કરવા માટે. ક્લેશ અને કંટાળાથી ભાવનાનો લોપ થાય ત્યારે એકલી કૃતિથી શું વળે?'

'સમય, શક્તિ અને સંજોગો અનુસાર આચારધર્મનું પાલન કરવું જોઈએ.' શેઠને વાતનો ભેદ સમજાઈ ગયો. વિરક્ત વૈષ્ણવનું મન અહોભાવથી પુલકિત થઈ ઊઠ્યું. સિદ્ધાંતની સુંદર સમજાવટ અને સુંદર સમન્વય સાંભળીને વૈષ્ણવો આનંદિત થઈ ઊઠ્યા.

'શ્રીમહાપ્રભુજી નિબંધમાં આજ્ઞા કરે છે કે શક્તિ પ્રમાણે સ્વધર્મનું પાલન કરવું. આપણા શ્રીઠાકોરજી સુકુમાર છે. ભક્તોનો ક્લેશ સહન કરી શકતા નથી. માટે જો ભક્તો શક્તિ ન હોવા છતાં ખેંચાઈને અપરસ વગેરે આચારધર્મોનું પાલન કરે તો શ્રીઠાકોરજીને ક્લેશ થાય છે.' હર્ષદભાઈએ સમજાવ્યું.

'વળી સેવામાર્ગ મુખ્યત્વે સ્નેહનો માર્ગ છે. એટલે શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે વૈષ્ણવે જેટલી શક્તિ હોય અને ઘરમાં અનુકૂળતા હોય એટલી અને એવી અપરસ રાખવી. અપરસની બાબતમાં છળકપટ કે પાખંડ કરવું નહિ. અપરસ પાળવાનું સામર્થ્ય હોય તો અપરસમાં છૂટછાટ લેવી નહિ. એમ કરવાથી અપરાધ થાય.' રાગિણીબેને સૂર પૂરાવ્યો.

'શ્રીમહાપ્રભુજીએ સ્વયં સેવામાં અપરસ રાખવાની આજ્ઞા કરી છે. એટલે વૈષ્ણવ યથાશક્તિ આગ્રહપૂર્વક અપરસનું પાલન કરે, તો શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થાય છે. તેનાથી શ્રીઠાકોરજીનો અનન્ય દૃઢ આશ્રય થાય છે. લૌકિક સંબંધો છૂટતાં અન્યાશ્રયથી બચાય છે. શ્રીમહાપ્રભુજીની કૃપા પ્રાપ્ત થાય છે.' હર્ષદભાઈએ સમાપન કરતાં કહ્યું.

'હર્ષદભાઈ, આપણી પુષ્ટિમાર્ગીય અપરસ પાલન અંગે આજે સચોટ સમજ મળી. આવી બીજી કોઈ શુદ્ધિ સાચવવાની હોય ખરી?' પ્રકાશે પૂછ્યું.

'હા ભાઈ, દ્રવ્યશુદ્ધિ માટે પણ વૈષ્ણવે ધ્યાન રાખવું જોઈએ. શ્રીગુસાંઈજીના સેવકનો એક પ્રસંગ આ વાત સમજાવે છે.'

'ગુજરાતમાં દ્વારકા જવાના માર્ગ ઉપર લૂંટારાઓનું એક ગામ હતું. એક વખત દ્વારકા પધારતાં શ્રીગુસાંઈજીએ તે ગામ બહાર મુકામ કર્યો. સવારે સ્નાન કરી શ્રીગુસાંઈજી જપપાઠ કરતા હતા, ત્યારે ગામના

આગેવાન લૂંટારાની માતા તળાવે સ્નાન કરવા આવેલી. તેણે શ્રીગુસાંઈજીનાં દર્શન કર્યાં.

તેણે વિચાર કર્યો : 'સામે ચાલીને સાક્ષાત્ ભગવાન પધાર્યા છે. આખી જિંદગી લૂંટારા દીકરાનું અધર્મનું અને પાપનું ધાન પેટમાં નાખ્યું છે. આમની સેવક થાઉં તો મારો ઉદ્ધાર થાય.'

આવું વિચારી, તે બાઈ સ્નાન કરી, શ્રીગુસાંઈજી પાસે આવી. હાથ જોડી વિનંતી કરી : 'મહારાજ, કૃપા કરી મને સેવક કરો.' શ્રીગુસાંઈજીએ તેને અષ્ટાક્ષર મંત્રની દીક્ષા આપી. તે બાઈ યથાશક્તિ ભેટ ધરી, ઘેર ગઈ.

ઘેર જઈ તેણે પોતાના લૂંટારા દીકરાને બધી વાત કરી. જેમ વાલિયાને ઘરનાં લોકોની વાત સાંભળી પસ્તાવો થયો હતો, તેમ આ બાઈના દીકરાને પણ પોતાનાં કુકર્મોનો પસ્તાવો થયો. તે માતાને લઈને શ્રીગુસાંઈજીનાં દર્શને ગયો. દૂરથી જ દર્શન કરતાં તેની બુદ્ધિ શુદ્ધ થઈ. પાસે જઈ, હાથ જોડી, વિનંતી કરી : 'મહારાજ, આ મારી માતા છે. તમે તેને સેવક કરી છે તો મને પણ સેવક કરો.'

'ભાઈ, તારી માતાની વાત જુદી છે. એણે કોઈ અધર્મ કર્યો નથી; પરંતુ તું તો રસ્તે જતા આવતા મુસાફરોને લૂંટે છે. નિર્દોષને પજવે છે. અધર્મનું ધન ભેગું કરે છે. આજ સુધી તેં ઘણાં પાપ કર્યાં છે. પાપી અને અધર્મી માણસ વૈષ્ણવ બની શકે નહિ. હું તને કેવી રીતે સેવક કરું?'

'મહારાજ, આપની વાત તદ્દન સાચી છે, પણ આજે હું પ્રતિજ્ઞા કરું છું કે હવેથી હું લૂંટફાટ કરીશ નહિ. નિર્દોષને રંજાડીશ નહિ. અધર્મનો પૈસો લઈશ નહિ. ખેતી કે નોકરી કરીશ; પરંતુ લૂંટનો ધંધો કદી નહિ કરું.'

શ્રીગુસાંઈજી તેના ઉપર પ્રસન્ન થયા. તેને સેવક કર્યો.

આ વાત આખા ગામમાં ફેલાઈ ગઈ. આખું ગામ શ્રીગુસાંઈજીનાં દર્શને આવ્યું. સૌએ શ્રીગુસાંઈજી સામે પ્રતિજ્ઞા કરી : 'અમે આજ પછી લૂંટફાટ નહિ કરીએ. ચોરી નહિ કરીએ. ખેતી કરીશું.'

શ્રીગુસાંઈજીએ આખા ગામને કંઠી બાંધી. સેવક કર્યા. સૌને આજ્ઞા કરી : 'ઘરમાં રસોઈ કરો તેમાં શ્રીનાથજીનું આ ચરણામૃત પધરાવીને લેજો.'

'આખું ગામ વૈષ્ણવ બન્યું અને વૈષ્ણવી જીવન જીવવા લાગ્યું. શ્રીગુસાંઈજીએ આ પ્રસંગમાં સમજાવ્યું કે વૈષ્ણવે કદી અધર્મથી દ્રવ્ય ભેગું કરવું નહિ. અનીતિનું દ્રવ્ય ઘરમાં આવે એવો કોઈ ધંધો કરવો નહિ. ખેતી, નોકરી કે વેપાર કરી જીવનનિર્વાહ કરવો. તો શ્રીઠાકોરજી પ્રસન્ન થાય છે. અનીતિના દ્રવ્યથી શ્રીઠાકોરજી પ્રસન્ન થતા નથી.' હર્ષદભાઈએ સમજાવ્યું.

'શ્રીઠાકોરજીની સેવામાં આ ઉપરાંત કોઈ બીજી બાબતનો ખ્યાલ રાખવાનો ખરો?' નિયતિએ પૂછ્યું.

'હા, શ્રીઠાકોરજીને કદી અર્ધભુક્ત એટલે કે આપણે પહેલાં વાપરી હોય તેવી વસ્તુનો ભોગ ન ધરવો.' રાગિણીબેને કહ્યું. 'તમે પેલાં ભીલ બાઈની વાર્તા તો જાણો છો ને?'

'હા, એ બધી રસોઈ ચાખીને ભોગ ધરતી હતી તે શ્રીઠાકોરજીને ગમતું ન હતું' નિયતિએ કહ્યું. 'નિયતિ, તું જ એ પ્રસંગ સંભળાવ.' રાગિણીબેને આગ્રહ કર્યો. 'ભલે. કહું છું. સાંભળો'

ચાચા હરિવંશજી શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર વૈષ્ણવ. શ્રીગુસાંઈજીની આજ્ઞાથી નિત્ય પ્રવાસ કરતા રહેતા. દૈવી જીવ દેખાય તો શ્રીગુસાંઈજીની આજ્ઞા પ્રમાણે તેને નામમંત્ર પણ આપતા.

એક વખત તેઓ ગુજરાતના પ્રવાસે જવા નીકળ્યા હતા. ગુજરાતમાં સાબરકાંઠાના જંગલોમાંથી પસાર થતા હતા ત્યારે ભૂલા પડ્યા. જંગલમાં અટવાતા રહ્યા. ત્રીજા દિવસે એક ગામ દેખાણું. એ ભીલ લોકોનું ગામ હતું. ગામને પાદર એક કૂવો હતો. ત્યાં એક સ્ત્રી પાણી ભરી રહી હતી. ચાચાજી અને સાથેના વૈષ્ણવો ત્યાં ગયા. સ્નાન, જપપાઠ વગેરે કર્યાં. પેલી ભીલ સ્ત્રીને ચાચાજીએ ગામ વિશે પૂછયું; પણ તે બાઈ ચાચાજીની ભાષા સમજી ન શકી. હાથના ઈશારે આગ્રહ કરીને વૈષ્ણવોને પોતાને

ઘેર લઈ ગઈ. એક બીજી સ્ત્રીને બોલાવી લાવી. તે ચાચાજીની ભાષા સમજતી હતી. તેણે બંનેને એકબીજાની વાત સમજાવી.

ભીલ સ્ત્રી પૂછતી હતી : 'તમે મહાપુરુષ દેખાઓ છો. ઘણા દિવસના ભૂખ્યા હો તેમ લાગે છે. કંઈ ફળ-ફૂલ લાવું તો તમે લેશો?'

ચાચાજીએ કહ્યું : 'તમે તેના પૈસા લઈ લો તો અમને લેવામાં વાંધો નથી, પણ પૈસા ન લો તો અમે તમારાં ફળ-ફૂલ ન લઈએ.'

'આ બાઈ તમને પ્રેમથી આપે છે. તો પછી તમને લેવામાં વાંધો શું છે?' પેલી સ્ત્રીએ પૂછ્યું.

'અમે વૈષ્ણવ છીએ. વૈષ્ણવ સિવાય બીજા કોઈનું અમને ખપતું નથી. તમે ખોટું ન લગાડશો.' ચાચાજીએ કહ્યું.

'હું વૈષ્ણવ થઈ શકું? વૈષ્ણવ થવા મારે શું કરવું?' ભીલ સ્ત્રીએ પૂછ્યું.

'વૈષ્ણવે શુદ્ધિ અને પવિત્રતા સાચવવી પડે-અભક્ષ્ય ભોજન ન થઈ શકે. શ્રીકૃષ્ણનો જ દૃઢ આશ્રય રાખવો પડે. બીજાં દેવી-દેવતાની પૂજા વગેરે છોડવાં પડે. આ બધું જે કરી શકે તે વૈષ્ણવ થઈ શકે.'

'હું આ બધું કરવા તૈયાર છું. મને વૈષ્ણવ કરો અને આ સંસારમાંથી છોડાવો.' પેલી બાઈએ વિનંતી કરી.

તેની તત્પરતા જોઈ ચાચાજીએ તેને સ્નાન કરી, કોરાં કપડાં પહેરી આવવા કહ્યું. તે બાઈ તે પ્રમાણે આવી. ચાચાજીએ તેને તુલસીમાળા આપી, અષ્ટાક્ષર મંત્ર આપ્યો. કહ્યું : 'તું રોજ સ્નાન કરી, શુદ્ધ વસ્ત્રો પહેરી આ મંત્રનો જપ કરજે.'

'ભલે. પણ હવે આપ અમારાં ફળ-ફૂલ સ્વીકારશોને?'

ચાચાજીએ હા કહી. તે બાઈ એક ટોપલો ભરી ફળફૂલ લઈ આવી. કોરી માટલી ભરી જળ લઈ આવી. વૈષ્ણવોએ ફળ-ફૂલ ધોઈ, સિદ્ધ કરી, માનસીમાં ભોગ ધરી ચોથે દિવસે પ્રસાદ લીધો. તે બાઈને પણ પ્રસાદ આપ્યો. પ્રસાદ લેતાં તેની બુદ્ધિ નિર્મળ થઈ. શ્રીઠાકોરજીમાં તેને પ્રેમ જાગ્યો.

તેણે પૂછ્યું : 'હવે મારે કેવી રીતે રહેવું તે આપ શીખવો.' ચાચાજી ત્યાં થોડા દિવસ રોકાયા. સેવા માટે તેને શ્રીનાથજીનું પ્રસાદી વસ્ત્ર પધરાવી આપ્યું. સેવાની બધી રીતભાત શીખવી. તે દરમ્યાન બાઈનો પતિ અને આખું ગામ વૈષ્ણવ થયું. સૌએ ચોરી-લૂંટફાટ વગેરે છોડી ખેતી કરવાનું સ્વીકાર્યું. પછી બધાંએ ચાચાજીને વિદાય આપી. યથાશક્તિ શ્રીજીબાવા માટે ભેટ આપી. વૈષ્ણવોને જંગલમાંથી ગામ સુધીનો રસ્તો બતાવ્યો.

પછી એ આખું ગામ વૈષ્ણવી આચરણ કરતાં ખેતી કરવા લાગ્યું. તેઓ રસોઈ બનાવી, શ્રીનાથજીને મનથી ભોગ ધરી ભોજન કરવા લાગ્યા.

એક દિવસ શ્રીગુસાંઈજી શ્રીનાથજીને શૃંગાર ધરતા હતા. ત્યાં શ્રીનાથજીએ ફરિયાદ કરી : 'કાકાજી, હરિવંશજીએ ગુજરાતમાં ભીલ લોકોના આખા ગામને વૈષ્ણવ કર્યું છે. તેમાં એક બાઈ છે, જે મારી સેવા કરે છે, પરંતુ તેનું ચાખેલું, એંઠું મને ભોગ ધરે છે. તે ઠીક થતું નથી. તમે તેનો બંદોબસ્ત કરો.

શ્રીગુસાંઈજીએ ચાચાજીને સર્વ હકીકત કહી. આજ્ઞા કરી : 'ચાચાજી, તમે તે ગામે પાછા જાઓ. તે બાઈને અને બીજા લોકોને પણ સમજાવો કે રસોઈ ચાખીને ભોગ ધરાય નહિ.'

ચાચાજી પાછા તે ગામમાં આવ્યા. ગામ લોકો બહુ રાજી થયા. પેલી બાઈને ચાચાજીએ પૂછ્યું : 'તું શ્રીઠાકોરજીને કેવી રીતે ભોગ ધરે છે?'

બાઈએ કહ્યું : 'ચાચાજી, હું રસોઈ બનાવું છું. પછી ચાખી જોઉં છું કે મસાલા બરોબર પડ્યા છે કે નહિ? ત્યાર પછી ભોગ ધરું છું.'

ચાચાજી કહે છે : 'બાઈ, તું રસોઈ ચાખે એટલે એંઠી થઈ કહેવાય. અર્ધભુક્ત થઈ કહેવાય. આવું એઠું અને ચાખેલું શ્રીઠાકોરજીને ભોગ ન ધરાય. માટે આજ પછી તું ધ્યાન રાખજે. સાવધાનીથી મસાલા કરજે. રસોઈ કર્યા પછી ચાખીશ નહિ.'

બાઈએ કહ્યું : 'ચાચાજી, મારો આ અપરાધ ક્ષમા કરો. હવે હું આવું નહિ કરું.' ચાચાજી ત્યાંથી પાછા ફર્યા.

સાથેના વૈષ્ણવોએ પૂછયું : 'ચાચાજી, આ બાઈ આવું કેમ કરતી હશે?'

'વૈષ્ણવ, આ બાઈ રામાવતારમાં શબરી હતી. તેણે ભોળા ભાવથી શ્રીરામચંદ્રજીને તેનાં ચાખેલાં એઠાં બોર આરોગાવ્યાં હતાં. શ્રીરામચંદ્રજી પરમ દયાળુ છે. શબરીનો સ્નેહ જોઈ તેને દુ:ખ ન થાય માટે આરોગ્યા હતા. એ મર્યાદાપુરુષોત્તમે બાઈની પુષ્ટિભક્તિ અંગીકાર કરી હતી. તેથી શબરીને પુષ્ટિભક્તિ આપવા તેનો આ બીજો જન્મ થયો છે. તેથી અહીં પણ તેણે શ્રીનાથજીને ચાખીને ભોગ ધર્યો છે; પરંતુ પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજીને અર્ધભુક્ત સામગ્રી ન ધરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે.' ચાચાજીએ સમજાવ્યું.

'તેથી જ આપણી ચાખેલી કે વાપરેલી અર્ધભુક્ત વસ્તુ પ્રભુને કદી અંગીકાર ન કરાવવી. સેવામાં બહુ સાવધાની રાખવી. અર્ધભુક્ત વસ્તુ અંગીકાર કરાવવાથી દોષ લાગે છે. શ્રીઠાકોરજીને ઘણો પરિશ્રમ થાય છે.' હર્ષદભાઈએ સમાપન કર્યું.

'આ પ્રસંગ એક બીજી બાબત પણ સમજાવે છે. આપણા માર્ગની દઢ રીત છે કે શ્રીવલ્લભકુળ, શ્રીઠાકોરજી અને વૈષ્ણવો, વૈષ્ણવ સિવાય કોઈની સત્તાનું અંગીકાર કરતા નથી. વૈષ્ણવ સ્નેહપૂર્વક જે અંગીકાર કરાવે તે જ શ્રીઠાકોરજી અંગીકાર કરે છે. માટે જે વૈષ્ણવ નથી, તેમની સત્તાનું દ્રવ્ય કે સામગ્રી શ્રીઠાકોરજીને અંગીકાર કરાવવાં નહિ.' રાગિણીબેને સમજાવ્યું.

'આપણે વૈષ્ણવી જીવન જીવીએ છીએ ત્યારે એક બીજી બાબત પણ યાદ રાખવાની છે. તે એ છે કે આપણે જીવ માત્ર ઉપર દયા રાખવાની છે. શ્રીગુસાંઈજીના એક સેવક આ બાબત બતાવે છે.'

હર્ષદભાઈએ થોડો વિચાર કરતાં કહ્યું.

'કયા સેવકની વાત કરો છો, હર્ષદભાઈ?' કુશલે પૂછ્યું.

'વિઠ્ઠલદાસ કાયસ્થની.' 'એ પ્રસંગ કહો, હર્ષદભાઈ'

વિઠ્ઠલદાસ કાયસ્થ શ્રીગુસાંઈજીના સેવક થયા. તેમણે શ્રીગુસાંઈજીને પૂછયું : 'મહારાજ, હવે મને શી આજ્ઞા છે? વૈષ્ણવ થયા પછી મારે શું કરવાનું?'

'વિઠ્ઠલદાસ, વૈષ્ણવે બે કાર્ય કરવાનાં હોય છે. શ્રીઠાકોરજીની સેવા અને શ્રીઠાકોરજીનું સ્મરણ. બાકી પેટ તો બધા માણસો અને પશુઓ પણ ભરે છે. પેટ ભરવામાં વૈષ્ણવી જીવન વેડફી ન નંખાય. તમે બ્રહ્મસંબંધ કર્યું એટલે આજથી તમે શ્રીઠાકોરજીના બન્યા. શ્રીઠાકોરજીએ તમારો સ્વીકાર કર્યો; એટલે શ્રીઠાકોરજી પણ તમારા બન્યા. દુનિયાની એ રીત છે કે જે જેનું બને તેનાં સેવા-સ્મરણ કરે. તેનામાં સ્નેહ રાખે. પરસ્પર સ્નેહથી જીવે. માટે વૈષ્ણવે પ્રભુનાં સેવા-સ્મરણ કરવાં જરૂરી છે; પરંતુ તમારું ભવિષ્ય હું જોઈ શકું છું.'

'શ્રીઠાકોરજીએ તમને એવી સ્થિતિ આપી છે કે તમે એકલા હાથે સેવા કરી શકશો નહિ. ભવિષ્યમાં તમે એવી પરિસ્થિતિમાં મૂકાશો કે ઠાકોરજીનું સ્મરણ પણ મુશ્કેલ બને. જીવનમાં સ્વસ્થતા ન રહે એવા પ્રસંગો આવશે. ત્યારે શ્રીઠાકોરજીનો દઢ આશ્રય બન્યો રહે તે તમારે માટે ઘણું જરૂરી છે. આથી હું તમને શ્રીમહાપ્રભુજીનો રચેલો એક ગ્રંથ શીખવીશ. તેનું નામ છે 'વિવેકધૈર્યાશ્રય'. તમે આ ગ્રંથનો રોજ વારંવાર પાઠ કરજો. તેના અર્થનું ચિંતન કરજો અને તે પ્રમાણે જીવન જીવજો. શ્રીઠાકોરજીનો દઢ આશ્રય રાખજો. આ જ તમારું કર્તવ્ય રહેશે.'

આ રીતે સમજાવીને શ્રીગુસાંઈજીએ તેમને 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથ શીખવ્યો. લખીને આપ્યો. પાઠ કરતાં શીખવ્યું. ગ્રંથનું રહસ્ય સમજાવ્યું. જીવનમાં વૈષ્ણવે વિવેક, ધૈર્ય અને આશ્રય કેવી રીતે અને શા માટે કેળવવાં તે પણ સમજાવ્યું.

આપશ્રીએ આજ્ઞા કરી : વિઠ્ઠલદાસ, વૈષ્ણવ બન્યા પછી આ વિવેક, ધૈર્ય અને આશ્રય વૈષ્ણવમાં ન આવે, ત્યાં સુધી તેની વૈષ્ણવતા પરિપૂર્ણ નથી બનતી, ત્યાં સુધી સેવા-સ્મરણમાં દઢતા નથી થતી; તેમજ

શ્રીઠાકોરજીમાં પૂર્ણ સ્નેહ થતો નથી; માટે દરેક વૈષ્ણવે વિવેક, ધૈર્ય અને આશ્રય કેળવવાની ઘણી જરૂર છે.

આમ કહી આપશ્રીએ વૈષ્ણવના વિવેક, ધૈર્ય અને આશ્રયનું સ્વરૂપ સમજાવ્યું. પછી વિઠ્ઠલદાસને ઘેર જવાની આજ્ઞા કરી.

વિઠ્ઠલદાસ ઘેર આવ્યા. રોજ ગ્રંથનો પાઠ કરે છે. રસોઈ કરી મનથી શ્રીઠાકોરજીને ભોગ ધરી ભોજન કરે છે. ઘરમાંનું દ્રવ્ય પૂરું થઈ જતા નોકરી કરવા જવાનો વિચાર કરે છે.

વૈષ્ણવો પાસેથી તેમને ખબર પડી કે બંગાળના દીવાન નારાયણદાસ વૈષ્ણવ છે. બાદશાહ પણ ભલો માણસ છે. તેને ત્યાં નોકરી મળશે. વિઠ્ઠલદાસના પિતા રાજદરબારમાં નોકરી કરતા હતા. વિઠ્ઠલદાસ પણ ભણીગણીને રાજકાજમાં કુશળ બન્યા હતા. તેથી તેઓ બંગાળ ગયા. વિચાર કર્યો કે હું વૈષ્ણવ છું એમ જાણીને નારાયણદાસ નોકરી આપે તો મારો વૈષ્ણવ ધર્મ લજવાય. માટે તેઓ વૈષ્ણવતા છુપાવી, એક લૌકિક મનુષ્યની જેમ નારાયણદાસ પાસે ગયા.

નારાયણદાસે તેમની હોંશિયારી જોઈને નોકરી આપી. એક પરગણાનું મહેસૂલ ઉઘરાવવાનું કામ સોંપ્યું. એકવાર તેમનાથી હિસાબમાં કોઈ ભૂલ થઈ. સારી એવી રકમ ઓછી જમા થઈ હતી; તેથી નારાયણદાસે હિસાબ તપાસી ખુલાસો માગ્યો. વિઠ્ઠલદાસને ભૂલ કેમ થઈ તેનો ખ્યાલ ન આવ્યો.

તેઓ કહે છે : 'દીવાનજી, ભૂલ જરૂર થઈ છે. પણ જાણી જોઈને મેં ભૂલ નથી કરી. એક પણ પૈસો ખીસામાં નથી મૂક્યો. મારાથી ભૂલ થઈ છે એટલે બધા પૈસા હું ભરી દઈશ, પણ જેટલા રૂપિયા ખૂટે છે એટલા હાલ મારી પાસે નથી. હું નોકરી કરી ભરપાઈ કરીશ.'

નારાયણદાસને વિઠ્ઠલદાસની વાતમાં વિશ્વાસ ન બેઠો. તેમણે કડકાઈથી પૈસા વસૂલ કરવા માટે વિઠ્ઠલદાસને જેલમાં પૂર્યા. હૂકમ કર્યો કે જ્યાં સુધી રાજ્યની તિજોરીમાં પૈસા જમા ન કરાવે ત્યાં સુધી દર ત્રીજે દિવસે તેમને સો ચાબખા મારવા.

વિઠ્ઠલદાસ ચૂપ રહ્યા. 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથ તેમને યાદ હતો. તેથી મન સાથે સમાધાન કર્યું કે શ્રીઠાકોરજી જેમ રાખે તેમ રહેવું. દુઃખ સહન કરવું; પણ વૈષ્ણવતા પ્રગટ કરવી નહિ. જેલમાં દર ત્રીજા દિવસે તેમને સો ચાબખા મારવામાં આવતા. સુખી ઘરના વિઠ્ઠલદાસનું શરીર મહેનત-મજૂરીથી કસાયેલું ન હતું. તેથી તેઓ ચાબખાનો માર સહન ન કરી શક્યા. શરીરની ચામડી ઉતરવા લાગી. ઘામાંથી લોહી વહેલા લાગ્યું. ઘા પાકી ગયા. તેમની હાલત ગંભીર થઈ ગઈ. તે જોઈને નારાયણદાસે તેમને જેલમાંથી મુક્ત કર્યા. નજરકેદ નીચે રાખ્યા. તેમની તબિયત ફરી સુધરી, ત્યારે તેમને ફરી જેલમાં મોકલ્યા; પરંતુ હવે માર મારવાનું બંધ કર્યું.

થોડા દિવસ વીત્યા. એક દિવસ જેલમાં આવેલા નારાયણદાસને જેલર સાથે વાત કરતાં વિઠ્ઠલદાસે સાંભળ્યા. નારાયણદાસ કહેતા હતા : 'મારા ગુરુ શ્રીગુસાંઈજી અહીં પધારે છે. હું તેમને પધરાવવા માટે કાલે આગલા મુકામે જવાનો છું. તમે અહીંનું બરોબર ધ્યાન રાખજો.

નારાયણદાસની આ વાત સાંભળી વિઠ્ઠલદાસને શ્રીગુસાંઈજીનાં દર્શનનો ઘણો વિરહતાપ થયો. તેમણે વિચાર્યું કે જો હું નારાયણદાસને જણાવીશ નહિ કે હું વૈષ્ણવ છું, તો મને શ્રીગુસાંઈજીનાં દર્શન થશે નહિ. દર્શન વિના જ આ કેદખાનામાં મારો દેહ છૂટી જશે. મારા જેવો બીજો કોઈ અભાગી હશે નહિ.'

ઘણા મનોમંથન પછી વિઠ્ઠલદાસે એક માણસ સાથે નારાયણદાસને જેલમાં આવવા સંદેશો કહેવડાવ્યો. નારાયણદાસ સાંજે જેલમાં આવ્યા. વિઠ્ઠલદાસે હાથ જોડી કહ્યું : 'દીવાનજી, હું પણ શ્રીગુસાંઈજીનો સેવક છું. શ્રીગુરુદેવ અહીં પધારે છે, એ વાત આજે સવારે મેં સાંભળી. મરતાં પહેલાં એક વખત તેમનાં દર્શન કરવાની મારી ઈચ્છા છે. તમે કૃપા કરો તો તે પૂરી થાય.'

વિઠ્ઠલદાસની વાત સાંભળી નારાયણદાસે તેમની જેલની ઓરડીમાંથી બહાર કાઢ્યા. તેઓ તેમને ભેટી પડ્યા. ભગવદ્ સ્મરણ કર્યા. કહે છે :

'વિઠ્ઠલદાસ, ગજબ થઈ ગયો. તમે વૈષ્ણવ છો એવું આજ સુધી જણાવ્યું નહિ; તેથી અજાણતામાં મેં તમને ઘણો દંડ આપ્યો છે. મારો અપરાધ ક્ષમા કરો. હવે તમારે બંદીખાનામાં રહેવાનું નથી. કાલે સવારે મારી સાથે જ શ્રીગુસાંઈજીનાં દર્શને આવજો. આજે ખુશીથી ઘેર જાઓ.'

બીજા દિવસે વિઠ્ઠલદાસ નારાયણદાસની સાથે શ્રીગુસાંઈજીનાં દર્શન કરવા ગયા. શ્રીગુસાંઈજી સ્નાન કરી, સંધ્યાવંદન કરતા હતા. વિઠ્ઠલદાસને જોઈને આપ ઘણા પ્રસન્ન થયા. આજ્ઞા કરી : 'વિઠ્ઠલદાસ, તમે અહીં ક્યાંથી? હું તો ઘણા સમયથી તમારી રાહ જોઉં છું. તમારી ઘણી તપાસ કરાવી, પણ પત્તો લાગ્યો નહિ.'

વિઠ્ઠલદાસે વિનંતી કરી : 'કૃપાનાથ, પરિસ્થિતિ એવી આવી કે મારે નોકરીની શોધમાં અહીં સુધી આવવું પડ્યું. ઘણા સમયથી અહીં છું; તેથી આપની સન્મુખ આવી શક્યો નહિ.'

'વિઠ્ઠલદાસ, પહેલાં કરતાં તમારું શરીર ઘણું સુકાઈ ગયેલું દેખાય છે. તબિયત સારી નથી રહેતી કે શું?'

'કૃપાનાથ, દેહના દંડ દેહ ભોગવે છે. અહીંના બાદશાહનો હિસાબ રાખવામાં મારે હાથે પૈસા ગણવાની ભૂલ થઈ છે. તેથી જેલમાં પડ્યો છું. તેથી શરીર કથળ્યું છે.'

'તમે નારાયણદાસને કેમ કંઈ વાત ન કરી?'

'કૃપાનાથ, પેટ માટે નોકરી કરવા આવ્યો છું. નોકરી માટે માળા તિલક કેવી રીતે વેચાય? પૂર્વજન્મના અપરાધ દેહ ભોગવે છે. એ તો ભોગવવા જ પડે. દેહને બચાવવા ધર્મ કોઈને જણાવી વેચાય ખરો?'

'ધન્ય છે વિઠ્ઠલદાસ, તમને ધન્ય છે!' શ્રીગુસાંઈજી સંધ્યાવંદન કરી, શ્રીઠાકોરજીનો રાજભોગ સરાવવા અંદર પધાર્યા. જતાં જતાં આજ્ઞા કરી : 'આજે પ્રસાદ અહીં જ લેજો.'

નારાયણદાસ ઘણા દુ:ખી હતા. વૈષ્ણવને શિક્ષા કરવાના અપરાધથી તેમનું મન બેચેન હતું. મોં પરથી લોહી ઊડી ગયું હતું. શરીર સફેદ રૂની પૂણી જેવું થઈ ગયું હતું. આંખો નીચે ઢાળીને બેઠા હતા.

રાજભોગ સરાવી શ્રીગુસાંઈજી બહાર પધાર્યા. વિઠ્ઠલદાસને આજ્ઞા કરી : 'ચાલો, પ્રસાદ લેવા બેસો.'

વિઠ્ઠલદાસે વિનંતી કરી : 'મહારાજ, શરીરની મુશ્કેલીને લઈને સ્નાન કર્યું નથી. સ્નાન કર્યા વગર પ્રસાદ કેવી રીતે લઉં?'

આપે ખવાસને આજ્ઞા કરી : 'વિઠ્ઠલદાસને સ્નાન કરાવો.' સ્નાન કરવા વિઠ્ઠલદાસે જામો પહેર્યો હતો તે ઉતારવા માંડ્યો. તે વખતે નારાયણદાસના શરીરમાં ધ્રુજારી આવી ગઈ. શ્રીગુસાંઈજી પાતળ ધરવા પધાર્યા. વિઠ્ઠલદાસનું શરીર જોઈ આપને પણ પાછી ધ્રુજારી આવી ગઈ. આપે પૂછ્યું : 'વિઠ્ઠલદાસ, તારા શરીરની આવી સ્થિતિ કોણે કરી છે? કોણે તને આટલો માર માર્યો છે?'

વિઠ્ઠલદાસની આંખમાં આંસુ ઉભરાઈ આવ્યાં. કંઠ રૂંધાઈ ગયો. તેમણે ધીમેથી કહ્યું : 'મહારાજ, કોઈનો દોષ નથી. દોષ મારો જ છે.' પણ આમ કહેતાં તેમની નજર નારાયણદાસ તરફ ગઈ. શ્રીગુસાંઈજી સમજી ગયા.

આપે નારાયણદાસને પૂછ્યું : 'નારાયણદાસ, તેં વિઠ્ઠલદાસને આટલી ક્રૂરતાથી મારવાનો હુકમ કેમ કર્યો?'

'મહારાજ, તેઓ વૈષ્ણવ છે એવી મને ખબર ન હતી. મારો અપરાધ ક્ષમા કરો.'

'નારાયણદાસ, વિઠ્ઠલદાસ વૈષ્ણવ છે એવી તમને ખબર નહોતી, પરંતુ તે માણસ છે, તેનામાં જીવ છે, એવી તો ખબર હતી ને? વૈષ્ણવે જીવમાત્ર ઉપર દયા રાખવી. આજ પછી આ બાબતમાં કાળજી રાખજો.'

'શ્રીગુસાંઈજી નારાયણદાસને ત્યાં બિરાજ્યા એટલા દિવસ વિઠ્ઠલદાસ પણ ત્યાં રહ્યા. શ્રીગુસાંઈજી ત્યાંથી પધાર્યા તે સાથે જ વિઠ્ઠલદાસ પણ નોકરી છોડી જવા તૈયાર થયા. નારાયણદાસે ઘણું સમજાવ્યા પણ રોકાયા નહિ. કારણ કે તેમને લાગ્યું કે નારાયણદાસ જાણી ગયા છે કે પોતે વૈષ્ણવ છે. હવે જો અહીં તેઓ નોકરી કરશે તો તેમની વૈષ્ણવતા વેચાશે. નોકરી ધંધો કરતાં વૈષ્ણવતા ગુપ્ત રાખવી જોઈએ. વૈષ્ણવ જાણીને

સામેનો માણસ લાભ આપે અથવા આપણે લાભ મેળવવા પ્રયત્ન કરીએ તો આપણો વૈષ્ણવ ધર્મ વેચ્યો કહેવાય. લૌકિક કાર્યોમાં વૈષ્ણવ ધર્મ પ્રગટ કરવો નહિ.' નિયતિએ વિઠ્ઠલદાસના હૃદયની વાત સમજાવી.

'આ પ્રસંગ બતાવે છે કે વૈષ્ણવે જીવમાત્ર ઉપર દયા રાખવી. વૈષ્ણવનું હૃદય ઘણું કોમળ હોવું જોઈએ. બીજાને દુઃખ થાય એવું વર્તન કદી કરવું નહિ. કઠોર આચરણ ન થાય એની તકેદારી રાખવી.' રાગિણીબેને સમાપન કરતાં કહ્યું.

'એક વચનામૃતમાં પ્રગટ થયેલો શ્રીજીના પાગનો પ્રસંગ મને યાદ આવે છે. એ પણ આચારપાલનની બાબતમાં વિચારવા જેવો છે, તેથી કહું છું.' હર્ષદભાઈએ કહ્યું.

'ભલે, કહો.'

'શ્રીગુસાંઈજીએ કોઈ વૈષ્ણવને આજ્ઞા કરી કે શ્રીજીનો પાગ રંગાવવો છે. અમુક રંગરેજ સુંદર રંગે છે. તેને આપી આવ. કાલે લઈ આવજે.'

'વૈષ્ણવ આપી આવ્યા. બીજા દિવસે લેવા ગયા, ત્યારે જોયું કે રંગરેજ પોતાના મોઢામાં પાણી ભરીને પાગના વસ્ત્રને ફૂંકારી રહ્યો છે!'

'આ તો મોટો અનાચાર! વૈષ્ણવ પાગ લીધા વિના પાછા આવ્યા. તે દિવસે શ્રીજી અપ્રસન્ન થઈ ગયા. શ્રીગુસાંઈજી સમજી ગયા કે કંઈ કારણ છે. પેલા વૈષ્ણવને પૂછયું : 'પાગ લઈ આવ્યા કે?'

વૈષ્ણવે જે જોયું હતું તે કહ્યું. પોતે પાગ લીધા વિના આવ્યા છે તે પણ કહી દીધું.

આપશ્રી ટકોર કરે છે : 'અરે, તને સુંદર રંગેલો પાગ લાવવા મોકલ્યો હતો કે એ કંઈ રીતે રંગે છે તેની તપાસ કરવા મોકલ્યો હતો? જા, એ જ પાગ લઈ આવ. શ્રીજીને એનો રંગેલો પાગ જ ગમે છે.'

'આચારને જ પ્રાધાન્ય આપનારા, કેટલીક વાર ઉત્તમ વસ્તુ પ્રભુને અંગીકાર કરાવવાનું ચૂકી જાય છે. આવા પ્રસંગો એમને એક બાબત સમજાવે છે કે જોવા જેવી, સાંભળવા જેવી, આરોગવા જેવી કોઈ ઉત્તમોત્તમ વસ્તુ જોઈને, પ્રભુને અંગીકાર કરાવવાનો મનોરથ થાય, ત્યારે એની ક્રિયા અંગે વિચાર કરવો એ પુષ્ટિભક્ત માટે ઈષ્ટ નથી. જગતની સર્વ ઉત્તમ વસ્તુઓના ભોક્તા આપણા રસેશ શ્રીકૃષ્ણ છે. પ્રત્યક્ષ અંગીકાર ન કરાવાય તો ભલે ભાવનાથી પણ અંગીકાર કરાવી શકાય.' હર્ષદભાઈએ સ્પષ્ટતા કરી.

'સેવામાં આચારપાલનનો એટલી હદે આગ્રહ ન રાખવો કે સેવા જ છૂટી જાય. પછી તો એવું થાય કે વૈદની દવાની પડીકીમાંની દવા ફેંકી દઈએ અને કાગળ જ ખાવાનો પ્રયત્ન કરીએ. વૈષ્ણવનું મુખ્ય કર્તવ્ય સેવા છે. એ માટે આચાર શુદ્ધિનો આગ્રહ રાખવો અને શક્ય હોય તેટલી આચારશુદ્ધિ જાળવવી.' રાગિણીબેને પૂર્તતા કરી.

'આજે ઘણું નવું જાણવા મળ્યું. ખૂબ આનંદ આવ્યો.'

'ઘણો સમય થઈ ગયો છે. ચાલો હવે આશ્રયનું પદ બોલીએ.'

■

રાગ : બિહાગ

શ્રીવલ્લભ તુમ શરણાગત આયો ।
સબ દુઃખ દૂર ગયે તુમ દેખત સુખકો પાર ન પાયો ॥૧॥
આજ્ઞાતે શ્રીગોવર્ધનધરકી બ્રહ્મસંબંધ કરાયો ।
અખિલ લીલા પ્રગટ દિખાઈ સેવા સુખ હી બતાયો ॥૨॥
શ્રીભાગવત સુધારસ મથકે અપનો પંથ જતાયો ।
ઐસે ઉગ્ર શ્રીલક્ષ્મણનંદન રસિકનકે મન ભાયો ॥૩॥

૯. કથામાં આસક્તિ

આજે રવિવાર. બપોરના ત્રણ વાગ્યા. કુશલભાઈ અને નિયતિ હજુ આવ્યાં નથી. બધાં તેમની રાહ જોતાં વલ્લભાખ્યાન બોલી રહ્યાં છે.

એટલામાં ટેલિફોનની ઘંટડી રણકી. કુશલનો જ ફોન હતો.

'મહેમાન આવ્યા છે. સત્સંગમાં આવવામાં થોડું મોડું થાય તેમ છે.'

'પણ એમ કરોને કુશલભાઈ, મહેમાનને પણ સત્સંગમાં લઈ આવો.' પ્રકાશે આગ્રહ કર્યો.

'ભલે, હું પ્રયત્ન કરું છું. તમે શરૂ કરો.'

સાડાત્રણ વાગે કુશલ - નિયતિ આવ્યાં. સાથે કોઈ ન હતું. સૌએ આંખના ઈશારાથી પૂછયું : 'કેમ, મહેમાન ન આવ્યા?'

'અમારા મહેમાન કહે છે : શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે જીવનું મુખ્ય કર્તવ્ય પ્રભુનાં સેવા-સ્મરણ છે. એ તો આપણે કરીએ જ છીએ. પછી સત્સંગમાં જવાની શી જરૂર? હર્ષદભાઈ, અમે એમને આ બાબતનો જવાબ આપી ન શક્યાં. હવે તમે જ આ બાબત સમજાવો.' નિયતિના અવાજમાં નિરાશાનો સૂર હતો.

'મારો પણ એક પ્રશ્ન છે, હર્ષદભાઈ' પ્રકાશે કહ્યું.

'કયો પ્રશ્ન છે?'

'શ્રીમહાપ્રભુજીએ ભક્તિવર્ધિની ગ્રંથના નવમા શ્લોકમાં આજ્ઞા કરી છે કે

> **સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દઢા ભવેત્ ।**
> **યાવજ્જીવં તસ્ય નાશો, ન કવાપીતિ મતિર્મમ ॥**

આ આજ્ઞાનો અર્થ હું એવો સમજું છું કે જે જીવની સેવા અથવા કથામાં દઢ આસક્તિ થઈ હોય તેના ભાવનો કોઈ પણ પ્રસંગે નાશ થતો નથી, એવો મારો અભિપ્રાય છે. બરોબર છે આ અર્થ, હર્ષદભાઈ?'

'હા, બરાબર છે.'

'તો પછી જેઓ સેવા કરે છે તેમને કથામાં જવાની કે સત્સંગ કરવાની અને કથા સાંભળે છે તેમને સેવા કરવાની જરૂર ખરી?'

'પ્રકાશભાઈ, તમે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં ચરિત્રો વાચ્યાં છે. તમે જાણો છો કે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી નિત્ય સવાર-સાંજ શ્રીપ્રભુની સેવા અને બપોરે અનવસરના સમયે શ્રીસુબોધિનીજીની કથા કરતા. અનેક વૈષ્ણવો તે સાંભળવા આવતા. જો સત્સંગની જરૂર ન હોય તો આપ આ રીતે દરરોજ કથા શા માટે કરત?'

'શ્રીવલ્લભ દામોદરદાસજીને દરરોજ થોડી થોડી વારે આજ્ઞા કરતાઃ 'દમલા, ભગવદ્વાર્તા કિયે બડી દેર ભઈ.' આ બાબત પણ આપશ્રીનો ભગવદ્ વાર્તા પ્રત્યેનો આગ્રહ બતાવે છે.'

'શ્રીગોકુલેશપ્રભુ અને શ્રીહરિરાય મહાપ્રભુ નિત્ય વૈષ્ણવો સાથે ભગવદ્વાર્તા કરતા. મોડી રાત સુધી આ ભગવદ્વાર્તાનો ક્રમ ચાલતો એવું આપના ચરિત્રોમાં વાંચવામાં આવ્યું છે. ભગવદ્ કથા અને વાર્તાનું શ્રવણ એ ભગવદ્ ભક્તિનો જ એક પ્રકાર છે. બંને દ્વારા ભગવાનમાં સ્નેહ, આસક્તિ વધે છે.'

'પ્રભુમાં પ્રેમ થવાના આ બે માર્ગોમાંથી જેમને સેવા અને કથા બંનેમાં આસક્તિ થાય તે બંને કરે છે. બંને કરવાની જરૂર એટલા માટે છે કે સેવાના અનવસરમાં મન બહિર્મુખ ન થાય. વળી ભગવદ્વાર્તા-કથાનું શ્રવણ-સત્સંગ-સ્મરણ-કીર્તન આદિથી પ્રભુનું મહાત્મ્યજ્ઞાન થાય છે. મહાત્મ્યજ્ઞાન થવાથી પ્રભુમાં પ્રેમ વધે છે.' હર્ષદભાઈ સમજાવી રહ્યા છે.

'વળી પ્રભુની કથાનું શ્રવણ-કીર્તન-સ્મરણ વગેરે પ્રભુના સુખ અને પ્રસન્નતાના ભાવથી કરવામાં આવે તો તે પણ સેવારૂપ બને છે. તેનાથી

વિરહતાપ વધે છે. સેવામાં સંયોગનું સુખ અને શ્રવણ-કીર્તન-સ્મરણમાં વિપ્રયોગનું સુખ મળે છે. આમ સંયોગ-વિપ્રયોગનું ચક્ર સતત ચાલે તો પૂર્ણ ભક્તિ પ્રગટ થાય છે.' રાગિણીબેને વધુ સ્પષ્ટતા કરી.

'હવે મને સમજાય છે કે શ્રીમહાપ્રભુજીએ ભક્તિની વૃદ્ધિ માટે ઘરમાં રહીને, શ્રીઠાકોરજીમાં ચિત્ત રાખીને, મનને લૌકિક બાબતોથી હટાવી લઈને એટલે કે આવ્યાવૃત્ત થઈને સેવા અને સ્મરણ કરવાની આજ્ઞા શા માટે કરી છે.'

'પરંતુ દરેક જીવ આ રીતે અવ્યાવૃત્ત થઈ ન શકે. આજીવિકા, લૌકિક વ્યવહારો છૂટી ન શકે. ભગવદ્ સેવામાં પ્રતિબંધરૂપ બનતા લૌકિક મનુષ્યોનો સંગ છૂટી ન શકે તેવા વ્યાવૃત્ત લોકોએ શું કરવું?'

'તેમને માટે શ્રીમહાપ્રભુજી કથા શ્રવણનો માર્ગ બતાવે છે. તેથી જ 'સેવાયાં વા કથાયાં' એવી આજ્ઞા કરી છે. જેમનું ચિત્ત લૌકિકમાંથી ન છૂટતું હોય તેમણે કથાશ્રવણ-કીર્તન-સ્મરણનો માર્ગ સ્વીકારવો. સેવાની જેમ કથા દ્વારા પણ ભગવાનમાં પ્રેમ અચૂક જાગે છે. બંને જેમ વધતાં જાય તેમ ભગવાનમાં આસક્તિ દૃઢ થતી જાય છે.'

આનો અર્થ એવો થયો કે જેઓ સેવા કરે છે તેમણે કથા શ્રવણ-કીર્તન-સ્મરણ-સત્સંગ વગેરે પણ અવશ્ય કરવાં અને જેમનાથી સેવા નથી બનતી તેવા વૈષ્ણવોએ પણ નિરાશ ન થવું. કથાશ્રવણ-સ્મરણ-કીર્તન કરવાં એનાથી મનને સતત પ્રભુમાં જોડવા પ્રયત્નશીલ રહેવું. બરોબર?'

'હા, બરોબર. બંનેમાંથી કોઈપણ રીતે અથવા બંને રીતે પ્રભુમાં પ્રેમ વધે અને લૌકિક રાગદ્વેષ, આસક્તિ છૂટે તે માટે આપણે સતત પ્રયત્નશીલ રહેવું. પ્રકાશભાઈ, તમારા પ્રશ્નનો જવાબ મળી ગયો?'

'હા, હર્ષદભાઈ. શ્રીમહાપ્રભુજીની આ આજ્ઞા આજે બરોબર સમજાઈ. આપણે ત્યાં બપોરે અને રાત્રે અનવસરના સમયમાં સત્સંગ અથવા ભગવદ્વાર્તા કરવાની પ્રણાલિકા આવી છે, એનું કારણ પણ સમજાયું.'

'હર્ષદભાઈ, એવા પણ વૈષ્ણવો થયા હશે ને કે જેમને સેવાને બદલે કથાશ્રવણમાં - ભગવદ્વાર્તા કરવામાં વધારે રૂચિ હોય? એ રૂચિને કારણે તેમને પ્રભુમાં પ્રેમ-આસક્તિ વધ્યાં હોય? જિગરે પૂછ્યું.

'હા, થયા છે ને! શ્રીમહાપ્રભુજીના સેવક દિનકરદાસ, શ્રીગુસાંઈજીના સેવક અલીખાન પઠાણ અને પીરજાદી, વક્તા અને શ્રોતા વૈષ્ણવો વગેરે ઘણાં થયાં છે.'

'હા, હા. દિનકરદાસ શેઠની વાર્તા તો મને યાદ છે. કથા-શ્રવણમાં એમના જેવી આસક્તિ કોઈની નહિ હોય!' નિયતિએ કહ્યું.

'આજે નિયતિ, તું જ એ દિનકરદાસ શેઠની વાર્તા કહે. આજે આપણે કથા શ્રવણમાં આસક્તિ ધરાવનાર વૈષ્ણવોને યાદ કરીએ.'

'ભલે, સાંભળો.' નિયતિએ શરૂ કર્યું.

'દિનકરદાસ જાતે ક્ષત્રિય. શ્રીમહાપ્રભુજીના સેવક. અલ્હાબાદમાં એક શ્રીમંત કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. તેઓ પાંચ વર્ષના થયા ત્યારથી તેમને કથા-શ્રવણમાં ઘણો રસ પડવા લાગ્યો. તેમની ઉંમરનાં બીજાં બાળકો શેરીમાં રમતાં હોય, ત્યારે તેઓ ગામમાં જ્યાં કથા થતી હોય ત્યાં પહોંચી જાય અને કથા સાંભળવા બેસી જાય.'

એક વખત તેમણે કથામાં સાંભળ્યું કે ખાલી હાથે કથા ન સંભળાય, પોથી પર કંઈક દક્ષિણા મૂકવી જોઈએ. તેઓ જે કાંઈ સાંભળતા તેમાં તેમનો વિશ્વાસ બેસી જતો. તેથી તેમણે વિચાર કર્યો કે મારી પાસે તો પાઈ-પૈસો નથી. હું પોથી પર શું મૂકું? આથી પોથી ઉપર મૂકવા તેમણે ઘરમાં ચોરી કરવાની શરૂઆત કરી. જે કંઈ હાથમાં આવે તે લઈ જઈને પોથી પર મૂકી દેતા.

તેમની ચોરી કરવાની આ આદત દિવસે-દિવસે વધતી ગઈ. ઘરમાં પણ સૌને તેની જાણ થઈ. તેમનાં માતા-પિતાએ ઘણી શિક્ષા કરી, પણ તેમનામાં કોઈ ફેર ન પડ્યો. ઘરમાં સૌ તેમને 'ચોર' કહીને બોલાવતા. આ વાત શેરીમાં પણ પહોંચી ગઈ. બધા ઓળખીતા લોકો તેમને ચોર કહેવા લાગ્યા.

એક દિવસ તેમના મોટાભાઈનાં લગ્ન હતાં. તે દિવસે તેમણે જરીનાં વસ્ત્રો અને દાગીના પહેર્યાં હતાં. રાત્રે વરઘોડો ઊતર્યા પછી તેઓ સૌની નજર ચૂકવી એક ઠેકાણે કથા થતી હતી ત્યાં પહોંચી ગયા અને કીંમતી વસ્ત્રો અને દાગીના આપી દીધા. કેવળ એક ધોતીભેર તેઓ ઘેર પાછા આવ્યા. આથી તેમના માતા-પિતાએ તેમને ખૂબ માર્યા અને ત્રણ દિવસ તેમને અંધારી ઓરડીમાં પૂરી રાખ્યા. છતાં તેમણે પોતાની ટેવ છોડી નહિ.

દિવસે દિવસે કથા શ્રવણમાં તેમની પ્રીતિ વધતી ગઈ. કથાકારો 'શેઠ' કહી માન આપતા અને આગળ બેસાડતા. તેમનાં માતા-પિતાના મૃત્યુ પછી તેમના ભાઈઓ સાથે તેમને અણબનાવ થયો. એટલે તેમણે ગામ છોડવાનો વિચાર કર્યો. તે દિવસે તેઓ ત્રિવેણીસ્નાન કરવા ગયા.

ત્યાં અનાયાસ તેમને કૃષ્ણદાસ મેઘનનો મેળાપ થયો. કૃષ્ણદાસ મેઘનને દિનકરદાસે પૂછ્યું : 'તમે એવા કોઈ મહાપુરુષને જાણો છો; જેમની કથા સાંભળવામાં અધિક આનંદ આવે?' કૃષ્ણદાસ મેઘને જોયું કે આ દૈવી જીવ છે. તેથી તેમણે દિનકરદાસને શ્રીમહાપ્રભુજી પાસે અડેલ જવાની સલાહ આપી.

દિનકરદાસ નાવમાં બેસી બપોરે અડેલ પહોંચ્યા. ત્યાં શ્રીમહાપ્રભુજી ભ્રમરગીતની કથા કરી રહ્યા હતા. તે સાંભળતાં સાંભળતાં દિનકરદાસનાં નેત્રોમાંથી આંસુઓનો પ્રવાહ વહેવા લાગ્યો. શ્રીમહાપ્રભુજીએ તેમને નામ દઈને બોલાવ્યા. દિનકરદાસ શ્રીમહાપ્રભુજીના સેવક થયા.

તેમણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : 'મહારાજ! આખી જિંદગી અહીં રહીને આપની કથા સાંભળવાની મારી ઈચ્છા છે.' તે વખતે દિનકરદાસ પાસે સો રૂપિયા હતા. તેમાંથી પચાસ રૂપિયા તેમણે શ્રીમહાપ્રભુજીને ભેટ ધર્યા. બાકીના પચાસ રૂપિયામાંથી જીવન નિર્વાહ કરવા લાગ્યા.

તેઓ રોજ દાળ-બાટી બનાવી, મનમાં પ્રભુનું ધ્યાન કરી, માનસીમાં ભોગ ધરી પ્રસાદ લેતા અને સમયસર કથા સાંભળવા પહોંચી જતા. ખૂબ ધ્યાનથી કથા સાંભળતા. જે સાંભળતા તે બધું બાકીના સમયમાં વિચારતા અને મનન કરતા.

એક દિવસ ચોમાસું હોવાથી સમયનો ખ્યાલ રહ્યો નહીં. તેમના જાણવામાં આવ્યું કે કથાનો સમય થઈ ગયો છે. એટલે તેમણે વિચાર કર્યો કે દાળ બાટી બંને કાચાં છે, પ્રભુને ભોગ ધરવા લાયક નથી. પ્રસાદ લીધા વિના જઈશ તો કથામાં ચિત્ત લાગશે નહીં. તેથી તેઓ કાચી દાળ-બાટી ખાઈ કથા સાંભળવા દોડ્યા.

'કથાશ્રવણમાં કેવી આસક્તિ!' જિગરે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

કથા પૂરી થતાં શ્રીમહાપ્રભુજીએ આ વાત જાણી, ત્યારે પ્રસન્ન થઈને આજ્ઞા કરી કે દિનકરદાસ, મારી કથાના આજથી તમે મુખ્ય શ્રોતા છો. તમારા આવ્યા પછી જ હું પોથી ખોલીશ. પ્રભુને શ્રમ ન થાય માટે સામગ્રી સારી રીતે સિદ્ધ કરી, ભોગ ધરી, પ્રસાદ લઈને આવજો. શ્રીમહાપ્રભુજીનાં આ વચનો સાંભળી દિનકરદાસ ગદ્‌ગદ્ થઈ ગયા.

'તેમણે મનોમન નિશ્ચય કર્યો કે મારે કારણે શ્રીમહાપ્રભુજીને શ્રમ થાય તો મારો સેવક ધર્મ ન રહે. તેથી હું કથાનો સમય સાચવવા આજથી વિશેષ કાળજી રાખીશ.' 'તે દિવસથી દિનકરદાસ શ્રીમહાપ્રભુજીના મુખ્ય શ્રોતા બની રહ્યા.' નિયતિએ પ્રસંગ પૂર્ણ કર્યો.

'આ વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી સમજાવે છે કે, પ્રભુમાં આપણી આસક્તિ વધે તે માટે કથાશ્રવણ જરૂરી છે. કથામાં જો આવો દૃઢ સ્નેહ હોય તો તેથી શ્રીમહાપ્રભુજીમાં અને શ્રીઠાકોરજીમાં સ્નેહ દૃઢ બને છે. સ્નેહ દૃઢ બન્યા પછી કોઈ દોષ બાધક બનતા નથી.'

શ્રીમહાપ્રભુજી 'સુબોધિની'માં આજ્ઞા કરે છે કે, પ્રભુની કથા ભક્તોનો ઉદ્ધાર કરનારી છે. જેનું ચિત્ત પ્રભુની કથામાં લાગતું નથી તેમને કલિયુગ અકલ્યાણ કરનાર છે; પરંતુ જેમનાં હૃદય કથાશ્રવણથી હંમેશાં વિકસિત કમળો જેવાં છે તે બિડાઈ જવાનો સંભવ નથી. કથાથી ભૂખ, તરસ વગેરે દોષો પણ દૂર થાય છે. કારણ કે, પ્રભુની કથા અમૃતરૂપ છે. કાલથી થતા ઘડપણ, મરણ વગેરેના દોષો પણ કથાશ્રવણથી દૂર થાય

છે. તેથી જ્યાં બીજો વિષય ન હોય ત્યાં ફુરસદનો બધો સમય ભગવાનની કથામાં જ જાય તો તે સમય અને જીવન ઉત્તમ છે.' હર્ષદભાઈએ સમાપન કરતાં કહ્યું.

'નિયતિએ દિનકરદાસ શેઠની વાર્તા સુંદર રીતે કહી. તેનાથી એક વાત સમજાઈ કે પ્રભુની કથા પ્રેમ અને આગ્રહપૂર્વક સાંભળવી જોઈએ. પણ ઘણીવાર કથાશ્રવણમાં મન નથી લાગતું. તે માટે શું કરવું?' કુશલે પૂછ્યું.

'લૌકિક બાબતો - સ્વાદ, વિવાદ, હર્ષ અને આતુરતા છૂટે, ત્યારે અલૌકિક બાબતોમાં રૂચિ થાય અને કથાશ્રવણમાં મન લાગે.'

'કથાશ્રવણમાં બરોબર મન લાગ્યું હોય તેવા વૈષ્ણવો પણ થયા હશેને?'

હા, કથાશ્રવણમાં આસક્તિવાળા એક મુસ્લિમ વૈષ્ણવ થઈ ગયા. એમને પણ યાદ કરી લઈએ. જિગરે કહ્યું.

સૌએ સંમતિ આપી. જિગરે શરૂ કર્યું.

'૨૫૨ વૈષ્ણવમાં અલીખાન નામના એક મુસ્લિમ વૈષ્ણવ થયા છે. તેમની દીકરીનું નામ પીરજાદી હતું. આમ તો તેમના પિતા વ્રજમાં આવેલા બચ્છ ગામના ગોરવા ક્ષત્રિય હતા. તેઓ દિલ્હીમાં સિપાઈગીરી કરતાં-કરતાં એક પઠાણના સંગથી મુસલમાન બની ગયા હતા. તેથી તેમના દીકરાનું નામ અલીખાન પાડેલું.

અલીખાન ૨૫ વર્ષના થયા ત્યારે તેમના પિતાનું મૃત્યુ થયું. તેઓ સરકારી નોકરીએ વળગ્યા. તેમને સંતાનમાં એક દીકરી હતી. દિલ્હીના બાદશાહે અલીખાનને વ્રજના મહાવન પરગણાની જાગીર સોંપી. અલીખાનને મહાવનમાં રહેતા વૈષ્ણવોનો પાડોશ મળ્યો. આથી તેમને અને તેમની દીકરીને લૌકિકમાંથી આસક્તિ ઘટવા લાગી અને મન પ્રભુમાં લાગવા માંડ્યું.

તેમને વ્રજમાં ફરતાં ફરતાં ભાવ જાગ્યો કે વ્રજનું એક એક વૃક્ષ અલૌકિક છે. તેમાં પ્રભુનો નિવાસ છે. તેથી તેમણે વૃક્ષોનું એક પણ

પાન ન તોડવાનો ઢંઢેરો પિટાવ્યો હતો. આવા અલીખાન અને તેમની દીકરી શ્રીગુસાંઈજીનાં સેવક થવા ગોકુળ આવ્યાં.

શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'તમે દરરોજ બપોરે કથા સાંભળવા આવજો.'

તેઓ નિયમિત રીતે કથા સાંભળવા આવે. સૌ વૈષ્ણવોથી દૂર પાછલા ભાગમાં દીનતાપૂર્વક બેસે અને એકાગ્રતાથી કથા સાંભળે.

તેમને એક દિવસ આવતાં મોડું થયું. શ્રીગુસાંઈજી તેમની રાહ જોવા લાગ્યા. તેઓ આવ્યા પછી શ્રીગુસાંઈજીએ કથા કહેવાની શરૂઆત કરી. આથી થોડાક વૈષ્ણવોના મનમાં એવો વિચાર આવ્યો કે, અલીખાન મુસલમાન છે, એમનામાં એવું તે શું છે કે શ્રીગુસાંઈજી તેમની રાહ જુએ છે?

આથી બીજા દિવસે કથા સાંભળવા આવેલા વૈષ્ણવોને શ્રીગુસાંઈજીએ કહ્યું : 'કાલે પોથીમાં નિશાની મૂકવી રહી ગઈ છે. તમારામાંથી કોઈ કહેશો કે કાલે કથામાં કયો પ્રસંગ આવ્યો હતો?'

સૌ વૈષ્ણવો શરમથી નીચું જોઈ ગયા. છેવટે અલીખાન અને પીરજાદીએ ઊભા થઈ, હાથ જોડી કહ્યું : 'મહારાજ! આજ્ઞા કરો તો ગઈ કાલનો પ્રસંગ કહીએ અને જો વિશેષ આજ્ઞા કરો તો અમે જે દિવસથી કથા સાંભળવા આવીએ છીએ ત્યારથી માંડીને ગઈ કાલ સુધીના પ્રસંગો કહીએ.'

'અલીખાન અને પીરજાદીની આ વાત સાંભળી શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થયા. તેમણે વૈષ્ણવોને આજ્ઞા કરી : વૈષ્ણવો, આનું નામ કથાશ્રવણ. કથાશ્રવણમાં આવી પ્રીતિ હોય તો જ સાંભળેલી કથા હૃદયમાં કોતરાઈ જાય.'

'કથાશ્રવણમાં આસક્તિ તે આનું નામ' જિગરે પોતાની વાત પૂર્ણ કરી.

'આ અલીખાન-પીરજાદી આપણને કથા શ્રવણ કેવી રીતે કરવું તે સરસ રીતે સમજાવે છે.' પ્રકાશે કહ્યું.

'પ્રકાશભાઈ, આજે તમે પણ એકાદ પ્રસંગ કહો' સૌએ આગ્રહ કર્યો.

'ભલે ભલે, ભગવદ્ વાર્તા સાંભળવામાં અત્યંત આસક્તિ ધરાવનારા વૈષ્ણવોની તો બલિહારી છે. એવા વૈષ્ણવોનું સ્મરણ કરવાથી, એમની કૃપાથી આપણી પણ સત્સંગમાં રુચિ વધે છે.' પ્રકાશે શરૂ કર્યું.

'અમદાવાદમાં અસારવામાં શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર સેવક ભાઈલા કોઠારી રહેતા હતા. આજે પણ તે સ્થળે શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલનાથજીની બેઠક છે. ભાઈલા કોઠારીના પડોશમાં બે વણિક વૈષ્ણવો રહેતા હતા. તેઓ દરરોજ રાત્રે ભાઈલા કોઠારીને ત્યાં ભગવદ્વાર્તા સાંભળવા જાય. ભગવદ્વાર્તા સાંભળી, ઘેર આવી, બંને ઓટલે બેસી તેનું મનન કરે. એક વૈષ્ણવ સાંભળેલી કથા ફરીથી કહે, જ્યારે બીજા વૈષ્ણવ તે કથા એકચિત્તથી સાંભળે. આમ ઘણા દિવસો વીત્યા.'

'બંનેએ વિચાર કર્યો, આપણે નોકરી કે વેપાર કરતા નથી. અહીં રહીએ કે ગોકુલમાં રહીએ, બંને આપણા માટે સરખું છે. તો ચાલો, ગોકુલવાસ કરીએ. બંને વૈષ્ણવો તેમનાં પત્ની સાથે ગોકુળ આવ્યા. તેમણે તેમનાં પત્નીને કહ્યું : 'તમે થોડા દિવસ શ્રીઠાકોરજીને સાચવજો, અમે વ્રજમાં વનના એકાંત ખૂણે બેસી, થોડો સત્સંગ કરીએ.'

'તેઓ એક વનમાં એકાંત સ્થાન જોઈ સત્સંગ માટે બેઠા. લગાતાર ૪૦ દિવસ સુધી, જલપાન પણ કર્યા વિના ભગવદ્ વાર્તા કરતા રહ્યા. એક વૈષ્ણવ જે વક્તા હતા તે ભગવદ્વાર્તા કહે. બીજા વૈષ્ણવ જે શ્રોતા હતા તે સાંભળે. તે વનમાં ગાયો ચરાવતા ગ્વાલોએ તેમને મહાત્મા જાણી રોજ દૂધ આપવા માંડ્યું. ત્યારે તે બંને વૈષ્ણવ મનથી પ્રભુને ભોગ ધરી, તે દૂધ લેતા. આમ, સતત છ મહિના સુધી તેમણે ભગવદ્ વાર્તા કરી. છ મહિના પછી બંનેના દેહ એક સાથે છૂટી ગયા. તેમના નિર્જીવ શરીરનું જીવજંતુઓ ભક્ષણ કરી ગયાં. સાત-આઠ મહિના વીતી ગયા, પછી તેમનાં પત્ની તેમને શોધવા નીકળ્યાં.'

'તેઓ જ્યાં ભગવદ્ વાર્તા કરવા બેઠા હતા ત્યાં તેમનાં હાડકાં મળી આવ્યાં. આમાં કયાં હાડકાં કોનાં હશે તે નક્કી કરવું અઘરું હતું. ત્યારે શ્રોતા વૈષ્ણવનાં પત્નીએ કહ્યું : 'મારાં પતિનાં હાડકાં ઓળખાશે, કારણ કે તેઓ શ્રોતા રહ્યા હતા. તેથી ભગવદ્વાર્તાનો રસ તેમના હાડકાંની આરપાર નીકળી જવાથી હાડકાંમાં કાણાં પડેલાં હશે.' આમ શ્રોતા વૈષ્ણવનાં પત્નીએ કાણાં પડેલાં હાડકાં અલગ વીણ્યાં અને પછી બંને જણે તેમના પતિના હાડકાંનો અગ્નિસંસ્કાર કર્યો.'

'પ્રકાશભાઈ મને એક પ્રશ્ન થાય છે કે આટલા બધા દિવસો સુધી આ ભગવદીયોએ ભગવદ્ વાર્તા કરી હશે તો શું તેમને ભૂખ-તરસ-નિદ્રા વગેરે દેહધર્મો નડ્યા નહિ હોય?' કુશલે પૂછ્યું.

'આ વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજીએ સમજાવ્યું છે કે જેમ આપણા ઘરમાં બિરાજતું ભગવદ્ સ્વરૂપ સાક્ષાત્ સ્વરૂપાત્મક છે, તેમ ભગવદ્વાર્તા પણ સ્વરૂપાત્મક છે. પ્રભુનાં અલૌકિક દર્શન થતાં શરીરના દૈહિક ધર્મો પીડા કરનારા રહેતા નથી, પરિણામે દેહના બધા અધ્યાસો છૂટી જાય છે. તે જ રીતે ભગવદ્વાર્તા સ્વરૂપાત્મક હોવાથી જે તેને પ્રેમથી હૃદયમાં ધારણ કરે છે. તેના દેહના બધા અધ્યાસો છૂટી જાય છે. આથી તેને ભૂખ-તરસ-નિદ્રા થાક વગેરે દૈહિક ધર્મો પીડા કરતા નથી.' હર્ષદભાઈએ કુશલના પ્રશ્નનો સુંદર જવાબ આપ્યો.

'હર્ષદભાઈ, તમારી આ વાત તો સમજાઈ. પરંતુ આ રીતે દિવસો સુધી ભગવદ્વાર્તા કરનારને ફળ શું મળે?' જિગરે પૂછ્યું.

'જોયુંને, પ્રભુની વાર્તા સાંભળીને પણ ફળ મેળવવું છે. જાણે લાભ ન થતો હોય એવું કશું કરવાની તૈયારી જ નથી!'

'એવું નથી. હું તો જાણવા ખાતર પૂછું છું.'

'બહેન, ભગવદ્વાર્તાનું લૌકિક અને અલૌકિક બંને ફળ અત્યંત કીમતી છે. પેલા કણબી વૈષ્ણવની વાર્તા તમે વાંચી હશે. એમણે કથામાં કીર્તન કરતી વખતે આપેલા પાંચ તાલના ફળથી પ્રેતનો ઉદ્ધાર થયો હતો. આ તો લૌકિક ફળ થયું; પરંતુ આપણે પ્રેમ અને દીનતાથી નિત્ય

ભગવદ્‌વાર્તા કરીએ તો તેનું અલૌકિક ફળ જરૂર મળે. પ્રભુની કૃપા થાય પ્રભુમાં પ્રીતિ વધે, પ્રભુનાં કીર્તન - સ્મરણમાં પ્રેમ જાગે.' હર્ષદભાઈએ સમજાવ્યું.

'હર્ષદભાઈ, હું મારા મહેમાનોને સત્સંગ - ભગવદ્‌વાર્તા વગેરે થતાં હોય ત્યાં શા માટે જવું તે પ્રશ્નનો જવાબ આપી શકી ન હતી. પરંતુ આજની આપણી ચર્ચા પછી હું કોઈને પણ આ બાબત જરૂર સમજાવી શકીશ.' નિયતિએ ખુશ થતાં કહ્યું.

'આજે ઘણો સમય થઈ ગયો છે, છતાં આપણે 'નિરોધલક્ષણ' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ વ્યક્ત કરેલી એક ઇચ્છાને યાદ કરી લઈએ.'

'ભલે, ભલે. કહો હર્ષદભાઈ.' સૌએ સંમતિ આપી.

'શ્રીમહાપ્રભુજીએ કહ્યું છેઃ શ્રીઠાકોરજી મથુરા પધાર્યા પછી એક દિવસ ઉદ્ધવજી વ્રજમાં આવ્યા. ઉદ્ધવજી સાથે વ્રજભક્તોએ પ્રભુની લીલાના ગુણાનુવાદ ગાયા. એ ગુણાનુવાદ ગાવાનો જે મહાન ઉત્સવ ગોકુળમાં અને વૃંદાવનમાં થયો તેવો ભગવદ્‌ ગુણાનુવાદનો મહાન ઉત્સવ મારા મનમાં પણ ક્યારેક થાય તો કેવું!'

'વાહ! શ્રીમહાપ્રભુજી પણ પ્રભુનાં ગુણગાન ગાવા માટે કેવી આતુરતા બતાવે છે!'

શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણે સૌ પણ આપણા આ નિત્યના અને રવિવારના સત્સંગના કાર્યક્રમને ભગવદ્‌ગુણાનુવાદના મહાન ઉત્સવ જેવો બનાવીએ, નિત્ય પ્રભુનાં સેવા-સ્મરણ કરીએ અને તેમાં આસક્ત બનીએ એ શુભ સંકલ્પ સાથે આશ્રય પદનું ગાન કરીએ.

■